Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૫ ● અંક : ૦૬
તા.૧૦-૦૨-૨૦૧૯, રવિવાર
સંવત ૨૦૭૫ મહા સુદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૮ સૂર્યાસ્ત : ૦૬:૩૧

તાપમાન
ડીસા ૦૬.૪ | વડોદરા ૧૧.૬
અમદાવાદ ૦૯.૪ | સુરત ૧૩.૧
ગાંધીનગર ૦૮.૫ | નલિયા ૦૭.૪

ચાંદી : ૪૦,૦૦૦ સોનું : ૩૩,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# રાજસ્થાનમાં ગુર્જર આંદોલનથી ટ્રેન સેવા પ્રભાવિત

## અનેક ટ્રેનોને રદ કરવા અને ઘણી ટ્રેનોના માર્ગ બદલવાની ફરજ પડી : ગુર્જર સમુદાયના લોકો દ્વારા રેલવે ટ્રેક ઉપર ધરણા પ્રદર્શન જારી : અત્યાર સુધીમાં ૧૪થી વધુ ટ્રેનો રદ કરાઈ : વાતચીત માટે રાજસ્થાન સરકાર તૈયાર

જયપુર

રાજસ્થાનમાં બીજા દિવસે પણ ગુર્જર આંદોલન જારી રહેતા તેની માઠી અસર ટ્રેન સેવા પર થઇ છે. શ્રેણીબદ્ધ ટ્રેનોને રદ કરવામાં આવી હતી. દેખાવકારો રેલવે ટ્રેક પર ગોઠવાઇ ગયા હતા. ગુર્જર નેતા કિરોડી સિંહ બેનસલા પોતાના સમર્થકોની સાથે રાજસ્થાનના સવાઇ માધોપુર જિલ્લામાં ટ્રેનના પાટા પર બેઠા છે. તેમણે કહ્યુ હતુ કે ગુર્જર સમુદાયની માંગને પૂર્ણ કરવાની બાબત વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યપ્રધાન અશોક ગહેલોત માટે વધારે મુશ્કેલ નથી. બેનસલાએ આ વખતે થઇ રહેલા આંદોલનને આરપારની લડાઇ તરીકે ગણાવીને તેની ટિકા કરી છે. ટ્રેક પર જારી પ્રદર્શનના કારણે




અનેક ટ્રેનોની સેવાને માઠી અસર થઇ છે. તેમણે કહ્યુ હતુ કે અમારી પાસે સારા વડાપ્રધાન અને મુખ્યપ્રધાન છે. અમે ઇચ્છીએ છીએ કે ગુર્જર સમુદાયની માંગને પૂર્ણ કરવામાં આવે. તેમની માટે અનામત માટેની માંગ પૂર્ણ કરવાની માંગ અયોગ્ય નથી. રાજ્ય સરકાર તેમના વચનને વે પાળે તે જરૂરી છે. પ્રદર્શનના કારણે પશ્ચિમી મધ્ય રેલવેના કોટા ડિવીઝનની સાત ટ્રેનોના રૂટ બદલી નાંખવામાં આવ્યા છે. એક ટ્રેન રદ કરી દેવામાં આવી છે. કેટલીક ટ્રેનોને અડવચ્ચે સુધી ચાલુ રાખવામાં આવી છે. કોટા ડીઆરએમ દ્વારા ટ્વીટ કરીને કહેવામાં આવ્યુ છે કે કેટલીક ટ્રેનોના રૂટ બદલી દેવામાં આવ્યા છે. દરમિયાન ગુર્જર આંદોલનને ધ્યાનમાં લઇને મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોંગ્રેસના સુત્રોએ કહ્યુ છે કે ગુર્જર નેતાઓની સાથે વાતચીત કરવા માટે એક સમિતીની રચના કરવામાં આવી છે.ગુર્જરોનુ આંદોલન છેલ્લા ૧૪ વર્ષથી ચાલી રહ્યુ છે. આજે ફરી આંદોલને ગતિ પકડી લીધી છે. શુક્રવારના દિવસે તીવ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યા બાદ આજે પણ દેખાવો જારી રહ્યા હતા. મળેલી માહિતી મુજબ હજુ સુધી ૧૪ ટ્રેનોને રદ કરવામાં આવી ચુકી છે. ૨૦થી વધુ ટ્રેનોના માર્ગ બદલી દેવામાં આવ્યા છે.

## ડીસા સહિત ગુજરાતભરમાં કાતિલ ઠંડી : જનજીવન ઠપ

અમદાવાદ

અમદાવાદ સહિત ગુ-જરાતભરમાં કોલ્ડવેવની સ્થિતિ વચ્ચે કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. અમદાવાદ અને રાજયના મોટાભાગના વિસ્તારોમાં પારો ગગડી ગયો છે. અમદાવાદમાં પણ પારો ગગડીને ૮.૧ સુધી નીચે પહોંચી ગયો છે જ્યારે નલિયામાં તો પારો ૫.૮ સુધી એકદમ નીચે પહોંચી ગયો છે. ડિસામાં ૬.૬ અને ગાંધીનગરમાં ૬.૪ ડિગ્રી પારો નોંધાયો છે. કોલ્ડવેવની સ્થિતિ અકબંધ રહેવાના સંકેત મળી રહ્યા છે. સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ ઉત્તર ગુજરાતમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. જનજીવન પણ ખોરવાઈ ગયું છે. તીવ્ર ઠંડીના લીધે રાત્રિ ગાળામાં રસ્તાઓ પણ સુમસામ બની ગયા છે. કોલ્ડવેવની સ્થિતિ હાલમાં યથાવત રહેશે. આજે જે વિસ્તારમાં પારો ૧૦થી પણ નીચે પહોંચી ગયો હતો તેમાં વડોદરા, વલસાડ, સુરેન્દ્રનગર, નલિયા, કંડલા પોર્ટ, કંડલા એરપોર્ટનો પણ સમાવેશ થાય છે. લોકો ગરમવસ્ત્રોમાં સજ્જ થઇ ગયા છે. હવામાન વિભાગ તરફથી પણ કોલ્ડવેવની ચેતવણી જારી કરાઈ છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરાખંડમાં ભારે હિમવર્ષા જારી રહી છે જેના કારણે એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં એક બાજુ હિમવર્ષાની મજા માણવામાં આવી રહી છે પરંતુ રાજમાર્ગો ઉપર યાત્રી વાહનો અને ટ્રકોની લાંબી લાઇનો લાગી ગઈ છે. કારણ કે, ભારે હિમવર્ષાના કારણે જમ્મુ કાશ્મીરના મુખ્ય માર્ગોને બંધ કરવાની ફરજ પડી છે.

## નોર્થ-ઇસ્ટને ઝડપથી વિકસિત કરાશે : મોદી

ઈટાનગર

આગામી લોકસભાની ચૂંટણીથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસના નોર્થ ઈસ્ટ પ્રવાસ ઉપર આજે પહોંચ્યા હતા. આ સંબંધમાં તેઓ અરુણાચલ પ્રદેશ પહોંચ્યા હતા જ્યા અનેક વિકાસ યોજનાઓના શિલાન્યાસ અને લોકાર્પણ કાર્યક્રમોમાં જોડાયા હતા. મોદીએ ઈટાનગરમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટની આધારશીલા મુકી હતી. આ પ્રસંગે જનસભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે, અરુણાચલમાં એક સાથે બે એરપોર્ટનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવી રહ્યું છે. મોદીએ લોહિત



જિલ્લામાં રેટ્રોફિટેડ એરપોર્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. સામાન્ય બજેટનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ખેડૂતો માટે સન્માનનિધિ યોજના જાહેર કરાઈ છે જેના ભાગરુપે નાના ખેડૂતો જેમની પાસે ૫ એકરથી ઓછી જમીન છે તેમને ૬૦૦૦ રૂપિયા કેન્દ્ર સરકાર આપશે. દર ત્રીજા મહિનામાં બે-બે હજાર રૂપિયા જમા કરવામાં આવશે. નોર્થઈસ્ટનો ઝડપથી વિકાસ કરવામાં આવી રહ્યો છે. કનેક્ટીવીટીમાં સુધારો કરવામાં આવી રહ્યો છે. ન્યુ ઈન્ડિયા એજ વખતે સંપૂર્ણરીતે સક્ષમ થશે જ્યારે પૂર્વીય ભારત, નોર્થઈસ્ટનો પણ વિકાસ થશે. મોદીએ પોતાની તમામ યોજનાઓની વાત કરી હતી અને કહ્યું હતું કે, સૌભાગ્ય યોજના હેઠળ દેશમાં ૨.૫ પરિવારોના ઘરમાં વિજળી પહોંચી ચુકી છે. અરુણાચલના વિકાસ માટે સરકાર કટિબદ્ધ છે. વડાપ્રધાન મોદી આજે અરુણાચલ પ્રદેશમાં ૪૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવા અને શિલાન્યાસ કરવા પહોંચ્યા હતા.

## મહાકુંભમાં આજે કરોડો શ્રદ્ધાળુઓ વસંત પંચમીનું શાહી સ્નાન કરશે

પ્રયાગરાજ

પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભ મેળામાં આવતીકાલે ૧૦મી ફેબ્રુઆરીના દિવસે વસંત પંચમીના દિવસે કરોડો શ્રદ્ધાળુઓ પવિત્ર ડુબકી લગાવવા માટે ઉત્સુક છે. અભૂતપૂર્વ ધસારો શ્રદ્ધાળુઓમાં જોવા મળી રહ્યો છે. આવતીકાલે વસંત પંચમીના દિવસે ત્રીજા શાહી સ્નાનને લઈને સાધુ સંતો તેમજ અન્ય લોકોમાં ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. જુદા જુદા અખાડાના સાધુ સંતો સહિત લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પ્રયાગરાજ પહોંચી ચુક્યા છે. ત્રીજા શાહી સ્નાનને લઈને વહીવટીતંત્ર દ્વારા પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. પ્રયાગરાજમાં આ વખતે ભવ્ય આયોજનની ચારેબાજુ પ્રશંસા કરવામાં આવી રહી છે. દેશના જુદા જુદા ભાગોમાંથી પહોંચેલા શ્રદ્ધાળુઓ ભારે પ્રભાવિત થયા છે. ત્રીજા શાહી સ્નાનમાં કરોડો લોકો ઉમટી પડે તેમ માનવામાં આવે છે. મોની અમાસના દિવસે જ સૌથી વધુ સંખ્યામાં શ્રદ્ધાળુઓ બીજા શાહી સ્નાનના દિવસે પહોંચ્યા હતા. આવતીકાલના શાહી સ્નાનને લઈને જુદા જુદા ઘાટ ઉપર અભૂતપૂર્વ તૈયારી કરી લેવામાં આવી છે.

## વિચાર વૈભવ...

### માતૃવત્ પરદારાણિ પરદંવ્યાણિ લોષ્ટવત્

આત્મવત્ સર્વ ભૂતાનિ યઃ પશ્યતિ સઃ પશ્યતિ

'જે પર સ્ત્રીને માતા સમાન, પર દ્રવ્યને માટી સમાન અને પ્રાણી માત્રને જે આત્મવત જુએ છે તે જ પુરુષ સાચો દ્રષ્ટિ વાન કહેવાય.'

આજના જમાનામાં માનવીની દૃષ્ટિમાં જ પાપનો વાસ છે. કુટુંબીજન હોય છતાં કોઈની શાંતિ-સુખ-સમૃધ્ધિ જેનાથી 'જોઈ' ન શકાય તેવી વ્યક્તિની આંખમાં નજર નહીં પાપ છે.

આવી પાપ ભરી દૃષ્ટિવાળા કોઈ જ સંબંધને પવિત્ર નજરે જોઈ નથી શકતા પર સ્ત્રીને માતૃત્વ જોનારની દૃષ્ટિ જ પવિત્ર કહેવાય.

પર દ્રવ્ય, ધન-સમૃધ્ધિ જોઈને પણ સુખ શાંતિ આનંદ અનુભવે એની આંખ પવિત્ર છે.

દોસ્ત હોય કે દુશ્મન પોતાના જાતિ-ધર્મનો ન હોવા છતાં-માનવ માત્ર પ્રત્યે સદ્ભાવ અને કરૂણાભરી દૃષ્ટિ હોય તે જ દૃષ્ટિ વાન છે.

આમ આપણને આંખની જગ્યાએ આંખ તો મળી છે અને તેના વડે આપણે જોઈ પણ શકીએ છીએ જો આપણી નજરમાં પાપ હોય કે ઈર્ષા હોય તો એ પાપની ખીણમાં પડે છે, એટલે કે એ દેખતો હોવા છતાં અંધ જ કહેવાય. ચારિત્ર્ય વાન, નિષ્ઠાવન અને પ્રાણી માત્રને 'પૂજ્ય' સમજનાર સાચો દૃષ્ટિવંત કહેવાય.

- સુરેશ પ્રા. ભટ્ટ

## સાર સમાચાર...

### ભારે હિમવર્ષા વચ્ચે જમ્મુ કાશ્મીર ઠંડુગાર બની ગયું

નવી દિલ્હી

જમ્મુ કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલમાં હિમવર્ષા જારી રહેતા જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. ચારેબાજુ બરફ જોવા મળે છે. ભારે હિમવર્ષાના પરિણામ સ્વરૂપે બરફની મોટી થર ચારેબાજુ જામી ગઈ છે. ગાડીઓ અને મકાનો ઉપર પણ બરફની થર જામી ગઈ છે. બરફને દૂર કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ ઉત્તર ભારત પણ કાતિલ ઠંડીના સકંજામાં છે. હિમાચલ અને ઉત્તરાખંડમાં પણ હિમવર્ષા થઈ છે. હવામાન વિભાગના કહેવા મુજબ શ્રીનગરમાં પારો માઈનસ ૫.૭ ડિગ્રી થયો છે જ્યારે શ્રનગરમાં હાલત કફોડી બનેલી છે. સામાન્ય કરતા પાંચ ડિગ્રી નીચે સુધી પારો પહોંચી ગયો છે. ઉત્તર કાશ્મીરના સ્કી રિસોર્ટ ગણાતા ગુલમર્ગમાં પારો માઈનસ ૧૪.૪ અને પહેલગામમાં માઈનસ ૧૨.૭ ડિગ્રી સુધી પારો પહોંચ્યો છે. કુપવારમાં માઈનસ ૭.૪ પારો રહ્યો છે. હિમાચલ અને ઉત્તરાખંડના વિવિધ ભાગોમાં પણ આવી જ સ્થિતિ રહેલી છે. ભારે હિમવર્ષાના કારણે બરફ જામી જતાં રાજમાર્ગો ઉપર પણ હાલત કફોડી બનેલી છે. ખીણમાં રસ્તાઓ ઉપર બરફ જામી ગઈ છે.

## કોંગ્રેસની આગામી કારોબારી બેઠક ગુજરાતમાં મળશે

અમદાવાદ

લોકસભા ૨૦૧૯ની મહત્વની અને પ્રતિષ્ઠાભરી ચૂંટણીને લઇ આજે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ દેશના તમામ રાજયોના કોંગ્રેસના પ્રદેશ પ્રમુખો અને વિપક્ષના નેતાઓ સહિતના કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ સાથે નવી દિલ્હી ખાતે ખૂબ જ અગત્યની બેઠક યોજી હતી અને લોકસભાની ચૂંટણીને લઇ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા વિચારણા હાથ ધરી જરૂરી સૂચનાઓ જારી કરી હતી. આ બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી પણ ખાસ હાજર રહ્યા હતા. લોકસભાની ચૂંટણીને લઇ આ વખતે કોંગ્રેસ વર્કીંગ કમીટીની બેઠક ગુજરાતમાં રાખવા અંગેની તેમની માંગણી કોંગી હાઇકમાન્ડે ગ્રાહ્ય રાખી હતી. જેને પગલે કોંગ્રેસની આગામી વર્કીંગ કમીટીની બેઠક ગુજરાતમાં યોજાશે, જેને લઇ ગુજરાત કોંગ્રેસમાં ભારે ઉત્સાહ અને નવા જોમનો સંચાર થયો છે. તો, ગુ-જરાતમાં આજે કોંગ્રેસની ચૂંટણી ઢંઢેરા સમિતિ અને કેમ્પેઇન કમીટીની બેઠકો મળી હતી. ચૂંટણી ઢંઢેરાની સમિતિની બેઠક ચેરમેન મધુસૂદન મિસ્ત્રીની અધ્યક્ષતામાં યોજાઇ હતી. જેમાં લોકસભાની ચૂંટણીને લઇ કેન્દ્ર સરકાર ગુજરાત માટે શું કરી શકે એમ છે અને ગુ-જરાતમાં પ્રજાજોની શિક્ષણ, રોજગાર, પીવાના પાણી, આરોગ્ય વિષયક, ખેડૂતો, આદિવાસીઓ, લઘુઉદ્યોગ સહિતના અનેક વિધ મુદ્દે શું વ્યથા અને માંગણી છે.

### શારદા કૌભાંડ : કોલકાતા પોલીસ કમિશનર રાજીવની પુછપરછ થઇ

શિલોંગ

શારદા ચિટ ફંડ કૌભાંડના મામલામાં કોલકાતાના પોલીસ કમિશનર રાજીવકુમાર સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આજે આખરે સીબીઆઈની ઓફિસમાં હાજર થયા હતા. ત્યારબાદ તેમની આકરી પુછપરછનો સિલસિલો શરૂ થયો હતો. રવિવારના દિવસે પણ પુછપરછ જારી રહે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

## યુપી-ઉત્તરાખંડ લઠ્ઠાકાંડમાં મોતનો આંકડો વધીને ૫૦

સહારનપુર

ઉત્તરપ્રદેશના સહારનપુરમાં ઝેરી શરાબ પીવાના કારણે મૃત્યુ પામનાર લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ સંખ્યા વધીને હવે એકલા ઉત્તરપ્રદેશમાં ૩૬ ઉપર પહોંચી ચુકી છે. શુક્રવારના દિવસે વહીવટીતંત્ર દ્વારા ૨૦ના મોતને સમર્થન આપ્યું હતું. હજુ પણ મોટી સંખ્યામાં લોકો સારવાર હેઠળ છે અને ઘણાની હાલત ગંભીર છે. ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં મોતનો આંકડો લઠ્ઠાકાંડના કારણે ૫૦થી પણ ઉપર પહોંચી ગયો છે. હજુ પણ ૬૨ લોકોની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બીજી બાજુ આક્રમક કાર્યવાહીનો સિલસિલો જારી રાખવામાં આવ્યો છે.

પ્રથમ વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.ત્રીભોવનભાઈ (તરૂણભાઈ) સવાજી ગેલોત
સ્વ.તા.૧૦/૦૨/૨૦૧૮

જીવન એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખથી કદી હાર્યા નહી, સુખથી કદી છલકાયા નહી, ધર્મ કદી ભુલ્યા નહી, સુખ દુઃખમાં સદાય હસતાં રહ્યા, દિલ માનતું નથી કે તમે હયાત નથી, પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
ગૌરાંગ ત્રીભોવનભાઈ ગેલોત (પુત્ર) | પ્રવિણભાઈ સવાજી (ભાઈ)
ગણપતલાલ સવાજી ગેલોત (ભાઈ) | દિનેશભાઈ સવાજી (ભાઈ)
ફર્મ : પવન કોલ્ડ સ્ટોરેજ (ડીસા)
તથા સમસ્ત ગેલોત પરિવાર, ડીસા-માલગઢ

THE SCHOOL OF SCIENCE
Mansarovar Road, PALANPUR (Ph. 02742-257677)
SINCE 2010
11 th & 12 th Science, Gujarati Medium

Team SOS આવે છે આપના ઘર આંગણે
તારીખ : 17-02-2019 (રવિવાર)

ધોરણ-10 અને 11 (Science)માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને મુંઝવતા પ્રશ્નોના સમાધાન માટે એક અભ્યાસલક્ષી
સેમિનાર ડીસા અને ધાનેરા ખાતે

:: સેમિનારના મહત્વના મુદ્દા ::
→ NEET/JEE/AIIMS માટે તૈયારીની Pattern
→ NEET/JEE/AIIMS કેવી રીતે Crack કરી શકાય
→ NTA વિશે અગત્યની માહિતી

ડીસા
સમય: સવારે 10:00 થી 11:30
સ્થળ : હોટેલ સીટી પ્લાઝા રેસીડેન્સી, સ્પોર્ટસ કલબની બાજુમાં,ગાયત્રી મંદિર રોડ, ડીસા

ધાનેરા
સમય : બપોરે 03:00 થી 04 :30
સ્થળ : ગાયત્રી મંદિર, સ્ટેશન રોડ, ધાનેરા

આ ઉપરાંત એવા ઘણાં HOT TOPIC જે તમારી EXAM માં Score ઊંચે લઇ જવા મદદરૂપ નીવડશે.

નોંધ: ચાલુ વર્ષે ધોરણ-10 અને 11 (Science) માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે ઉપરોક્ત સેમિનાર નિઃશુલ્ક છે.

સેમિનાર માટે Registration કરાવવું જરૂરી છે.
મનીષ મેવાડા 9428304586 | ભાવેશ પટેલ 8485912719 | હાર્દિક ત્રિવેદી 9429480486
ગિરીશ અમીન - 94286 52707 કે.ટી. ઠક્કર - 94288 47191

**સૂર્યોદય - ૭.૧૮ સૂર્યાસ્ત -૬.૩૧**

## તિથિદર્શન

મહા સુદ ૫ રવિવાર ૨૦૭૫




વિક્રમ સંવત : ૨૦૭૫, શા.શકે-૧૯૪૦,નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈનસંવત ૨૫૪૫ મહા સુદ:પાંચમ રવિવાર નક્ષત્ર:ભરણી રાત્રે ૧૦.૨૧ પછી કૃતીકા યોગ :શુકલ કરણ:વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ.લ.ઈ.) રાત્રે ૨૮.૧૭ પછી વૃષભ (બ.વ.ઉ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

### કિં ક્રૂરં સ્ત્રી હૃદયં કિં ગૃહિણઃપ્રિય હિતાય દારગુણાઃ કઃ કામઃ સંકલ્પઃ કિં દુષ્કર સાધનં પ્રજ્ઞા

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો આ શ્લોક પ્રશ્નોત્તરી સ્વરૂપે છેઃ

પ્ર- આ જગતમાં સૌથી ક્રૂર શું છે?

ઉ- સ્ત્રીનું હૃદય.

પ્ર- ગૃહસ્થ- સંસારીજનને સૌથી પ્રિય અને હિતકર સાથે આનંદદાયક શું છે?

ઉ- પોતાની પ્રિય પત્નીના સદ્‌ગુણો.

પ્ર- કામ- કામના -ઉત્કટ ઈચ્છા કોને ગણી શકાય?

ઉ- મનમાં નિશ્ચયપૂર્વક જાગેલા સંકલ્પને.

પ્ર- ખૂબ પ્રયત્ન પછી, મુશ્કેલીથી પ્રાપ્ત થઈ શકે એવું સાધન કયું?

ઉ- સાચી બુદ્ધિ- સત્ય- નિષ્ઠાપૂર્વકની નિર્ણયશક્તિ.

સ્ત્રી જેટલી કોમળ- નાજુક દેખાય છે એટલું જ કઠોર- સખત એનું હૃદય હોય છે. દુઃખ, આપત્તિ, આઘાત એ પુરુષ કરતાં પણ વિશેષ સહન કરી શકે અને એ ધારે તો વજ્રથી પણ વધારે કઠોરતા સાથે આઘાત આપનારી પણ થઈ શકે છે.

સ્ત્રી (પત્ની) જો સદ્‌ગુણી- અનુકૂલન સાધનારી- સહનશીલ અને વિનય - વિવેક સાથે પ્રેમાળ હોય તો પતિને 'સ્વર્ગ' સંપન્ન થયું હોય એમ લાગે છે.

નિશ્ચિત 'સંકલ્પ' પર મક્કમ રહેવાથી જ જિંદગી નિયમિત - જીવન જીવવા લાયક આનંદમાં ઉત્સાહિત રહે છે. પૈસાથી બધું મળે પણ પ્રેમ અને બુદ્ધિ મળતાં નથી.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્‌ભવે.**

**વૃષભ : (બ.વ.ઉ.)જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠિન બનૈ..**

**મિથુન : (ક.છ.ઘ.)આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યોમાં સફળતા મળે..**

**કર્ક : (ડ.હ.)મનની મુરાદ પૂરી થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.**

**સિંહ : (મ.ટ.)લાભની નવિન તક સાંપડે. વડીલ વર્ગથી લાભ મળે.**

**કન્યા : (પ.ઠ.ણ.)કાર્યબોજમાં વધારો થાય. દરેક કાર્યમાં સાવચેતી રાખવી હિતાવહ.**

**તુલા : (ર.ત.)માનસિક ચિંતા હળવી બને. સમસ્યાનો ઉકેલ મળે.**

**વૃશ્ચિક : (ન.ય.)સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. પ્રવાસથી લાભ.**

**ધન : (ભ.ફ.ધ.)આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો હિતાવહ.**

**મકર : (ખ.જ.)અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.**

**કુંભ : (ગ.શ.સ.)નાણાંકીય ભીડ અનુભવાય. ભાઇ-બહેન સાથે વાક્ય યુદ્ધ થાય.**

**મીન : (દ.ચ.જ.થ.)મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

અત્યંત તેજસ્વી અને ઉજ્જવળ કારકિર્દી અને આડંબરરહિત મૂક દેશસેવાથી ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર શ્ર ગોપાલ સ્વામી આયંગરની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા. ૩૧-૩-૧૮૮૨ ના રોજ થયો હતો. મદ્રાસ સરકારના જુદા જુદા ખાતાઓમાં તેમણે બજાવેલી સેવાઓમાં પંચાયત યોજનાની તેમની કામગીરી અત્યંત નોધપાત્ર છે. પંડિત નેહરૂજીના પ્રધાનમંડળમાં પ્રથમ વાહનવ્યવહાર ખાતાની અને પછી સંરક્ષણ ખાતાની જવાબદારી પણ તેમણે કુનેહ પૂર્વક અદા કરી હતી. આ નિષ્ઠાવાન દેશભકતનું તા. ૧૦-૨-૧૯૫૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**સુરત ઓફીસઃ-** ૐકાર કન્સલટન્સી

દુ.નં.૧, ગ્રાઉન્ડ ફલોર, હેમાલી બીલ્ડીંગ, ખાન સાહેબનો ડેલો, મહીધરપુરા, સુરત. મો.૬૩૫૬૫૫૫૧૦૮

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# મા ચેહરનું પ્રાગટ્ય

દંતકથા, લોકકથા, રેગડી, બુર્જગોના કથનો આધારીત તેમજ મા ચેહર ધામ પીપળજ, તા. જી. ગાંધીનગરના મંદિરના પરિસરના ચિત્રાંકિત ઘટના પ્રસંગો આધારીત માત્ર દંતકથા જ છે.

જગતજનની મા ચેહરનું મૂળ નામ ચેહુબા હતુ અને જેઓ રાજપૂત દરબાર કુળમાં ગુજરાતની સરહદના હાલડી નગરમાં મોતીસિંહ રાઠોડ દરબારને ત્યાં પ્રગટ્યા એટલે કે દીકરી સ્વરૂપે સ્વંભૂ રીતે જન્મ ધારણ કર્યો. કહેવાય છે કે મોતીશા દરબાર અંબાજી (ચામુંડા) ની પૂનમો ભરતા અને માતાજીના આશિર્વાદ મળેલા કે તારા રાજ દરબારમાં કેસુડાનું જ્યાં ઝાડ છે ત્યાં મારૂ ખોરડું બાંધજે જે જગ્યાએ હું તને મળીશ એવો કોલ દીધેલ હતો અને જે કોલ સાચો પડતાં મા દરબારને ત્યાં ત્રણ દીકરીઓ જન્મી જેમાં ગંગાબા, સોનબા અને સ્વયંભૂ કેસુડાના ઝાડની નીચે મળ્યા હતા તે કેસુબા (ભારતમાં દેવ મંત્રોથી કુંતા માતાને પાંચ પાંડવ અને કર્ણ એ પણ શક્તિના વરદાનના ફળો હતા તેવું કહેવાયુ છે. રામ એક અવતારી પુરૂષ તરીકે જનમ્યા હતા અને પરશુરામ પણ વિષ્ણુનો અવતાર જ ગણાય છે. મા સીતા (જાનકી) જે જનક રાજાની પુત્રી તરીકે જનમ્યા અને મનુષ્ય દેહ ધારણ કરીને રાવણ-આસુરી શક્તિના નાશ કરવાનું કારણ બન્યા એટલે જ શિવ શક્તિ ગણાય છે.) રાજા-રાણીનો હરખ વધી જાય છે અને આ દિવસ હતો મહા સુદ-પાંચમ વસંત પંચમી જેને પ્રાગટ્ય દિન તરીકે ઓળખવામાં આવે છે. જેમ જેમ ઉંમર વધતી ગઇ અને માનુ તેજ ચોતરફ ખીલવા લાગ્યું. સ્વર્ગની અપ્સરા જેવો માનો વાન હતો. જેમની સોળ વર્ષની ઉંમર થતાં ચેહરબાઇ ભગવાન શિવ-પાર્વતીની પૂજા અર્ચનામાં ભક્તિલીન બની જાય છે અને બ્રહ્મચર્ય વ્રતધારી ભક્તિવાન નારી બની રહે છે.

ચેહુબાનું સગપણ નગર તેરવાડામાં વાઘેલા રાજપૂત કુળમાં કરેલ હતું પરંતુ માના લગ્નની વાત આવતાં ચેહુબા (કેસરબા) એ જણાવ્યું કે, મે લગ્ન ન કરવાનું જળ લીધુ છે એટલે તેરવાડામાં મારાથી સાસરે જવાશે નહી. છતાં પિતાએ જણાવ્યું કે, મારે વખ (ઝેર) ગોળવાનો સમય આવશે અને ચેહુબાએ કહ્યું કે મને સધી ઘાંમેણી આપવી પડશે અને ચેહુબાનું ખાંડુ (વેલડુ) તેરવાડાના સીમાડે પહોંચતાં જે તેમના પતિ એકાએક ગુજરી જતાં વેલડું ગામના કાંઠે જ ઉભુ રાખ્યુ અને તેમના દરબારને સ્મશાને લઇ ગયા પછી ગામની સ્ત્રીઓ ચુડલા કરમ કરવા તેમને ગામના તળાવે લઇ ગઇ. બંગડીઓ ફોડી પાણીથી નવડાવવા લઇ ગયા ત્યાં શિવના ઉપાસક એવા ચેહુબા ન માનતાં તળાવે પાણીમાં નાખ્યા અને ત્યાં તેઓ ભર્યા જળમાંથી કોરા બહાર નીકળ્યા. તેમના શરીરે પાણી અડ્યું જ નહી. ગામના લોકોએ જૂદા-જૂદા વહેમો કર્યા પરંતુ તેરવાડા ગામના જંગલ જેવી ઝાડીવાળા વિસ્તારમાં ગુરૂ ઓઘડનાથ (ઓગરનાથ) નો મંદિર આશ્રમ હતો ત્યાં પૂજા-અર્ચના કરવા જતાં ચેહરબાઇની ભક્તિ અખંડ હતી કેમકે તેઓ બચપણથી શિવ-પાર્વતીની પૂજા કરતા હતા. ગુરૂની સેવા કરતાં સમય પસાર કરતા હતા. ચેહરબાઇનો ચમત્કારી મહારાજ ઓગડ બાવાનો સત્સંગ ગામના દરબારોને ગમતો ન હતો. તેથી દરબારોએ ચેહરબાઇને કૂવામાં પાણી ભરતી વેળાએ ધક્કો મારવાનો કારસો પણ રચ્યો. દરબારે તેમના ભત્રીજા આંબુ અને જાંબુને કૂવે પાણી ભરવા જતાં ચેહુબાઇને ગંગાજળીયા કૂવામાં ધક્કો માર્યો પણ કૂવો ઉભરાઇને કાંઠે આવ્યો અને ચેહબાઇએ માથે બેડુ ઉપાડ્યું ત્યાં ગામ લોકોએ જોયું કે પાણીનું બેડુ માથેથી સવાગજ ઉંચુ ફરતુ હતુ અને ચેહરબાઇ નીચે ચાલતા હતા. ઘેર સૌના આશ્ચર્ય વચ્ચે ચેહરબાઇ ઘરમાં રેંટીયો કાંતતાં લોકોએ જોયાં અને સૌના માટે થયુ કે કોઇ જીવતી જાગતી અલૌકીક દેવી શક્તિ હોય તેવું કૌતુંક થઇ રહ્યું હતું.

એકવાર ચેહરબાઇ તેરવાડામાં હતા પૂર્વજોના જણાવ્યા અનુસાર, અકબર બાદશાહની ફોજ તેના સેનાપતિ સાથે જૂનાગઢના રાંકડ રાજાનું રાજ લેવા નીકળી હતી ત્યાં બાદશાહની ફોજે પસાર થતાં પીવાનું પાણી માગ્યું ત્યાં કૂવા ઉપર નજર પડતાં ચેહરબાએ ગંગાજળીયા કૂવાની ચારેકોર ચક્કર માર્યું એટલે કૂવો ઉભરાઇને બહાર આવ્યો અને કોરા માટલા ઉપર મૂકેલ પવાલાથી ખોબે ખોબે બધી ફોજે પાણી પીધુ. મા ચેહરને અલૌકીક રીતે જૂનાગઢ ખોડિયાર (વરૂડી) સાથે વાર્તાલાપ થયેલ કે બૂન બાદશાહને તારે જૂનાગઢ આવતો રોકવો એવો કોલ થયેલો. પછી માએ હથેળીમાંથી ભોજન પીરસીને ફોજને જમાડી ત્યાં બાદશાહ કરગરી પડ્યો અને હાથ જોડી માની પાસે કંઇક વચન માગવા જણાવ્યું અને માએ પેલો ખોડિયારનો કોલ પાળ્યો

અને ફોજને અહીંથી પાછી વળી તારા રાજમાં લઇ જતો રહેવા જણાવ્યું અને બાદશાહની ફોજ પાછી વળેલ હતી.

દરબારોએ ચેહરબાઇને નાથવા બાબા ઓઘડ (ઓઘર) મહારાજને મારી નાખવાનો કારસો રચ્યો પરંતુ ઓઘડ બાવા દરબારોને હાથ તાળી દઇ ચેહરબાઇને દીકરી ગણી લઇને જંગલમાંથી અદશ્ય થતા હતા ત્યાં કહેવાય છે કે ઓઘડ બાવાએ વાઘેલા કુળને શ્રાપ આપ્યો કે જાઓ વાઘેલાઓ તમારો વંશ જશે. નગરનું ઠગર થશે અને ચેહરબાઇના દિયર ફુલજીએ માફી માંગેલ ત્યારે કહેલ કે જાઓ વાઘેલા દિયોદર ત્યાં તમારો અંશ રહેશે અને ચેહરબાઇને ઓઘડ બાવાએ કહ્યું કે, બેટા કેસર હજુ તારે લોક કલ્યાણના ઘણા કામો કરવાના છે. માટે પાછી વળી જા પરંતુ કહેવાય છે કે ચેહુબાઇ એવુ બોલેલા કે ઘેર ઘેર મારી ભક્તિ રૂપી જયોત પ્રગટ થશે ત્યારે હું પાછી વળીશ અને તેઓ તેરવાડા ન જતાં ચેહરબાઇ ચુંવાળમાં આવ્યા ત્યા રસ્તામાં પાટણના માર્ગે કંસારાઓએ તેમની ઝાંઝરનો રણકાર સાંભળી મશ્કરી કરતાં તે પોળનો નાશ કર્યો અને ત્યારબાદ પાટણની ઉત્તર દિશાએ આવતાં દાવળશા પીરે ચેહરબાઇના તેજને જોયું અને મનમાં વિચાર્યું કે કોઇ મહાનારી શક્તિનો અવતાર છે અને માને કરગરી વિનંતી કરી કે હે અનંત શક્તિ સ્વરૂપા એવા આપની આભાને જોઇ વિનંતી કે આપ પાટણની ઉગમણી દિશામાં ચાલજો અને પાટણને જોતા નહી પરંતુ ચેહરબાઇએ મનમાં વિચાર્યું કે પાટણ જોયા વગર તો બહાર નથી નીકળવું એમ વિચારતાં જ પાછળ જોયું ને આખી વોરવાળ (હોરવાડ) સળગી ઊઠી અને પછી જંગલમાં આગળ પસાર થતાં મરતોલી નજીક સાંથલના રબારીઓની પાસે દૂધ માગતાં માએ કુવારી સાંઢનું દૂધ દોહરાવીને પીધુ હતું અને ત્યારબાદ કહેવાય છે સાંઢો ચારતાં પૂજાળીયા દરબારીએ વરખડીના ઝાડ નીચે મરતોલીમાં ફૂલનો ઢગલો બની અદશ્ય થઇ જતાં જોયા. જેમાં કોઇ જેઠાભાઇ નામના રબારીને સાક્ષાત દર્શન પણ થયેલ હતા અને ત્યારબાદ સ્વ. મહાદેવ ભુવાને પણ મા સાક્ષાત મળેલ હતા. જ્યાં વરખડી નીચે પ્રથમ દેરીની સ્થાપના કરી પૂજા કરવામાં આવતી હતી. માનુ મૂળ નામ કેસર હતું પરંતુ લોક બોલી અને તળપદી ભાષાની લઢણથી અત્યારે ચેહરમા તરીકે ઓળખવામાં આવે છે.

ત્યાર પછી તો ચેહર માતાએ મરતોલીમાં સ્વ. મહાદેવ ભુવા દેસાઇનો ડંકો વગાડ્યો અને જેની નિશાની રૂપે સ્વયંભૂ ચુંદડીના લાડુ મરતોલીમાં જોવા મળે છે. હાલમાં સ્વ. મહાદેવ ભુવાના દીકરા કાનજીભાઇ દેસાઇ (ભુવાજી) તરીકે માનુ જતન કરી રહ્યા છે અને પછી તો મા ભાઇઠીમાં કરમસી સેવાળને મળ્યા ત્યાર પછી આખા ગુજરાતમાં ફર્યા. નડિયાદમાં રૂદણમાં બચુભાઈ રબારીને પરચો પુર્યો, અડાલજ ગામમાં વિહાભાઈ મકવાણાની માજે રૂપાંગોરણા ને નારણા નાગરની માતા કહેવાયા તેમના વંશજ હાલમાં ચેતનભટ્ટની ચેહર કહેવાયા. પછી તેમજ સતિષભાઈ પ્રજાપતિને અડાલજમાં મળ્યા. અમદાવાદ - મણીનગરમાં રમેશભાઈ ભટ્ટ (નારણાનાગર રૂપાં ગોરાણીની માતા) ને પરચો પૂર્યો. ઓકલિયા (ટીંબા) અજમેલજી ભગતબાપુ છે અને તેરવાડામાં ઉદાજી ઠાકોર ભુવાજી તરીકે ઓળખાય છે. તેમના જણાવ્યા મુજબ મા ગંગા જળિયા કુામાં નાગણરૂપે ભાવિકભક્તને દર્શન આપે છે. લિબાળા (તા.વાવ) માં બબાભાઈ રબારી ફોઈણા આ બધા નામો માના થકી જ મોટા થયા છે અને ગુજરાતમાં નાના - મોટા પાંચ છ ધામ છે. જેમાં મરોલી જે દક્ષિણ ગુજરાતમાં સુરત - નવસારી જતાં વચ્ચે રેલ્વે સ્ટેશન પાસે આવતું ઘર એજ મંદિર એવું મોટું ધામ બનેલ છે જ્યાં દિનેશ મહારાજ જેઓ માતાજી તરીકે ઓળખાય છે. અને મા પડદે વાતો કરે છે તેવું સાંભળવા મળેલ છે.

અમારા પૂર્વજો દાદા માને ત્રણ પેઢીથી પુજતા અને માની સાથેના પૂર્વભવની કરણીનો કોઈ લેખ હશે. મારે ત્યાં પણ માનું સ્થાન બનાવી પજીએ છીએ અને માના ત્રણ ધામની કથા વાર્તા જેમાં મરતોલી, મરોલી અને પીંપળજની કથા દંતકથા વાર્તા - વ્રત સ્વરૂપે જે કંઈ લખ્યુ છે તે માની પ્રેરણાથી જ લખાયુ હશે અને જેનો એકમાત્ર હેતુ માના મહિમાને ઘર ઘર અને જનજીવન સુધી પહોંચાડવાની જે ખેવના હતી તે માના ધામોમાં દર્શન કરીને મને જે લખવાની પ્રેરણા થઈ જેની અનુભૂતિનું આ કલમ સરિતારૂપી ઝરણું છે. આ ધાર્મિક કાર્ય કરવા મરતોલીના સ્વ.મહાદેવભુવાના આશીર્વાદ રૂબરૂ મળેલ હતા જે થકી આ કાર્ય કરી રહ્યો છું. અત્યારે તો માના અનેક નાના - મોટા મંદિરરૂપી સ્થાનો બની રહ્યા છે. ગુજરાતના ખુણે ખુણે માનાં અનેક ધામો જોવા મળી રહ્યા છે જેમાં વિદેશમાં અમેરિકામાં ગાંડાભાઈ પટેલના દીકરાને ત્યાં અને ઓસ્ટ્રેલિયામાં પરેશભાઈ નાઈને ત્યાં માએ કૃપા કરેલ તેવું અખબારમાં વાંચવા મળેલ છે.

નોંધ :- કહેવાયું છે કે દંતકથા એ દંતકથા છે. જેમાં સત્ય શોધન ન હોઈ શકે ? આ દંત-કથા લોકકથા વિશે જુદા જુદા મત મતાંતર હોઈ શકે છે. પરંતુ મારા પુજ્ય અંકલ નારણકાકા વ્યાસે માના અનેક પ્રસંગોની ઝલક સંભળાવી અને કહ્યું કે બેટા જો મરતોલીની વરખડી ૯૦૦ વર્ષ જુની હોય તો અત્યારે હજાર ઉપરના વર્ષો વીતી ગયા ગણી શકાય. જુદા જુદા લોક સમુદાય અનેક સમાજ દ્વારા જુદી જુદી વાતો કહેવામાં આવેલ છે જે માત્રને માત્ર એટલું જ સમજવું કે કળિયુગમાં મા અંબિકા, ઉમિયા, ચામુંડા એજ ચેહર સ્વરૂપે મહાન શક્તિ છે અને માનો કોલ છે કે ઘેર ઘેર દીવા પ્રગટાવીને પછી તેરવાડામાં ડંકો વગાડવો છે માટે માના ભક્તજનોએ આ શક્તિ વિશે ક્યાંય સત્ય શોધવાનો પ્રયત્ન કરવો એ માત્ર મુર્ખાઈ ભરી વાત ગણી શકાય કેમ કે અલૌકિક શક્તિને પામવી - સમજવી અઘરી બાબત છે. તપસ્વી લોકો પણ જેને પારખી શક્યા ન હોય તો માનવ તરીકે આપણે શું હોઈ શકીએ ? મા ચેહર સૌ ભક્તોનું અને વિશ્વનું કલ્યાણ કરે એજ અપેક્ષા.

અહી જે લખાણની યશગાથાએ માના આશીર્વાદરૂપી પ્રસાદી છે જેનો ભાવિક ભક્તોએ શ્રવણ મનન કરીને લાભ લેવો. આ લખાણમાં મારા કલમરૂપી સરિતા વડે કંઈપણ ખોટું લખાયુ હોય, કોઈપણ પ્રકારની અતિશયોક્તિ લાગી હોય, કોઈ પ્રસંગોના, અખબારોના, વાંચેલ હકીકતોના આધારો લીધેલ હોય, જે ભક્તજનો દ્વારા મળેલ મેટર છે. આ બધામાં કોઈપણ પ્રકારની ભુલ થયેલ હોય તો આપ વંદનીય એવા માના ભક્તો અને જેને મને પ્રેરણા આપી છે હુંફ મળી છે તે તમામની હૃદયપૂર્વક ક્ષમ્યતા ઈચ્છુ છુ, પ્રાર્થુ છું અને માનો નાનો સેવક ગણી તમામ ભુલોને માના ચરણોમાં સમર્પી ક્ષમ્યતા ઈચ્છતો કોટિ કોટિ વંદન કરતો અહીં અટકુ છું. જય કેશરભવાની ચેહર માતા.

**સુભાષ વ્યાસ (સીસરાણા)**

# શહેરમાં પ્રથમવાર મહાભારત કથાનું સુંદર આયોજન



અમદાવાદ

સમાજના લોકોને વ્યસનના દુર્ગુણો અંગે જાગૃત કરવા તેમજ તેમનામાં માતૃ-પિતૃ ભક્તિ, ગુરૂ ભક્તિ, પ્રભુ ભક્તિ અને દેશ ભક્તિના મૂલ્યોનું સિંચન કરવાના ઉદ્દેશ્ય સાથે શહેરમાં પ્રથમવાર ૫થી૧૧ ફેબ્રુઆરી ૨૦૧૯ દરમિયાન શાહવાડી તથા અમદાવાદ સત્સંગ સમાજ દ્વારા આયોજિત નારોલ-અસલાલી હાઇવે ઉપર ભમરીય કુવા પાસે પૂજા ફાર્મમાં મહાભારત કથાનું સુંદર અને આયોજન કરવામાં આવ્યું છે. મહાભારતને પાંચમો વેદ કહેવામાં આવે છે અને સ્વામિનારાયણ ભગવાને સતત એક વર્ષ અને પાંચ દિવસ મહાભારતની કથા સાંભળી છે. વેદવ્યાસ દ્વારા રચાયેલા ગ્રંથ મહાભારતનું શ્રવણ કરવાથી વ્યક્તિની માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ થાય છે તથા લોક અને પરલોકમાં સુખશાંતિ પ્રાપ્ત કરી શકે છે. ભક્તોને કથાના વિવિધ મહત્વપૂર્ણ વિષયો અંગે સરળતાથી સમજણ પડે તે હેતુથી સત્‌શ્રી એલઇડી સ્ક્રિન ઉપર વિડિયો પ્રેઝન્ટેશન દ્વારા તેમજ સમુધૂર શૈલી દ્વારા સંગીત સૂરાવલી સાથે કથાનું રસપાન કરાવી રહ્યાં છે. દરરોજ હજારોની સંખ્યામાં ભક્તો મહાભારત કથાનો લાભ લઇને ધન્યતા અનુભવી રહ્યાં છે.

ઉલ્લેખનીય છે કે રામકથા અને ભાગવત કથા સહિતની વિવિધ કથાઓનું શહેરમાં નિયમિત આયોજન થતું રહે છે, પરંતુ પ્રથમવાર મહાભારત કથાના આયોજનથી ભક્તોને એક નવો દ્રષ્ટિકોણ અને નવા મહત્વપૂર્ણ વિષયો ઉપર જાણકારી પ્રાપ્ત કરવાની તક મળી રહેશે તેવી અપેક્ષા છે.

# ગાયત્રી પરિવાર દ્વારા રાણીપમાં પહેલીવાર ૫૧ કુંડી હોમાત્મક યજ્ઞનું આયોજન



ગાયત્રી પરિવાર દ્વારા રાણીપમાં પહેલીવાર ૫૧ કુંડી હોમાત્મક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં વિવિધ પ્રોગ્રામો જેવા કે ધર્મધજા રોહણ, યજ્ઞ શાળાનું ઉદ્ઘાટન, દીપ પ્રાગટય , તેમજ ગુજરાત ઝોનલ રાજુભાઇ દવે દ્વારા આશીર્વાદ પ્રવચન આપવામાં આવશે. આ ત્રિદિવસીય કાર્યક્રમમાં હજારો લોકો ઉપસ્થિત રહેશે.અને કાર્યક્રમના પ્રથમ દિવસે ભવ્ય રીતે ન્યુ રાણીપ વિસ્તારના તમામ લોકો ઉજવણી કરી હતી.કાર્યક્રમના અંતિમ દિવસે રાણીપ ગાયત્રી પરિવાર દ્વારા સામૂહિક પ્રસાદ વિતરણ પણ કરવામાં આવશે..

# કેપ્રેસીના સ્પ્રિંગ સમર કલેક્શન સાથે તમારા વેલેન્ટાઈનને મોહિત કરો



કેપ્રેસીના નવા ખુબ જ સરસ સ્પ્રિંગ સમર ૨૦૧૯ કલેક્શન સાથે તમારા પ્રિયજનને આ દિલ અને મિત્રતાના દિવસે મોહિત કરો. તેણીને દરરોજ ફેશનેબલ રહેવા માટે સશક્ત બનાવો. નવા કલેક્શનની રચના દરેક આધુનિક ભારતીય મહિલાને અપીલ કરવા માટે કરવામાં આવી છે, જે જીવનમાં બધું શ્રેષ્ઠ મેળવવાં માટે લાયક છે અને જેની પાસે ટ્રેન્ડ-સેટિંગ હેન્ડબેગ્સની વિશાળ વ્યૂહરચના છે. ઓર્ગેનાઇઝ્ડ વુમન માટે ડિઝાઇન કરવામાં આવેલ અનાઈડા સચેલ એલિગન્ટ અને સોફિસ્ટિકેટેડ રૂપ પ્રદાન કરે છે જે વર્ક અને કેઝ્યુઅલ વીઅર સાથે થીમ આધારિત હોઈ શકે છે.આ સીઝનમાં તમારી જોડે અન્ય બીજું હોવું જોઈએ , સુમાઈના ક્લચ. જે કોઈપણ આઉટફિટને સારી રીતે કોમ્પ્લીમેન્ટ કરે છે અને કાળા, હલ્કા ગુલાબી અને જામ્બલી રંગમાં ઉપલબ્ધ છે. અમાઈકો સ્લિંગ બેગ કોઈપણ આઉટફિટના લૂક અને સ્ટાઇલ સાથે મેચ થઇ શકે છે. "લાઈફ ઓફ ધ પાર્ટી" માટે ડિઝાઇન કરવામાં આવેલ મેઈઝ સ્લિંગ બેગ વેલેન્ટાઈન ડે પર ડિનર માટે જવા માટે એકદમ પરફેક્ટ છે. કેપ્રેસી ઓટમ વિન્ટર ૨૦૧૮ કલેક્શનમાંથી ઈકત કોરલ ક્લચ "લંચ ડેટ" માટે એકદમ પરફેક્ટ છ કે જે દરેક આઉટફિટને કોમ્પ્લિમેન્ટ કરે છે.

# એશિયન પેઈન્ટસે લેમિનેશનવાળા અલ્ટીમા પ્રોટેક માટે રણબીર કપૂર સાથે નવી ઝૂંબેશ ચાલુ કરી




અમદાવાદ

આપણે એવી દુનિયામાં જીવીએ છીએ જ્યાં લોકો હવે પોતાના બાહ્ય પેઈન્ટ્સ માટે વધુ માગ કરે છે. કારણ કે હવે દિવાલો માત્ર દિવાલો જ રહી નથી. તે આપણી સુરક્ષાની પ્રથમ રેખા છે. આપણી સુરક્ષા રેખા ફક્ત વાતાવરણના ફેરફારની સામે જ નહી પરંતુ શહેરીકરણ અને પ્રદૂષણને કારણે ઉડતી ધૂળ સામેના રક્ષણ માટે પણ છે. એપેક્સ અલ્ટીમા પ્રોટેક લેમિનેશન ગાર્ડના ઉમેરણ સાથે તમારા ઘરને ૧૦ વર્ષની પરફોર્મન્સ વોરંટી સાથે આગામી અનેક વર્ષો સુધી રક્ષણ આપે છે. આ બાબતને અગ્રણી જરૂરિયાત તરીકે રાખતા એશિયન પેઈન્ટસે અલ્ટીમા પ્રોટેકને પ્રત્યેક ઘરના બહારના ભાગ માટે રક્ષણના એક ગોલ્ડ સ્ટાન્ડર્ડ તરીકે એક ઝૂંબેશ ચાલુ કરી છે. આ ફિલ્મ રણબીર કપૂરને એક મહત્ત્વાકાંક્ષી રાજકારણી તરીકે રજૂ કરે છે. તેના ઘર – તેના અભિમાનમાં તેની રાજકીય કારકીર્દીની જેમ જ ઉતાર ચડાવ આવે છે. તેનું ઘર મુશ્કેલીના સમયમાં તેને રક્ષણ આપે છે અને સારા સમયમાં ઉજવણીનું એક સ્થળ બની જાય છે. એશિયન પેઈન્ટ્સ અલ્ટીમા પ્રોટેક – તેના ઘરનું એક 'લેમિનેશન' તેને આત્મવિશ્વાસ અપાવે છે કે ચાહે ગમે એટલી સમસ્યા હોય, તેનું ઘર આગામી અનેક વર્ષો સુધી નવુ જ રહેશે. "આજનો ગ્રાહક પેઈન્ટીગ પ્રક્રિયા સાથે વધુ રીતે સંકળાયેલો છે અને સ્પષ્ટ રીતે જે પ્રોડક્ટ વિશિષ્ટ ઉકેલો આપતી હોય તેની તરફ નજર નાખે છે. એશિયન પેઈન્ટ્સ અલ્ટીમા ટેકનોલોજી આધારિત સંશોધનમાં અગ્રણી છે. અલ્ટીમા પ્રોટેક તેના લેમિનેશન ગાર્ડ સાથે અને ૧૦ વર્ષની પરફોર્મન્સ ગેરંટી સાથે આજના સમયમાં બાહ્ય રંગોનું ગોલ્ડ સ્ટાન્ડર્ડ છે. ગ્રાહકો શક્તિશાળી આઈડીયા સાથે 'લેમિનેશન' પર સંશોધન કરે છે, આ એ શબ્દ છે જે અનેક તત્વો જેમ કે પાણી, ધૂળ અને સમયની સામે મજબૂત રક્ષણ આપે છે. રણબીર કપૂરની સાથે આ નવી ફિલ્મમાં આ 'લેમિનેશન આધારિત રક્ષણ'ને એવા વિષય સાથે રજૂ કરવામાં આવી છે જે ભારતીય રાજકારણના ગ્રાહકોમાં લાગણીયુક્ત રસ જન્માવે છે."

# "હું મારા પિતાને કારણે અહીં છું અને હું તેમનું પ્રતિનિધિત્વ કરું છું" – અમાન મલીક



દેશભરના કેટલાંક અત્યંત પ્રભાવશાળી નાના ગાયકોએ ધમાકેદાર અને મધુર પર્ફોર્મન્સ દ્વારા દર્શકોના દિલ જીતીને રિયાલિટી ટેલીવિઝન ઉપર ધાક જમાવ્યાં બાદ ઝી ટીવીનો સિંગિંગ રિયાલિટી શો સારેગમપ લીટલ ચેમ્પ્સ ફરીથી આવી રહ્યો છે. આ સિઝનમાં મ્યુઝિક સે બંધેગેં હમની થીમ સાથે બાળકો પોતાની બેજોડ પ્રતિભા સાથે ફરી એકવાર તમારી ટેલીવિઝન સ્ક્રીન ઉપર ધમાકો કરવા માટે સજ્જ છે.૯ ફેબ્રુઆરીના શનિવારના રોજ રાત્રે ૯ વાગે સારેગમપ લિટલ ચેમ્પ્સની સિઝન ૭ સાથે દર્શકોનો વિકેન્ડ અત્યંત મધુર બની ગયો હતો. તેના જાદૂઈ પર્ફોર્મન્સ બાદ આ નાની બાળકીએ પ્રોત્સાહન આપવા બદલ અને તેની પૂરતી કાળજી રાખવા બદ તેના માતા-પિતાનો આભાર માનીને આદર વ્યક્ત કર્યો હતો. આ ગીત સાંભળીને જજ અમાલ મલીકે પોતાના પિતા વિશે કેટલીક વાતો કહી હતી. સારેગમપા લિટલ ચેમ્પ્સના આ સપ્તાહના ઓડિશન એપિસોડમાં આપણને યુવાન પ્રતિભાશાળી ગાયકો પોતાની પ્રતિભાને પ્રદર્શિક કરીને જજ તથા દર્શકોને પ્રભાવિત કરતાં જોવા મળશે. વધુ જાણવા માટે દર શનિવાર અને રવિવારો રાત્રે ૯ વાગે ઝી ટીવી ઉપર સારેગમપ લિટલ ચેમ્પ્સ જૂઓ.

# હિમાની શિવપુરીની માતાની ભૂમિકા બધાઈ હોની દાદીની તમને યાદ કરાવશે



અમુક સૌથી હિટ ફિલ્મો અને ટેલિવિઝન શોમાં કામ કરવાનું શ્રેય ધરાવતી હિમાની શિવપુરી હવે &TV પર આગામી કોમેડી શો હપ્પુ કી ઉલટન પલટનમાં જોવા મળવાની છે. નાના અને મોટા પરદા પર ઘણી બધી પ્રતીકાત્મક ભૂમિકાઓથી દર્શકોનાં મન જીતી લેનારી નેશનલ સ્કૂલ ઓફ ડ્રામાની ગ્રેજ્યુએટ હિમાની હવે હપ્પુની માતા કટોરી અમ્માની ભૂમિકા ભજવતી જોવા મળશે. પાત્ર તરીકે હપ્પુ સિંહને મળેલો આવકાર અને પ્રેમને ધ્યાનમાં લેતાં શ્‌ફનો નવો ફેમિલી કોમેડી શો હપ્પુ કી ઉલટન પલટનમાં આ હપ્પુનું મુખ્ય પાત્ર છે, જે તેના જીવનની વૈકલ્પિક બાજુ થકી દર્શકોને સેર કરાવે છે. શું મોડર્ન કોલોનીનો શેર ઘરમાં ભીગી બિલ્લી છે? આ શોમાં આવી ઘણી બધી હાસ્યસભર સ્થિતિઓ અને કોમેડી ભરપૂર છે, જેમાં હપ્પુને ખડેપગે રાખતી તેની પત્ની, તેની ચિંતાગ્રસ્ત માતા અને નવ-નવ અજોડ સંતાનો દર્શકોને પેટ પકડાવીને હસાવશે.હિમાની શિવપુરી હાસ્યનું હુલ્લડ બચાવવા માટે તૈયાર છે! તમે તૈયાર છો?

# ડેટોલની સાથે રહો સ્વાઈન ફ્લૂથી સુરક્ષિત

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અંતર્ગત એકીકૃત રોગ દેખરેખ કાર્યક્રમ (આઇડીએસપી) દ્વારા આપેલ આંકડા અનુસાર રાષ્ટ્રીય સ્તર પર એચ૧એન૧ વાયરસ અથવા સ્વાઈન ફ્લૂના ૪૫૭૧ કિસ્સા રજીસ્ટર કરવામાં આવ્યાં છે. ડેટોલ ઉત્પાદન તમને અને તમારા પરિવારના આ ઘાતક પ્રકોપ દરમિયાન કિટાણુંઓથી સુરક્ષિત રહેવામાં સક્ષમ બનાવે છે. "સ્વાઈન ફ્લૂના કિસ્સામાં ઉલ્લેખનીય વૃદ્ધિ, વિશેષકર ઉત્તર ભારતમાં, સરકાર અને અન્ય હિતધારકોંને આ વાત માટે સચેત કર્યા છે કે તો લોકોને આ ખતરનાર સ્થિતિથી બચવા માટે જરુરી સાવધાની રાખવા માટે જાગરુકતા રાખે. હાથોને સારી રીતે સાફ રાખવાની આદત સ્વાઈન ફ્લૂથી બચવા મદદ કરે છે. તેથી ડેટોલ હેન્ડવોશ અને સાબુથી પોતાના હાથોને ધોવા તથા નિયમિત સમય પર તેમને ડેટોલ હેન્ડ સેનીટાઇજર્સની સાથે સાફ કરવા કિટાણુંઓથી સુરક્ષિત રહેવાનો એક મહત્વપૂર્ણ પ્રભાવી રીત છે. ડેટોલની ૧૦૦ બિમારીઓ સામે કિટાણુંઓથી સુરક્ષાની વિરાસતની સાથે, ડેટોલ દરેક ભારતીય પરિવારમાં સ્વાસ્થ્ય માટે એક ભરોસામંદ સાથી છે."પાંચ વર્ષથી નાનાં બાળકો અને ૬૫ વર્ષથી વધારે ઉંમરના વયસ્કોના ઉચ્ચ જોખમવાળાં વર્ગમાં સ્વાઈન ફ્લૂ ઝડપથી ફેલાય છે. ડેટોલની એક આદત બનાવીને અને નિમ્ન લિખિત સરળ ઉપાયોને અપનાવીને તેને રોકી શકાય છે.●નિયમિત હાથ ધોવાની આદત, વિશેષ ડેટોલ સાબુ તથા ડેટોલ લિક્વિડ હેન્ડવોશથી ખાવાનું ખાઇને અને તેની પછી● ખાંસી દ્વારા વાયરસને ફેલાવવાથી રોકવા માટે ડેટોલ સીટી શીલ્ડ ફેસ-માસ્કનો ઉપયોગ● રોજ નહાતાં સમયે એક ડોલ પાણીમાં એક ઢક્કણ ડેટોલ એન્ટીસેપ્ટિક લિક્વિડ નાંખો. ડેટોલ હેન્ડવોશ અને ડેટોલ સેનીટાઈજર્સ પૂરાં દેશમાં તમારા નજીકના સ્ટોર પર સરળતાથી ઉપલબ્ધ છે.

# મધુ અને પાર્થવીના પ્રેમમાં પડો કારણકે, ઝી સિનેમા પ્રિમિયર કરી રહ્યું છે ધડક રવિવાર ૧૦ ફેબ્રુઆરી રાત્રે ૯ વાગ્યે



જ્યારે બે વિરોધાભાષી વ્યક્તિત્વ ધરાવતા લોકો પ્રેમમાં પડે ત્યારે શું થાય છે? એક વાર્તા જે, ઘરેડ તોડીને આગળ વધી છે, ધડક એ એકદમ સરળ, જુસ્સાદાર વાર્તા છે, બે સુંદર હૃદય પિગળાવતા પ્રથમ પ્રેમની. ઝી સિનેમા-હોમ ઓફ બ્લોકબસ્ટર તૈયાર છે, ધડકને પ્રસારિત કરવા માટે, આ રવિવાર, ૧૦ ફેબ્રુઆરી રાત્રે ૯ વાગ્યે. શશાંક ખૈતાન દ્વારા ડિરેક્ટ અને કરણ જોહરના ધર્મા પ્રોડ્‌શન દ્વારા પ્રોડ્યુસ આ મૂવીમાં ઈશાન ખટ્ટર અને નવ પ્રવેશ કરતી જાન્હવી કપૂર અગ્રમી ભૂમિકામાં છે, સાથોસાથ આશુતોષ રાણા, અંકિત બિશત, શ્રીધર વત્સાર સહ-ભૂમિકામાં છે. ધડકએ એ અલગ પ્રેમકથા છે, જે પ્રેમમાં હોય ત્યારે હૃદયની નિર્દોષતા બતાવે છે, કઈ રીતે તે વિચારવાનું છોડી દે છે, કે પછી કોઈપણ પગલાની ગણતરી કરતું નથી. તે તો ફક્ત ધડકે છે. આ મૂવીમાં હકિકત અને ઊંડાણ બંને છે, જે આપણી સમાજમાં ઊંડાણપૂર્વક ખૂંપેલા પૂર્વગ્રહને દર્શાવે છે.આ અલગ પ્રેમકથામાં પ્રેમમાં પડેલા દિલની નિર્દોષતાને બતાવવામાં આવી છે,

પાર્થવી (જાન્હવી કપૂર) અને મધુ (ઈશાન ખટ્ટર) એક જ કોલેજમાં ભણે છે તથા ઉદયપુરની ચિત્રનગરીમાં રહેતા યુવા પ્રેમી છે. તે એક નાની રેસ્ટોરન્ટ ચાલકનો દિકરો છે અને પાર્થવી એ સ્થાનિક રાજકારણીની દિકરી છે. તેઓ મળે છે, એકબીજાને હેરાન કરે છે અ પિછોલા તળાવની પાળે બેસીને છાની છપની વાતો કરે છે, પરંતુ જ્યારે તેમના પરિવારોને આ અંગે જાણ થાય છે, તેમના સપના તૂટી જાય છે અને પ્રેમની સુંદરતા એક કડવી વાસ્તવિક્તામાં પરિણામે છે. આ બંનેને ઘણા પડકારોનો સામનો કરવો પડે છે અને એક નવા શહેરમાં નવા જીવનની શરૂઆત કરવા માટે ભાગી જાય છે.ઉદયપુરમાં, તેમનો પ્રેમ અત્યંત વૈભવીશાળી અને શક્યતાથી ભરેલો હતો. પરંતુ મુંબઈમાં અને ત્યારબાદ કોલકત્તામાં તેમને તેમની જાતનો સામનો થયો અ તેમને લાગ્યું કે, તેમનો સાથ ક્યારેય ખુશી નહીં લાવી શકે. શું આ પ્રેમકથાનો અંત સુખદ થશે?

# આ રીતે કલર્સના કોર્ટરૂમ માટે વિકાસ કુમાર તૈયારી કરી



કલર્સનો આવી રહેલ શો કોર્ટરૂમ એક ક્રાઈમ–લીગલ ડ્રામા છે જે ભારતીય કાયદા પદ્ધતિની બારીકીઓને ખૂંદે છે. સીરિઝ ભારતભરના વાસ્તવિક જીવનના કિસ્સાઓ ફંફોસે છે, એવા મામલા જયાં અદાલતોએ સીમાચિહ્ન સ્વરૂપ ચૂકાદા આપ્યા છે.જાણિતા અભિનેતા, વિકાસ કુમાર, શોને એન્કર કરશે અને દેશભરમાંથી વિભિન્ન વાસ્તવિક જીવનના મામલાઓનું વર્ણન કરે છે. શોનો મૂળભૂત ધ્યેય ભારતમાં અદાલત અને ન્યાયતંત્ર કેવી રીતે કામ કરે છે તે અંગે જ્ઞાન અને જાગૃતતાનો પ્રસાર કરવાનો છે.મગજમાં શોના વિષયવસ્તુ સાથે, વિકાસ કુમાર ભારતીય કાયદાઓ પર પોતાની જાણકારી વધારવા ભારતીય કાયદા પદ્ધતિ સાથે સબંધિત પુસ્તકો વાંચી રહેલ છે. તેઓ એવા પુસ્તકો વાંચી રહેલ છે જે હત્યાઓ, અપહરણો, જાતિય કનડગત, પોર્નોગ્રાફી વગેરે જેવા ગંભીર અપરાધો પરના કાયદાનું વર્ણન કરતાં હોય. શો આવા મામલા પણ આવનારા એપિસોડસમાં વર્ણન કરશે. પુસ્તકો ઉપરાંત, તેઓ 'નિષ્ણાંતો' પાસેથી વધારાની માહિતી પણ મેળવી રહેલ છે. કાયદા તંત્ર પર એમનો પ્રાથમિક સ્ત્રોત સુપ્રીમ કોર્ટમાં વકીલ, એમના મિત્ર છે. તેઓ અવારનવાર એમની સાથે વિવિધ કાયદાઓ અને સુપ્રીમ કોર્ટમાં થતી કાર્યવાહીઓની ચર્ચા કરતાં વીતાવે છે.

# ભાભરમાં દીકરીના પિતા દ્વારા ચાંદલો પરત કરવાનો પ્રથમ કિસ્સો

**દરબાર આગેવાને વર્ષો જૂના કુરિવાજને દેશવટો આપ્યો : દીકરીના માંગા વખતે દીકરા પક્ષે નક્કી કરેલી રકમ આપવી પડે છે**

તા.પ્રતિનિધિ ભાભર

મોટાભાગના સમાજોમાં કુરિવાજો વર્ષોથી ચાલ્યા આવે છે. ક્યાંક દીકરાના નામે તો ક્યાંક દીકરીના નામે લગ્નમાં રૂપિયા લેવાય છે. તો ક્યાંક ફરજીયાત અમૂક કુરિવાજોના કારણે મધ્યમ વર્ગ પીસાઇ રહ્યો છે. કુરિવાજો હટાવોની મોટી મોટી વાતો અને ભાષણો થઈ રહ્યા છે પરંતુ અંદર ખાને કુરિવાજો અમૂક લોકોની મજબૂરીનો લાભ ઉઠાવી વધુ દુઃખી બનાવી રહ્યો છે. જેના કારણે કેટલાંય સમાજોમાં સમાજ વેરણ-છેરણ થઈ રહ્યો છે. જેમાં વર્ષોથી દરબાર (જાગીરદાર) સમાજમાં દીકરીના લગ્નમાં કરીયાવર, દીકરી-જમાઈને દાગીના, કપડા ઉપરાંત રોકડ ચાંદલો (ટીકા) પેટે રૂા. ૫૧,૦૦૦ થી વધુ રકમ ફરજીયાત દીકરીના પિતાએ આપવી પડે છે પરંતુ સમાજ હવે



આવા કુરિવાજોને દૂર કરવા જાગી ગયો છે. શિક્ષિત યુવા વર્ગ અને બુધ્ધીજીવી વડીલો આવા રીવાજોને સ્વેચ્છાએ દૂર કરી રહ્યા છે. ભાભરમાં ઉણથી આવેલ જાનમાં દીકરાના પિતાએ રૂા. ૫૧,૦૦૦ ચાંદલાના દીકરીના પિતાને પરત કરતો એક પ્રેરણા દાયક કિસ્સો બન્યો છે. ભાભરના દરબાર સ્વરાજસિંહજી રાઠોડના પરિવારના વાસુભા ભોજુભા રાઠોડની દીકરીની જાન ઉણથી મહેન્દ્રસિંહ ગોવિંદસિંહ વાઘેલાના દીકરાની આવી હતી. રીવાજ પ્રમાણે દીકરીના પિતાએ કરીયાવર ઉપરાંત ફરજીયાત આપવા પડતાં ચાંદલો (ટીકા) પેટે રૂા. ૫૧,૦૦૦ મૂક્યા હતા પરંતુ દીકરાના પિતાએ માત્ર સુકન તરીકે રૂા. ૧૧ લઈ રૂા. ૫૧,૦૦૦ પરત કરતાં ઉણ જાગીરદાર સમાજનું ગૌરવ વધારીને વર્ષોથી ચાલ્યા આવતાં કુરિવાજને દેશવટો આપતાં કિસ્સો સમાજમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

# કૈલાસનગર સંઘમાં ૪૧૧ થી ૪૧૪ મી દીક્ષા સંપન્ન

## કૈલાસનગર જૈન સંઘમાં દીક્ષા દાનેશ્વરીએ સંયમ જીવનના ૬૬ માં વર્ષમાં પ્રવેશ કર્યો



સુરત

શ્રી કૈલાસનગર જૈન સંઘમાં પેશુઆ (રાજ.) નિવાસી શ્રીમતિ લીલાવતીબેન હિંમતમલજી કોઠારી પરિવાર આયોજીત દીક્ષા મહોત્સવના ત્રીજા દિવસે દીક્ષા દાનેશ્વરી આ. શ્રી ગુણરત્નસુરિ-યશોરત્ન-રશ્મિરત્ન-રવિરત્ન-સંયમરત્ન -મલયકીર્તિ-મુનીશરત્નસુરિ પં. અપરાજીત વિ. આદિ ૩૦૦ થી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની નિશ્રામાં ચાર મુમુક્ષુએ વીર સંન્યાસ વાટિકામાં પ્રવેશ કરતાં ચારે બાજુ આનંદનું વાતાવરણ છવાઈ ગયું પછી જેમ યોધ્ધા યુધ્ધમાં વિજય મેળવવા માટે વિજયતિલક કરાવે તેમ ચાર મુમુક્ષુઓએ કર્મરાજાને હરાવવા વિજય મેળવવા વિજયતિલક કરાવ્યું. પછી પરમાત્માની પુષ્પો અને આભૂષણો વડે અંતિમ દ્રવ્ય પૂજા કરી પછી સંસાર સમુદ્રને પાર પામવા માટે પરમાત્મા સમક્ષ ગુરૂ ભગવંતોએ દીક્ષાની મંગલ ક્રિયા કરાવી પછી દેવ-ગુરૂ-ચતુવિધશ્રી સંઘ સમક્ષ ઉત્સાહ-ઉમંગ-ઉલ્લાસથી જોરશોરથી ત્રણ આદેશ માંગ્યા.

આ ત્રણ આદેશ માંગ્યા પછી સિંહાસન પરથી ઉભા થઈ મુહૂર્ત સમય આવતાં દીક્ષા દાનેશ્વરી આ ગુણરત્નસુરિએ ચારે મુમુક્ષુઓને ક્રમશઃ ૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૧૪ મું રજોહરણ આપ્યું ત્યારે મુમુક્ષુઓ મન મૂકીને નાચી ઉઠ્યા. સાથે સાથે મંડપમાં રહેલા સેંકડો લોકો હિલોલે ચડી નાચી ઉઠ્યા અને નારા બોલ્યા મારો ભાઇ દીક્ષા લે વાહ ભાઈ વાહ, મારી બેની દીક્ષા લે વાહ ભઇ વાહ દીક્ષાર્થી અમર રહો.

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં ટ્રાફીક મુદ્દે ડ્રાયવરોને માર્ગદર્શન

ડીસા

સરકાર દ્વારા વાહન ચાલકોની સુરક્ષા માટે અનેક કાર્યક્રમો યોજવામાં આવે છે. અને તે અંતર્ગત ચોથી ફેબ્રુઆરીથી દશમી ફેબ્રુઆરી સુધી દર વર્ષે રોડ સેફ્ટી વીક તરીકે ઉજવણી કરવામાં આવે છે. ત્યારે સરકારના આ અભિગમને સહકાર આપવા માટે ડીસા શહેરમાં આવેલા રાજલક્ષ્મી પેટ્રોલિયમ અને નાયરા એનર્જી લિમિટેડ દ્વારા ડીસા શહેરના હાઈવે વિસ્તારમાં આવેલા એસ્સાર પેટ્રોલ પંપ પર ડ્રાયવરોને ખાસ માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૦ વધુ ટ્રક અને જીપ ચાલકોને બોલાવી ડ્રાઈવિંગ દરમ્યાન કઈ કઈ બાબતોની કાળજી રાખવી તે અંગે સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા તજજ્ઞોએ ડ્રાયવરોને સેફ ડ્રાઈવિંગ, ડ્રાઈવિંગ સમયે મોબાઈલથી વાતચીત કરવાનું ટાળવું, ત્રણ-ચાર કલાકના ડ્રાઈવિંગ બાદ આરામ કરવો, રસ્તા પર આવતા સાઈન બોર્ડના મતલબ સમજાવવા ઉપરાંત તમામ ડ્રાયવરોને સેફ ડ્રાઈવિંગ અંગેની એક બુકલેટ પણ આપવામાં આવી હતી.

# ધાનેરામાં ક્ષેમંકરી દેવીની પ્રતિષ્ઠાની શોભાયાત્રા નીકળી



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠાના ધાનેરા ખાતે વસતા સતિ માતા રાવ પરિવારે બારોટવાસમાં રાજરાજેશ્વરી ક્ષેમંકરી દેવીના ભવ્ય મંદિરનું નિર્માણ કરાવ્યું છે અને આ મંદિરે હાલ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ધૂમધામથી ઉજવણી થઈ રહી છે. ગત શુક્રવારે દીપ પ્રાગટય અને મંડપ પૂજન સાથે આ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ કરાયા બાદ આજે બીજા દિવસે વિશાળ શોભાયાત્રા યોજાઈ હતી.ધાનેરા નગર પાલિકાના પ્રમુખ અને બારોટ સમાજના અગ્રણી બળવંતજી રાવ સહિત સમાજના અગ્રણીઓ અને યુવાનો પણ મોટી સંખ્યામાં આ શોભાયાત્રામાં જોડાયા હતા. આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી પાલિકા કચેરી આગળ પહોંચતા અહીં મુસ્લિમ સમાજના નઝીરભાઈ શેખ સહિત અન્ય અગ્રણીઓએ માતાજીને ચાંદીનું શ્રીફળ અર્પણ કરી કોમી એકતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ મહોત્સવના ત્રીજા દિવસે આવતીકાલે રવિવારે ધ્વજારોહણ કરી માતાજીની મહાઆરતી ઉતારાશે.

# કાંકરેજના ઉંબરી ગામે પાતળેશ્વર મહાદેવના દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારીઓ



પ્રતિનિધિ કંબોઈ

તા.૧૩.૧૪.૧૫.૨.૨૦૧૯ આમ ત્રિ દિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ ની ગામ ના યુવાનો વડીલો દ્વારા તડામાર તૈયારીઓ કરાવાઈ રહી છે.

કાંકરેજ તાલુકાના ઉંબરી ગામે રાજપૂત વાઘેલા જાગીરદાર પરિવાર દ્વારા એક પાતાલેસવર મહાદેવ મંદિર નું ભવ્ય મંદિર નિર્માણ કર્યું છે અને હવે તેમાં શિવલિંગ પ્રસ્થાપિત કરવામાં આવશે ત્યારે તારીખ ૧૩/૧૪/ ૧૫/૨/ ૨૦૧૯ દરમ્યાન ત્રિદિવસીય શ્રી પાતાલેસવર મહાદેવ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તથા શ્રી જાગીરદાર રાજપૂત દરબાર કચેરી નું શુભ ઉદઘાટન શ્રી ઓગડ મહંત શ્રી૧૦૦૮શ્રી બળદેવનાથજી ગુરુ વસંતનાથજી (દેવદરબાર જાગીર મઠ)ના વરદ હસ્તે કરવામાં આવશે જેમાં પ્રથમ દિવસે ૧૩/૨/૨૦૧૯ ના રોજકાર્યક્રમ દરમિયાન દીપ પ્રાગટ્ય કરી ખીલ્લો મૂકવામાં આવશે અને રાત્રે બ્રિજદાન ગઢવી(લોકસાહિત્યકાર)જગદીશ ડાભી. સંજય સાધુ. મુન્નાગીરી ગૌસ્વામીદ્વારા શીવ પુરાણ અને ક્ષત્રિયો વિશેઆખ્યાન પીરસશે જ્યારે ૧૪/૨/૨૦૧૯ ના રોજ ગુરુવારે સવારે ૮:૧૫ વાગે શોભાયાત્રા નીકળશે રાત્રે ૯:૧૫ કલાકે ગુજરાતી ભજનિક સંગીતા લાબડીયા, કુસા મહારાજ અનિલ જાલસલીયા પોતાના આગવા અંદાજ સાથે ભક્તો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી ભજન સાથે સાહિત્ય પીરસશે જયારે ૧૫/૨/૨૦૧૯ના રોજબપોરે ૧૨:૩૯ કલાકના વિજય મુહુર્ત મા આકાશમાંથી હેલિકોપ્ટરથી પુષ્પ વર્ષા કરવામાં આવશે ત્યારે આ ઉપરાંત આ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ મા કોંગ્રેસ ભાજપના

અનુસંધાન પાના નં.૬

# કાંકરેજ તાલુકા પંચાયત કચેરીના હોલમાં પી.એમ.કિસાન અંતર્ગત મીટીંગ યોજાઈ



પ્રતિનિધિ શિહોરી

કેન્દ્ર સરકારના પ્રધાન મંત્રી કિસાન સમ્માન નિધી અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકા પંચાયતના હૉલમાં મામલતદાર શ્રી રાજપૂત તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ ત્રિવેદી સર્કલ ઓફિસર બી.એસ સોલંકી. વિસ્તરણ અધિકારી ખેતી બાબુભાઈ પ્રજાપતિ સહિત અન્ય નાયબ મામલતદાર. રેવન્યુ તલાટી.તેમજ ટી. એલ ઈ. અને વી.ઈ. સી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ત્યારે કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી દ્વારા ૮૯ જેટલી ગ્રામ પંચાયતના અંદાજે ૩૪૨૮૦ જેટલા ખેડૂતો માટે સરકારે જાહેર કરવામાં આવેલી રકમ ૬૦૦૦ રૂપિયા જમા કરાવવા માટે દરેક ગ્રામ પંચાયતના વિલેજ કોમ્પ્યુટર ઓપરેટર ને ફોર્મ ભરવાની સૂચના આપવામાં આવી હતી અને બે હેકટર તેમજ બે હેકટર થી ઓસી જમીન ધારણ કરતા ખેડૂતો ને આ પી.એમ. કિસાન નિધી યોજના નો લાભ મળવા પાત્ર છે અને ૭/૧૨ ના ઉતારા ની એક નકલ પેટે કોમ્પ્યુટર ઓપરેટર સરકારી ધારાધોરણ મુજબની પાંચ રૂપિયા ની ફી વસુલ કરી શકશે ત્યારે ખેડૂતો ના ખાતામાં પુખ્ત વયના કોઈ વ્યક્તિ હોય તો એમનું ચૂંટણી કાર્ડ તેમજ બેંક પાસ બુક ફરજિયાત રજૂ કરવાના રહેશે અને ગુજરાત રાજયના બારે રહેતા ખેડૂતો ને જો પોતાના ગામનું આધાર કાર્ડ હશે તોજ આ લાભ મળશે જેમાં ખેડૂત ખાતેદારો ને આધાર કાર્ડ અને બેંક પાસબુક ફરજિયાત રજુકરવાની રહેશેજેમાં તાલુકા લેવલ એન્જિનિયર પ્રવિણસિંહ અને મનોહરસિંહએ કોમ્પ્યુટર ઓપરેટરો ને યુઝર આઈડી તેમજ ટેકનીકલ તાલીમ આપી હતી. જોકે એકબાજુ કાંકરેજ તાલુકાને અછત ગ્રસ્ત જાહેર કરવામાં આવ્યો હતો એનું હેકટર દીઠ રૂ૬૮૦૦ખેડૂતો ના ખાતામાં જમા કરવાની કામગીરી ચાલુ છે અને અત્યારસુધી લગભગ ૧૫ કરોડ રૂપિયાનું ચુકવણું થઈ ગયું છે

અનુસંધાન પાના નં.૬

# દીઓદરના સ્વામીનારાયણ મંદીરમાં જ્ઞાન શીબીર યોજાઇ

તા.પ્રતિનિધિ દીઓદર

દીયોદર દેશી લોહા મહાજન વાડી ખાતે સ્વામીનારાયણ મંદીર કાલુપુર અમદાવાદના ભાવી આચાર્ય વજેન્દ્રપ્રસાદની ઉપસ્થિતિમાં જ્ઞાન શીબીર યોજાઈ હતી. જેમાં દીઓદર સ્વામી નારાયણ મંદીરના બાળમંડળ દ્વારા વિવિધ સાંસ્કુતિક કાર્યક્રમો રજુ કરી વર્તમાન યુગમાં બાળકોના આગામી ભવિષ્ય થકી પૂજા સેવાનો મહીમા વર્ણવ્યો હતો. તેમજ ભગવાનની ભક્તિ વિશનું આધ્યાત્મિક માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં શાળાના બાળકો દ્વારા વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવેલ. ઉપસ્થિત સંતોએ માનવ જીવનમાં ભક્તિ અને સત્સંગનો મહીમા વર્ણવતાં જણાવેલ કે આજના યુગમાં બાળકોને ફોરજી મોબાઈલ આપવા કરતાં ભક્તિના સંસ્કાર આપવા જોઈએ. ત્યારબાદ સમૂહ ભોજન પ્રસાદ યોજાયેલ. આ પ્રસંગે સ્વામીનારાયણ મંદીરના સંચાલક દીલીપભાઈ ઠક્કર, ભરતભાઈ અખાણી, શૈલેશભાઈ કાનાબાર, હિતેશભાઈ ત્રિવેદી સહીતના સ્વામીનારાયણના ભક્તજનો બહોળી સંખ્યામાં હાજર રહેલ.

# તાણા પે.કેન્દ્ર શાળાને એક લાખનું દાન

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાનું સૌથી વિકસીત અને વેપારી મથક થરાને પડખે આવેલ તાણા ગામની પ્રાથમિક શાળામાં ૭૦ મો પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે શાળાના આચાર્ય, સરતાનભાઈ દેસાઈ (પૂર્વ બી.આર.સી. કો.ઓ. આચાર્ય મોડેલ સ્કૂલ રતનપુર, આચાર્ય મોડેલ ડે.સ્કૂલ થરા)એ સૌનું શાબ્દિક સ્વાગત કરી ‘શાળા વિકાસ એ જ રાષ્ટ્ર વિકાસ’ ની વાત કરી સૌના કામને બીરદાવ્યું હતું.

આ પ્રસંગે વાઘેલા જાગૃતીબેન એમ. એ ધ્વજવંદન વિધિ કરી હતી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને પૂર્વ સરપંચ તાણા ગીરીશભાઈ એ.પટેલે પોતાના પ્રવચનમાં મહિલા સશક્તિકરણ, બેટી બચાવો અને બેટી ભણાવો સ્વચ્છતા પર ભાર આપ્યો હતો. શાળામાં પ્રાર્થના શેડ બનાવવા માટે દાતાઓને દાન આપવા અપીલ કરી હતી.

શાળાનાં ભુલકાંએ સાંસ્કૃતિક કાર્યક્રમ કરી સૌના દિલ જીતી લીધા હતા. આ કાર્યક્રમની સફળતા માટે સમગ્ર શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે બાળકોના ઈનામ તથા વીડીયો શુટીંગના દાતા રમેશભાઈ પ્રેમજીભાઈ જોશી (જાડાવાળા-દિયોદર) તથા આ જીવન પ્રસાદીના દાતા તાણા ગામના ગોર બકાભાઈ દ્વારા કાજુની પ્રસાદ આપેલી હતી.

અનુસંધાન પાના નં.૬

# વસંતનો વૈભવ



નરસિંહ દેસાઈ

પ્રકૃતિ તેના શ્રેષ્ઠ સમય એટલે કે વસંતના આગમનને વધાવવા સજ્જ બની રહી છે. ચારેકોર વનરાઈ ખીલી ઉઠી છે. વસંતી વાયરાઓ શરૂ થતાં જ બજારમાં ઠેર ઠેર નવી કુંપળો નવા ફુલો આવતાં પ્રકૃતિ સોળે શણગાર સજી ધજી રહી છે. તેવામાં ફળોના રાજા આંબાના વૃક્ષો પર પણ કેરીનો મોર આવતા આંબાનું વૃક્ષ મોર રૂપી ફુલોથી લુમેને ઝુમે રહેલો નજરે પડતાં વસંતનો વૈભવ જોવા મળી રહ્યો છે.

# ડીસાના સેવાભાવી દ્વારા ગરીબ બાળકોને તિથી ભોજન

ડીસા

ડીસા શહેરમાં સેવાકીય સંસ્થા સાથે સંકળાયેલા શંકરભાઇ ખત્રિના પરિવાર દ્વારા દરરોજના ગરીબો માટે નિશુલ્ક ભોજન આપવા આવે છે. તેમના નિવાસ સ્થાને ચાલતા આ નાનકડા સદાવ્રતમાં દરરોજના અસંખ્ય ગરીબ પરિવારો ભોજન લઈ રહ્યા છે. અને ક્યારેક ક્યારેક આ પરિવાર દ્વારા શહેરની તમામ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને પણ મિષ્ટાનવાળું ભોજન પીરસવામાં આવે છે. ત્યારે સ્વર્ગીય ગૌરીબેન મૂલચંદભાઈ અને લાલજીભાઈ કિરી બ્રધર્સ ફેમિલી ટ્રસ્ટ દ્વારા ડીસા શહેરની સ્ટેટ બેન્ક સોસાયટીમાં આવેલા વિનોદકુમાર ખત્રિના મકાન પર ગરીબ બાળકો માટે તિથી ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમના આ કાર્યને બિરદાવયુ હતું.

# થરા જલારામ મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ડીસા

બનાસકાંઠા જીલ્લાના સરહદી તાલુકા કાંકરેજના હૃદયસમા થરા નગરમાં હાઈવે ઉપર નવનિર્મિત પૂજ્ય જલારામ બાપાના મંદિરનો ભવ્યાતિભવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૭,૮,૯ માર્ચ-૨૦૧૯ ફાગણ સુદ-એકમથી ત્રીજ, ગુરૂવારથી શનિવાર સુધી અભૂતપૂર્વ રીતે યોજાનાર છે. સંતો-મહંતો, જાહેર જીવનના મહાનુભાવો, દાતાઓ, આગેવાનો, કાર્યકરો, સ્વયંસેવકો સહીત ખૂબ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી, જલારામ પ્રેમી, ભાઈ-બહેનો આ દિવ્ય અવસરે ઉપસ્થિત રહેનાર છે. સુંદરકાંડ, સત્યનારાયણ ભગવાનની કથા, જલારામ બાપાના ભજનો, ભવ્યાતિભવ્ય શોભાયાત્રા, આનંદપ્રદ લોકડાયરો, આનંદનો ગરબો એમ વિવિધ કાર્યક્રમો થકી સમગ્ર અવસર પ્રેરણાદાયી બનનાર છે. તા. ૦૯/૦૩/૨૦૧૯ ને શનિવારે ૧૨:૩૯ કલાકે પૂજ્ય જલારામબાપા, રામદરબાર, દરિયાલાલદાદા, ગણપતિદાદા, હનુમાનદાદા, યમદેવતા, કુબેરદેવતા, વરૂણદેવતા, નાગદેવતા સહિતની તમામ મૂર્તિઓની રંગેચંગે વાજતે-ગાજતે દિવ્યાતિદિવ્ય પ્રાણ-પ્રતિષ્ઠા થનાર છે.

ત્રણ દિવસ દરમિયાન અંદાજે ૭૦ હજારથી એક લાખ ભાવિકો ભોજનપ્રસાદ લેનાર છે. સમગ્ર ગુજરાત અને ભારતમાંથી અનેક દાતાઓએ પોતાનું આર્થિક યોગદાન આપી ધન્યતા અનુભવી છે. થરા કાંકરેજનો રઘુવંશી લોહાણા સમાજ ઉપરાંત સમગ્ર સનાતન હિંદુ સમાજમાં પ્રતિષ્ઠા મહોત્સવને લઈને અનેરો ઉત્સાહ છે. તા. ૦૮/૦૩/૨૦૧૯ શુક્રવારે થરા નગરમાં હાથી, ઘોડા, પાલખી, ઉંટ, બેન્ડવાજા, રાસમંડળી, ઢોલમંડળી, વેશભૂષા, બળદગાડાં, તલવારબાજી, લેઝીમમંડળી, આસામીનૃત્ય, આદિવાસી નૃત્ય, કાઠીયાવાડી નૃત્ય, નાસિકઢોલ, શરણાઈ, ૧૧ ઘોડેસવારો, બગીઓ સહિતની અભૂતપૂર્વ શોભાયાત્રા થરાના રાજમાર્ગો ઉપરથી નીકળશે. આ શોભાયાત્રા ઉપર અને પૂજ્ય જલારામ બાપાના મંદિર ઉપર દાતાઓ હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા પણ કરનાર છે.

અનુસંધાન પાના નં.૬

# થરાદ-વાવ ઠાકોર સમાજના આગેવાનોની મીટીંગ યોજાઈ



વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

આજ રોજ થરાદ ઠાકોર સમાજની બોર્ડીગમાં થરાદ-વાવ ઠાકોર સમાજના આગેવાનોની મીટીંગનૂ આયોજન કરવામાં આવ્યૂ હતુ. જેમાં સમાજની શૈક્ષણિ સ્કૂલની જમીનની જગ્યા ની ચર્ચા કરવામાં આવી અને આ વર્ષે -વૈશાખ સુદ ગણેશ ચૌથ ને તા/૮/૫/૨૦૧૯/ને બૂધવારના રોજ થરાદ મૂકામે થરાદ-વાવ઼તલુકાના ઠાકોર સમાજના .૫૧.એકાવન થી પણ વધૂ દીકરીયો ના સહમૂ લગ્ન થશે તેવી ભાર પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી આ પ્રસંગે વાવના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર હાજર રહ્યા હતા અને તેમણે જણાવ્યુ હતૂ કે મારો એકનો એક દીકરો છે એપણ આ સહમૂ લગ્નમાં ચાર ફેરા ફેરવીસ જેથી સમાજની અંદર ગરીબ અને અમીરની સમ્માનતા જળવાઈ રહે તેવી ખાતરી આપી હતી આ પ્રસંગે થરાદ સદારામ યુવક મંડળના પ્રમૂખ પ્રધાનજી ઠાકોર-સેનાના પ્રમુખ ભુરાજી રવાજી ઠાકોર વીકાસ સંઘના પ્રમૂખ પ્રવીણજી ઠાકોર રાયચંદજી ઢીમા વીરચંદજી અભેપુરા ડાયાજી મોરથલ, કરસનજી ઠાકોર ધારસીજી ઠાકોર સહીત સમાજના આગેવાન યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ધાનેરા અગ્રવાલ ત્રણ પાસેના કોપ્લેશમાં આવેલ મોબાઈલની દુકાનમાં ચોરી



તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે આવેલ અગ્રવાલ ત્રણ રસ્તા પાસેના એક કોપ્લેશમા આવેલ મોબાઈલની દુકાન મા ચોરી થઈ છે. ધાનેરા પોલિશ મથકે ફરિયાદી ભરતભાઈ શંકરભાઈ જોષીએ પોતાની માલિકીની દુકાનમા મોબાઈલ ફોન ચોરી થયાની અરજી આપી છે. ધાનેરા ઈન્દ્રપ્રસત શોપિંગ સેન્ટરમા ભ્રામણિ જનરલ સ્ટોરની દુકાન ધરવતા ભરત ભાઈ જોષી આજે પણ પોતાના નિત્ય કર્મ પ્રમાણે દુકાને આવ્યા હતા. જો કે દુકાનનું સ્ટર તેમજ લોક તૂટેલો હોવાથી પહેલી નજરે જ જોતા દુકાનમાં ચોરી થયા હોવાનું માલુમ પડ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો આતંક જારી : ૧૧ના મોત

અમદાવાદ

ગુજરાતમાં સ્વાઈન ફ્લુનો કાળોકેર આજે યથાવતરીતે જારી રહ્યો હતો. સ્વાઈન ફ્લુના કારણે આજે એક જ દિવસમાં વધુ ૧૧ લોકોના મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. અન્ય નવા કેસો પણ સપાટી ઉપર આવ્યા છે. ૧૧ લોકોના મોત થતાંની સાથે જ સત્તાવારરીતે મોતનો આંકડો વધીને ૬૨ ઉપર પહોંચ્યો હતો પરંતુ બિનસત્તાવારરીતે મોતનો આંકડ વધીને ૭૦ ઉપર પહોંચી ગયો હતો. દરમિયાન સેંકડો લોકો હજુ પણ સારવાર હેઠળ છે. કેન્દ્રીય આરોગ્યમંત્રાલય પણ સ્વાઈન ફ્લુના કારણે ચિંતિત દેખાઈ રહ્યું છે જેના ભાગરુપે ગુ-જરાત અને પંજાબમાં કેન્દ્રીય ટીમ પહોંચી રહી છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે સ્થિતિના મુલ્યાંકન માટે તથા બિમારીઓથી પહોંચી વળવા માટે કેટલાક પગલા હાથ ધર્યા છે જેના ભાગરુપે રાજ્યોની સહાયતા માટે બે ટીમો પણ મોકલી દીધી છે. આરોગ્ય મંત્રાલયના આંકડા મમુજબ ગુજરાતમાં ૭મી ફેબ્રુઆરી સુધી જ સ્વાઈન ફ્લુથી સત્તાવારરીતે ૫૪ના મોત થયા

અનુસંધાન પાના નં.૬

# થરાદમાં હાઇવે ગેંગ દ્વારા દિલધડક રીતે ચાલુ વાહનમાંથી ચોખાની ચોરી કરાતાં ખળભળાટ

## ટ્રેલરની પાછળ જીપ રાખી ૩૫ કટ્ટાં ઉઠાવ્યાં, ચાલકે કંટ્રોલને ફોન કરતાં પોલીસે ઝડપી પણ લીધાં

પ્રતિનિધિ થરાદ

થરાદમાંથી પસાર થતાં પરપ્રાંતીય વાહનોમાંથી ચોખાનાં કટ્ટાં ચોરાવાની અનેક વખત ફરીયાદો ઉઠી રહી છે.જોકે ગુરુવારની સાંજના સાત વાગ્યાના સુમારે પંજાબ થી કંડલા જવા રોડ પર દોડી રહેલા એક ટ્રેલરમાંથી દસબાર શખસો દ્વારા કોઈ ફિલ્મની જેમ દિલધડક રીતે એક બે નહી પણ ૩૫ કટ્ટાંની ચોરી કરી ટ્રેલરચાલકને સામા થઈ જતાં ભારે ખળભળાટ મચવા પામ્યો હતો.જો કે પોલીસે બારોબાર સગેવગે કરાય તે પહેલાં જીપને રંગેહાથે ઝડપી પણ લીધી હતી.જો કે મોડી સાંજ સુધી કોઈ ફરીયાદ નોંધાવા પામી ન હતી.

સાંચોરથી કંડલાને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગે અનેક રાજ્યોનાં પરપ્રાંતીય માલવાહક વાહનો પસાર થાય છે.જે પૈકી અનેક ટ્રેલરમાંથી ચોખાનાં કટ્ટાં ચોરાવાની ફરીયાદો અવારનવાર ઉઠતી હતી.પરંતુ પ્રાથમિક દષ્ટીએ આવી ઘટનાઓ ચાલકોની મિલીભગત વગર અસંભવ જણાતી હતી. પરંતુ ગુરુવારની સાંજે હાઈવે રોબરી જેવી એક દિલધડક ઘટના પ્રકાશમાં આવતાં પંથકમાં ભારે ચકચાર મચવા પામી હતી.

સાંજના સાતેક વાગ્યાના સુમારે નહેરના માર્ગ પરથી મ્૧૩૮ઝ ૦૬૨૭ નંબરનું એક ટ્રેલર ઉંચી ક્વોલીટી (ફોરેન મોકલાતા)ના ચોખા ભરીને પંજબરથી કંડલા જવા નિકળ્યું હતું.દરમ્યાન પાછળથી એક જીપડાલામાં રહેલા દસથી બાર શખસો એ જોખમી રીતે પાછળથી ટ્રેલરને ભીડાવી દીધું હતું.અને પુરસ્પીડમાં ચાલતા ટ્રેલરની તાડપત્રી અને રસ્સા કાપી તેમાંથી એક બે નહી પણ બે થી અઢી લાખનાં પુરા ૩૫ કટ્ટાં ઉપાડી લીધાં હતાં.આ બનાવ જોઈ જતાં કોઈ કાર ચાલકે ટ્રેલર ચાલકનુ ધ્યાન દોરતા ટ્રેલર ચાલકે જિલ્લા કંટ્રોલ ૧૦૦ નંબર પર જાણ કરી હતી.આથી કંટ્રોલના મેસેજ થી થરાદ પોલીસે તપાસ કરી અછવાડા નજીકથી જીપડાલુ ઝડપી

અનુસંધાન પાના નં.૬

# મોડાસાના રાણા સૈયદ નજીક લકઝરી બસના જાનૈયાઓ અને સ્થાનિકો વચ્ચે લઘુશંકા કરવા બાબતે ધીંગાણું





પ્રતિનિધિ અરવલ્લી

મોડાસા-ધનસુરા બાયપાસ રોડ પર આવેલા રાણાસૈયદ ચોકડી નજીક જાનૈયા ભરી પસાર થતી લકઝરી બસના ચાલકે મુસાફરોને લઘુશંકા માટે બસ ઉભી રાખતા ચોકડી પર ઉભા રહેતા લારી-ફેરિયા વાળાઓએ થોડે દૂર જઈ લઘુશંકા કરવાનું કહેતા જાનૈયાઓ દબંગાઈ પર ઉતારી આવી લારી-ફેરિયાવાળા પર હુમલો કરતા નજીકમાં આવેલા રાણાસૈયદ વિસ્તારના લોકો દોડી આવતા જાનૈયાઓ અને સ્થાનિકો વચ્ચે મારામારી થતા અને પથ્થરમારો થતા મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે દોડી આવી સ્થિતિને કાબુમાં લીધી હતી મારામારી ની ઘટનામાં ૩ લોકોને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે સાર્વજનિક હોસ્પિટલ ખસેડાયા હતા વહેલી સવારે રાણાસૈયદ ચોકડી નજીક થયેલી બબાલ થી અહીંથી પસાર થતા વાહનચાલકો અને આજુબાજુના વિસ્તારના લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો મોડાસા બાયપાસ રોડ પર આવેલી રાણાસૈયદ ચોકડી નજીક વહેલી સવારે રાજસ્થાન તરફથી જાનૈયા ભરી લકઝરી બસના ચાલકે મુસાફરોને લઘુશંકા માટે લકઝરી બસ થોભાવતા જાનૈયાઓ ચોકડી નજીક ઉભા રહેતા લારી-ફેરિયાઓ ની લારી નજીક જાહેરમાં કેટલાક જાનૈયાઓ લઘુશંકા કરતા લારી-ફેરિયાઓએ થોડે દૂર જવાનું જણાવતા જાનૈયાઓ એકાએક ઉશ્કેરાઈ જઈ લારી-ફેરિયાઓ પર તૂટી પડતા હો..હા...હો થતા ચોકડી નજીક રાણાસૈયદ વિસ્તારના લોકો દોડી આવતા જાનૈયાઓ અને સ્થાનિકો વચ્ચે છુટ્ટા હાથની મારામારી થતા અને પથ્થરમારો થતા ભારે ચકચાર મચી હતી લકઝરી બસના કાચ પણ તૂટી ગયા હતા. જાનૈયાઓએ લારીવાળા ફેરિયાઓને માર મારતા લોહી-લુહાણ થતા ઘટનાના પગલે પહોંચેલી મોડાસા ટાઉન ઈન્ચાર્જ પી.આઈ નાગજી રબારી અને તેમની ટીમે તંગ સ્થિતિ પર કાબુ મેળવી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે દવાખાને ખસેડી મામલાને શાંત પાડ્યો હતો મોડાસા ટાઉનપોલીસ સ્ટેશનમાં મુલતાની સમાજના અગ્રણીઓ અને લોકોના ટોળેટોળા અને લકઝરીબસના જાનૈયાઓના ઉમટ્યા હતા બંને પક્ષે સમાધાનના પ્રયત્નો હાથધર્યા હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

# રાજપુરમાં સામાન્ય બાબતે ઝઘડો થતા એક વિરૂધ્ધ ફરીયાદ

હિંમતનગર

હિંમતનગર તાલુકાના રાજપુર ગામે બે દિવસ અગાઉ એક ઈસમે એક શખ્સ સાથે વિના કારણે ઝઘડો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની . ફરીયાદ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી હતી . આ અંગે રાજપુર ગામના રતનસિંહ સરદાસિંહ પરમારે નોધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તા . ૬ ફેબ્રુઆરીના રોજ ગામના નારેશસિહ વિરસિંહ પરમારે આવીને રતનસિંહના દિકરા મહાવીરને કોઈપણ કારણ વિના હાથમાં લાકડી લઈ ધક્કો મારી પાકડી દીધો હતો . તેથી તે અંગે રતનસિંહ પુછવા જતા નરેશસિંહએ ગમે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી . અને મહાવીર પર લાકડીથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી .

જેથી રતનસિંહ પરમારે નરેશસિંહ પરમાર વિરૂધ્ધ ગુરૂવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# હિંમતનગરના વિવિધ વિસ્તારોમાંથી પાંચ બાઈકોની ચોરી થતા ફરિયાદ

હિંમતનગર

હિંમતનગર વિવિધ વિસ્તારો માંથી સાત માસ અગાઉથી આજ દિન સુધી પાંચ બાઈકોની થયેલી ચોરી અંગેની ફરીયાદ ગુરૂવારે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોધાવા પામી હતી .જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે .આ અંગે હિંમતનગરના જેના એલર્ટનગરમાં રહેતા ધવલકુમાર જયંતીભાઈ પટેલે નોધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા .૨ ફેબ્રુઆરીના રોજ તેમના મકાના આગળ પાર્ક કરેલ રૂા .૩૦ હજારની કિંમતના બાઈક નં .જીજે સીજે ૮૧૪૮ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો .જે અંગે તેમણે એ .ડીવીજન પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.આ ઉપરાંત હિંમતનગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ગત નવેમ્બર માસની ૨૫મી તારીખે દિપકભાઈ મણીભાઈ વાઘેલાએ પાર્ક કરેલ રૂા .૧૮ હજારની કિંમતના બાઈક નં .જીજે૦૯સીકે ૪૧૫ર્નો અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો .ટાવર સર્કલ પાસે ગત તા .૪ જાન્યુઆરીના રોજ ધર્મેન્દ્રભાલ કોદરભાઈ વાઘેલાએ પાર્ક કરેલ રૂા .૩૦ હજારની કિંમતના બાઈક નં .જીજેટ્સીડી ૬૯૮૩ ની અજાણ્યો શખ્ત ચોરી કરી લઈ ગયો હતો .તેજ પ્રમાણે ટાવર રોડ પર આવેલ લાઈરી નજીકથી ગત તા .૨૨ / ૮ / ૨૦૧૮ના રોજ મેહુલકુમાર ભરતભાઈ ડબગર પાર્ક કરેલ રૂા .૨૦ હજારની કિંમતના બાઈક નં .જીજે૦૯સીએફ ૨૧૬૫ની અજાણ્યો શખ ચોરી કરી લઈ ગયો હતો .તથા હિંમતનગર સીવીલ સર્કલ પાસે બેંક આગળ પાર્ક કરાયેલ રૂા .૧૨ હજારની કિંમતના કિરણકુમાર પ્રમોદભાઈ ઉપાધ્યાનું બાઈક નં .જીજેસીડી ૦૮૬૦ની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો .જેથી ચાર બાઈક ચોરાયાની ફરીયાદ ગુરૂવારે બી .ડીવીજના પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી .ઉલ્લેખનીય છે કે હિંમતનગર માંથી વાહનચોરીની ઘટનાઓમાં ખુબ જ વધારો થઈ ગયો હોવા છતાં પોલીસતંત્ર આવા વાહન ચાલકોના વાહનો શોધી શકતી નથી.જેના લીધે વાહનચોર ટોળકીન હિંમતનગર સહીત સાબરકાંઠામાં મોકાળ મેદાન મળી રહ્યાં હોય તેવી લાગણી પ્રજામાં ઉભી થઈ છે

# માલીવાડ પંચાયતના સરપંચ વિરૂધ્ધની અવિશ્વાસની દરખાસ્તનો ફિયાસ્કો

## આઠ વિરૂધ્ધ ત્રણથી અવિશ્વાસની દરખાસ્ત ઉડી ગઈ

હિંમતનગર

હિંમતનગર પાસેના માલીવાડ ગ્રામ પંચાયતના મહીલા સરપંચની વિરૂધ્ધ કેટલાક સદસ્યોએ ગત તા . ૨૪ જાન્યુઆરીના રોજ અવિશ્વાસની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુ કરાઈ હતી . ત્યારબાદ શુક્રવારે નિયમ મુજબ અવિશ્વાસની દરખાસત અંગે ચર્ચા કરવા માટે સામાન્ય સભા બોલાવાઈ હતી . જેમાં આઠ વિરૂધ્ધ ત્રણ મતે દરખાસ્તનો રકાશ થતા મહીલા સરપંચની ખુરશી બચી જવા પામી હતી . આ અંગે આધારભૂત સુત્રોમાંથી મળતી માહીતી મુજબ માલીવાડ ગ્રામ પંચાયતના મહીલા સરપંચ મધુબેન પ્રકાશભાઈ ભગોરાની કાર્યપદ્ધિતીથી કેટલાક સદસ્યોમાં નારાજગી પ્રસારી હતી . ત્યારબાદ પંચાયતના તમામ સદસ્યોએ ગત તા . ૨૪ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ તેમની સહીઓ સાથેની અવિશ્વાસની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી સમક્ષ રજુ કરી હતી . ત્યારબાદ શક્રવાર તા . ૮ ફેબ્રુઆરીના રોજ માલીવાડ ગ્રામ પંચાયતમાં નાયબ ટીડીઓ બી એન . રાઠોડના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળી હતી . જેમાં સર્કલ જશુભાઈ જોશી તલાટી જીતેન્દ્રસિંહની હાજરીમાં સામાન્ય સભામાં ઉપસ્થિત સદસ્યોના મત લેવાનો નક્કી થતા હાજર સદસ્યો પૈકી ઉપસરપંચ સલીમભાઈ કાસમભાઈ કણીયા , મોશીનભાઈ યાસીનભાઈ બાવન તથા ઈકબાલભાઈ મેમણે અવિશ્વાસની દરખાસ્તની વિરૂધ્ધમાં મત આપ્યો હતો . જયારે બાકીના આઠ સભ્યોએ મહીલા સરપંચમાં વિશ્વાસ વ્યકત કર્યો હતો . જોકે આ સભામાં દિપકભાઈ દવે નામના સભ્ય ગેરહારજ રહ્યા હતા . ઉલ્લેખનીય છે કે થોડા દિવસ અગાઉ સરપંચ વિરૂધ્ધ બળાપો કાટનાર સભ્યો ગમે તે કારણસર સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરવાનું કરેલુ નાટક ગામમાં ચર્ચાનો વિષય બન્યું હતું .

# મોડાસામાં માર્ગ સલામતી સપ્તાહ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

## સમગ્ર રાજ્યમાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી



પ્રતિનિધિ અરવલ્લી

અંતર્ગત વાહનચાલકોને વિવિધ જનજાગૃતિ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે અરવલ્લી જીલ્લામાં જીલ્લા ટ્રાફિક પોલીસ અને જીલ્લા આરટીઓ તંત્ર દ્વારા અરવલ્લી રેડ ક્રોસ સોસાયટીના સહયોગ થી અનોખી ઉજવણી કરી માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને લોહી વહી જતા અનેક લોકો મોત ના મુખમાં ધકેલાઈ જતા હોય છે અરવલ્લી જીલ્લા એઆરટીઓ કચેરી ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં જીલ્લા પોલીસવડા મયુર પાટીલ, જીલ્લા ટ્રાફિક પી.આઈ જાડેજા, આરટીઓ અધિકારીઓ, અરવલ્લી રેડ ક્રોસ સોસાયટીના ચેરમેન ભરત પરમાર અને કર્મચારીઓ જોડાયા હતા અને રક્તદાન કર્યું હતું તદઉપરાંત એસટી ડેપોના ડ્રાઈવર અને અન્ય વાહનચાલકો માટે આંખોની દ્રષ્ટિના ચેકઅપ કેમ્પનું પણ નિષ્ણાત તબીબો દ્વારા હાથધરાયું હતું

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયૂર પાટિલએ આંખોની તપાસ કરાવી હતી રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર કર્મચારીઓ અને રક્તદાતાઓની સરાહના કરી હતી જિલ્લા પોલિસ વડાએ તેમના સંબોધનમાં જણાવ્યું હતું, કે અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા વ્યક્તિને સૌથી પહેલા રક્તની જરૂર હોય છે, ત્યારે રક્તદાન જેવી શિબિરથી એકઠું કરાયેલુ રક્ત અનેક લોકોની જિંદગી માટે આશિર્વાદરૂપ સાબિત થઈ શકે છે રક્તદાન એજ મહાદાન હોવાનું જણાવ્યું હતું

# કાણીયોલમાં ધિંગાણા બાબતે ૧૧ વિરૂધ્ધ સામ સામી ફરીયાદ નોંધાઈ

હિંમતનગર

હિંમતનગર તાલુકાના કાં-કણોલ ગામે ત્રણ દિવસ અગાઉ બે કોમો વચ્ચે થયેલા ઝઘડાએ ધિંગાણાનું સ્વરૂપ ધારણ કરતા પોલીસે ગુરૂવારે દસ જણા વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી . ત્યારબાદ સામા પક્ષે પણ મોડેથી ૧૧ જણા વિરૂધ્ધ ફરીયાદ નોધાવતા પોલીસે બંને પક્ષોની ફરીયાદને આધારે આગળની તપાસ હાથ ધરી છે . આ અંગેની વિગત એવી છે કે ત્રણ દિવસ અગાઉ પટેલો અને રજપુતો વિરૂધ્ધ ગાડી રિવર્સ લેવા બાબતે થયેલા ઝઘડા બાદ પટેલ કોમના એક સભ્યએ દસ રજપુતો વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવી હતી ત્યારબાદ ગુરૂવારે મોડેથી આ મામલે ખણુસા ગામના રાજપાલસિંહ ધનસિંહ રહેવરે ખણુસા ગામના દસ પટેલ વિરૂધ્ધ સામી ફરીયાદ નોંધાવી હતી . જેમાં આક્ષેપ કરાયો છે કે અર્જુનસિંહ વિરેન્દ્રસિંહ સાથે રસ્તા પર કાર ઉભી રાખવા માટે ૧૧ જણાએ ગાળો બોલી માર મારતા એક જણાને ઈજા પહોંચાડી હતી . તથા અન્ય લોકોને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી રાજપાલસિંહ રહેવરે ફાણીયોલ ગામના ભિખાભાઈ બબાભાઈ પટેલ , વસંતભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, અશોકભાઈ દેવકરણભાઈ પટેલ, હિતેશભાઈ બહેચરભાઈ પટેલ , વિશાલભાઈ ભિખાભાઈ પટેલ , નૈમેશભાઈ મણીલાલ પટેલ , હિમેશભાઈ મુકેશભાઈ પટેલ, બાબુભાઈ દેવકરણભાઈ પટેલ , બબુલભાઈ ઈશ્વરભાઈ પટેલ , વિરલભાઈ મુકેશભાઈ પટેલ તથા વિરાટભાઈ રોલેષભાઈ પટેલ ( તમામ રહે . ખણુસા ) તથા ૨૦ વધુના ટોળાં વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી . જેથી પોલીસે બન્ને પક્ષોની ફરીયાદને આધારે આગળની તપાસ હાથ ધરી છે .

# હિંમતનગર ભાજપ યુવા મોરચા દ્વારા "નેશન વીથ નમો વોલન્ટીયર"સંમેલન





હિંમતનગર

હિંમતનગર ભારતીય જનતા યુવા યુવા મોરચા સાબરકાંઠા જિલ્લા દ્વારા આયોજિત "નેશન વીથ નમો વોલન્ટીયર"સંમેલન વડાલી કોલેજ ખાતે રાખવામાં આવેલ તેમાં વિશેષ ઉપસ્થિતિ રાષ્ટ્રીય યુવા મોરચા કારોબારી સભ્ય દર્શકભાઈ ઠાકર, સાબરકાંઠા જીલ્લા મહામંત્રી તખતસિંહ હડિયોલ,

અશોકભાઈ જોશી, યુવા મોરચાના પ્રભારી નીતિન ભાઈ દેસાઈ અને સાબરકાંઠા જિલ્લા યુવા યુવા મોરચાના પ્રમુખ કલ્પિત દવે અને હોદ્દેદાર ઉપસ્થિત રહ્યા હતા.

# વિશ્વભરમાં આત્મહત્યાને કારણે થતાં મોતમાં એક તૃતીયાંશનો ઘટાડો

વૉશિંગ્ટન

વિશ્વભરમાં આત્મહત્યાને કારણે થનારા મોત મામલે વર્ષ ૧૯૯૦ બાદ આશરે એક તૃતીયાંશનો ઘટાડો નોંધાયો છે. અમેરિકામાં જાહેર કરાયેલા એક અભ્યાસમાં આ દાવો કરવામાં આવ્યો છે. ધ બીએમજે પત્રિકા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલા આ અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે, ૨૦૧૬માં આત્મહત્યા કરનારા લોકોમાં અંદાજે ૪૪.૨ ટકા લોકો ભારત અને ચીનમાંથી હતાં.

અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે, ૧૯૯૦થી ૨૦૧૬ દરમિયાન આત્મહત્યાના કારણે થનારા મોતની સંખ્યામાં ૬.૭ ટકાનો વધારો જોવા મળ્યો હતો, પરંતુ ઉંમરને આધાર પર આ દરને સરખાવતા શોધકર્તાઓએ નોંધ્યું કે, આ સમયગાળામાં આત્મહત્યાથી થનારા મોત મામલે વૈશ્વિક મૃત્યુદરમાં આશરે ૩૩ ટકાનો ઘટાડો નોંધાયો છે.

અમેરિકાની વોશિંગ્ટન યૂનિવર્સિટીના સંશોધનકર્તાઓએ નોંધ્યું કે, આત્મહત્યાને કારણે થનારા મોતનો દર મહિલાઓની સરખામણીએ પુરૂષોમાં વધારે છે. સાથે જ સામાજિક અને આર્થિક નુકસાન સંબંધિત મામલાઓમાં આત્મહત્યા કરનારાની સંખ્યા સૌથી વધુ છે. આત્મહત્યા જનસ્વાસ્થ્યનો વૈશ્વિક મુદ્દો છે, અને દર વર્ષે અંદાજે ૮ લાખ મોત નોંધાઈ છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું લક્ષ્ય ૨૦૧૫થી ૨૦૩૦ દરમિયાન આત્મહત્યાથી થનારા મૃત્યુની સંખ્યાને એક તૃતીયાંશ સુધી ઘટાડવા માગે છે.

# ગોડ બ્લેસ ફાઉન્ડેશન દ્વારા પક્ષીઓ માટે ચણનું વિતરણ

વિજયનગર

વિજયનગર તાલુકાની જ્ઞાનકુંજ (સ્માર્ટ સ્કૂલ) પ્રોજેક્ટ ધરાવતી ઉખલાડુંગરી

પ્રા.શાળામાં જયારથી જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું અમલીકરણ થયું છે ત્યારથી બાળકોમાં શિક્ષણ અને ટેકનોલોજી

પ્રત્યે અસરકારક પરિવર્તન જોવા મળેલ છે,જેના ઉદાહરણ રૂપ CS CS PATHSHALA અંતર્ગત લેવાયેલ બેબ્રાસ ચેલેન્જ પરિક્ષામાં શાળાનાં નવ બાળકો દેશ લેવલે દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ

ત્યારબાદ હાલમાં એન.એમ.એમ.એસ.શિષ્ય વૃત્તિ પરિક્ષામા ધોરણ ૮ ના ૧૦ બાળકોની મેરીટ માં પસંદગી થયેલ .

જે બદલ શાળાના આચાર્ય શ્રી,તથા રાકેશ પટેલ અને સમગ્ર શાળા પરિવાર વતી બાળકોને બિરદાવવામાં આવ્યા.

# સુરતમાં પબજી ગેમ રમવા પર પ્રતિબંધ મુકાયો

સુરત

બાળકોના માનસ પર ગેમ રમવાને કારણે થતી ખરાબ અસરને ધ્યાનમાં રાખીને સુરત પોલીસ કમિશ્નરે સુરત શહેરની હદમાં આવતા વિસ્તારમાં પબજી ગેમ રમવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ અંગે કમિશ્નર ઓફિસ તરફથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ જાહેરનામું ૧૫મી માર્ચ સુધી અમલમાં રહેશે. આ પહેલા ખૂબ જ ખતરનાક બ્લૂ વ્હેલ ગેમ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવી ચુક્યો છે.

જાહેરનામામાં કહેવામાં આવ્યું છે કે બાળકોના કુમળા માનસ પર વિપરિત અસર કરતી પબજી કે આત્મહત્યા માટે દુષ્પ્રેરિત કરતી બ્લૂ વ્હેલ ગેમ પર પોલીસ કમિશ્નર સતીર શર્માએ પ્રતિબંધ જાહેર કર્યો છે.જાહેરનામા પ્રમાણે પબજી તેમજ બ્લૂ વ્હેલ ચેલેન્જ મારફતે ક્યુરેટરના એડમિનિસ્ટ્રેટરના રોલ પ્લે કરવા, આત્મહત્યા માટે ઈન્ટરનેટના માધ્યમથી દુષ્પ્રેરિત કરવા અથવા કોઈ વ્યક્તિને આવી કોઈ ગતિવિધિમાં સામેલ હોય તેની માહિતી મળે તો નજીકના પોલીસ સ્ટેશનમાં લેખિતમાં અથવા મૌખિક જાણ કરવી.

જાહેરનામામાં એવું પણ કહેવામાં આવ્યું છે કે ઈન્ટરનેટ સેવા પૂરી પાડતી કંપનીઓ તેમજ ગૂગલ ઈન્ડિયા, ફેસબુક, વોટ્સએપ, ઈન્સ્ટાગ્રામ માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓએ પબજી, બ્લૂ વ્હેલ ચેલેન્જ ગેમ તેમજ તેના જેવી બીજી ગેમની લિંકો પોતાની કંપની મારફતે ઉપયોગમાં લેવામાં આવતી હોય તો તેને હટાવી દેવાની રહેશે. ગુનાની તપાસ કામગીરીમાં સામેલ એજન્સી તેમજ શૈક્ષણિક સંશોધનો માટે આ ગેમનો ઉપયોગ કરનાર લોકોને આ પ્રતિબંધમાંથી મુક્તિ મળશે. આ હુમકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર બનશે.

નોંધનીય છે કે તાજેતરમાં સરકારના આદેશથી પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા તમામ ડીપીઓને પરિપત્ર કરીને સ્કૂલોના બાળકોને પબજી ગેમ રમતા રોકવા આદેશ કરવામાં આવ્યો હતો.

## ગુજરાતમાં સ્વાઈન...

પાના નં .૩ ચાલુ

હતા અને ૧૧૮૭ કેસ નોંધાયા હતા. આ આંકડો નવમી ફેબ્રુઆરીના દિવસે વધીને સત્તાવારરીતે ૬૨ અને બિનસત્તાવારરીતે ૭૦ ઉપર પહોંચ્યો હતો. પંજાબ અને રાજસ્થાનમાં પણ હાલત કફોડી બનેલી છે. પંજાબમાં ૩૦ના મોત થયા છે અને ૩૦૧ કેસ નોંધાયા છે. સ્વાઈન ફ્લુના લીધે દેશભરમાં ૨૨૬થી વધુના મોત થઇ ગયા છે. વર્ષ ૨૦૧૯માં જાન્યુઆરી બાદથી હજુ સુધી રાજ્યમાં કુલ દર્દીઓની સંખ્યા ૧૨૦૦થી પણ ઉપર પહોંચી ગઈ છે જ્યારે સ્વસ્થ થઇને ઘરે પરત ફરેલા દર્દીઓની સંખ્યા ૬૫૦ જેટલી નોંધાઈ છે. સ્વાઈન ફ્લુની અસર થયા બાદ સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા હાલમાં ૪૦૦ની આસપાસ હોવાનું જાણવા મળી રહ્યું છે. સારવાર હેઠળ રહેલા ઘણા દર્દીઓની હાલત સારી નહીં હોવાનું પણ જાણવા મળ્યું છે. આજના આંકડાને ધ્યાનમાં ન લેવામાં આવે તો પણ સ્વાઈન ફ્લુનો સૌથી વધારે પ્રકોપ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જોવા મળ્યો છે જ્યાં જાન્યુઆરી મહિનામાં આ રોગથી ગ્રસ્ત લોકોની સંખ્યા ૨૧૩ ઉપર પહોંચી હતી. ફેબ્રુઆરી મહિનાના એક જ સપ્તાહના ગાળામાં આ સંખ્યા ૧૩૪થી પણ ઉપર પહોંચી ગઈ છે. જાન્યુઆરીથી લઇને હજુ સુધી અમદાવાદમાં છના મોત થઇ ચુક્યા છે જ્યારે ૧૫ લોકોના મોત તો ટૂંકા ગાળામાં જ થયા છે. આજે સ્વાઈન ફ્લુથી ગ્રસ્ત લોકોના જે વિસ્તારમાં મોત થયા હતા તેમાં રાજકોટમાં બે અને વડોદરામાં એક વ્યક્તિના મોતનો સમાવેશ થાય છે. વડોદરા અને અમદાવાદમાં સ્વાઈનફ્લૂનો આતંક વધારે દેખાઈ રહ્યો છે. સ્વાઈન ફ્લૂથી બચવા માટે તંત્ર દ્વારા અલગ વ્યવસ્થા અમદાવાદ સહિતના મહાનગરપાલિકા વિસ્તારમાં જુદી જુદી હોસ્પિટલમાં કરવામાં આવી છે. ગયા વર્ષે સ્વાઈન ફ્લૂના મોટી સંખ્યામાં કેસો નોંધાયા હતા. તંત્ર દ્વારા આંકડા પણ જારી કરવામાં આવ્યા હતા. દેશના સ્વાઈન ફ્લૂ ગ્રસ્ત સૌથી વધારે આંકડા ધરાવતા રાજ્યોમાં ગુજરાત પણ સામેલ રહ્યું હતું. રાજસ્થાન સહિતના રાજ્યોમાં સ્વાઈન ફ્લૂના કેસો સપાટી પર આવી ચુક્યા છે. અમદાવાદ સહિત રાજ્યમાં સ્વાઈન ફ્લુના કારણે ખળભળાટ મચી ગયો છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુના મોત ૨૦૧૯માં દેશમાં ત્રીજા સૌથી વધુ થયા છે. આજે નવા કેસો સપાટી ઉપર આવતા કેસોની સંખ્યા વધીને ૧૨૦૦થી વધુ પહોંચી ગઈ હતી. નવા વર્ષમાં મોતનો આં-કડો રોકેટગતિએ વધતા તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. અમદાવાદમાં સૌથી વધારે સ્વાઈન ફ્લુના કેસ સપાટી ઉપર આવી રહ્યા છે.

## થરાદમાં હાઇવે...

પાના નં .૩ ચાલુ

લઈ પોલીસ મથક લાવ્યુ હતું.જો કે ગેંગના શખસો નાસી છુટ્યા હતા.બીજી બાજુ શનિવારે થરાદ પોલીસે ખોડા ચેકપોસ્ટે રોડપરથી અજાણ્યા શખસો દ્વારા ફરીયાદીના ઁમ૧૩૮ઝ ૦૬૨૭ નંબરના ટ્રેલર માંથી રસ્સા તેમજ તાડપત્રી કાપી રૂપીયા ૧૦૨૦૦૦ની કિંમતનાં ૩૪ ચોખાનાં કટ્ટાંની ચોરી કર્યાની ટ્રેલર ચાલક કુલવંતસિંહ બાબુસીહ જાટ રહે.વિલાસપુર તા.નિહાલ જી.મોકા ની ફરીયાદ લીધી હતી.અને અજાણ્યા શખસો સામે ગુનો દાખલ કર્યો હતો.

## થરા જલારામ...

પાના નં .૩ ચાલુ

જીલ્લા વહીવટી તંત્ર અને સ્થાનિક પોલીસ તંત્ર સહિત સૌનો પૂર્ણ સહકાર પણ મળનાર છે. બહાર ગામથી પધારનાર ભાઈઓ-બહેનો માટે રૂની, થરા, તાણા, કાકર સહિતના ગામોમાં ઉતારાની વ્યવસ્થા પણ કરેલ છે. આ અવસરે ગાંધીનગર, અમદાવાદ, ધાનેરા, થરાદ, રાધનપુર, પાટણ, દિયોદર, શિહોરી, ભાભર, ભીલડી, પાલનપુર, વારાહી સહિત અનેક સ્થળોએથી થરા આવવા માટે સ્થાનિક જલારામ ભક્તો દ્વારા નહીં નફો નહીં નુકશાનના ધોરણે ગાડીઓની પણ વ્યવસ્થા કરનાર છે.

## કાંકરેજના ઉંબરી...

પાના નં .૩ ચાલુ

વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા પણ ઉપસ્થિત રહેશે જોકે બનાસકાંઠા જિલ્લાના બનાસ બેંક અને બનાસ ડેરી ના શંકરભાઇ ચૌધરી પણ આમંત્રણ ને માન આપીને પધારશે ઉંબરી જાગીરદાર રાજપૂત પરિવાર તરફથી શ્રી હિંગળાજ માતાજી ની અસીમ કૃપાથી તેમજ ગુરૂગાદી ઓગડનાથજી મહારાજ ના આશીર્વાદ થી ઉંબરી મુકામે નવીન શિવાલયમાં પાતાળેશ્વર મહાદેવની પ્રાણ પ્રતિષ્ઠા મા સમસ્ત ઉંબરી ગામ પરિવાર દ્વારા ધર્મપ્રેમી જનતાને ભાવભીનું આમંત્રણ આપવામાં આવ્યું છે પટાળેશ્વર મહાદેવ મંદિર ની પ્રાણ પ્રતિષ્ઠા માં ઉપસ્થિત રહેવા માટે ઉંબરી નગરજનો એ આવકાર્ય દાયક જણાવ્યું હતું એટલે આ ત્રિદિવસીય મહોત્સવ માં લાખોની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે અને ધાર્મિક કાર્યક્રમો નિહાળી ભજન ભોજન સાથે દર્શન કરીને ધન્યતા અનુભવી પોતાના જીવનમાં સફળતા પ્રાપ્ત કરશે આમ વિકમ સંવત ૨૦૭૫ ના મહા સુદ ૮/૯/૧૦ ને બુધ. ગુરૂ. શુક્રવાર તારીખ ૧૩/૧૪/૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ દરમિયાન ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નું ભવ્ય ઉજવણી કરવામાં આવશે જેની દરેક ધર્મપ્રેમી જનતાને પધારવા વિનંતી કરી છે હર હર મહાદેવ જય ઓગડનાથ ના જયઘોસ સાથે સમગ્ર ઉંબરી ની ગલીઓમાં એકજ ધ્યેય છે અમારા આંગણે પધારો હરિ

સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે અને મંડપ સહિત તમામ વિવિઆઈપી ઓ માટે અલગથી મોટો સ્ટેજ ઉભો કરવામાં આવ્યો છે અને મંડપ ડેકોરેશન ની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## ધાનેરા અગ્રવાલ...

પાના નં .૩ ચાલુ

આસપાસના દુકાનદારો પણ દોડી આવ્યા હતા. જો કે દૂકનનું સ્ટર ઊંચું કરી જોતા અંદર પડેલો માલડસમાંન વેરવિખેર હતો. જયારે દુકાનમાં પડેલ મોબાઈલ ફોનની ઉઠામતરી કરી ઈસમો ફરાર થઈ ગયા હતા. ફરિયાદી ભરતભાઈ આ બાબતે ધાનેરા પોલીસ મથકે ચોરી થયાની ફરીયાદ આપવા માટે પહોંચ્યા હતા. જો કે ફરજ પરના પોલીસ અધિકારીએ આ મામલે માત્ર જાણવા જોગ ફરિયાદ કરી હતી.

## કાંકરેજ તાલુકા...

પાના નં .૩ ચાલુ

અને ૪૦ જેટલા ગામો ની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે ત્યારે બાકી રહેલા ગામોનું ચુકવણું ચાલુ છે ત્યારે કેન્દ્ર સરકારે નવી યોજના હેઠળ દરેક ખેડૂતો ને એક વર્ષમાં ત્રણ હપ્તે ૨૦૦૦રૂપિયા જમા કરાવી ખેડૂતો ને સહાય કરી પગભર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે ત્યારે આ ઉપરાંત દશ દિવસ માં આગામી સમયમાં દરેક ખેડૂત ખાતેદારો ના ખાતામાં રૂપિયા પ્રથમ હપ્તે ૨૦૦૦ જમા થાય તે માટે આગોતરી તૈયારીઓ શરૂ કરી છે અને ગ્રામપંચાયત તલાટી કોમ્પ્યુટર ઓપરેટર ફોર્મ ભરી ખેડૂતો ને મદદરૂપ થશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

## તાણા પે.કેન્દ્ર...

પાના નં .૩ ચાલુ

પ્રાર્થના શેડ બનાવવા માટે ગ્રામજનો તથા શાળા પરિવાર દ્વારા ૧૧૦૦૦ રૂા.ગીરીશભાઈ અંબાલાલ પટેલ સરપંચ, ૧૧૦૦૦ રૂા.તેજાભાઈ રાણાભાઈ દેસાઈ-તાલુકા પંચાયત સદસ્ય તાણા, ૧૧૦૦૦ રૂા.હર્ષદકુમાર ઈશ્વરલાલ ઠક્કર હેમાની મોલ થરા,૧૧૦૦૦ રૂા. રમેશભાઈ પ્રેમજીભાઈ જોષી જાડાવાળા દિયોદર, ૧૧૦૦૦ રૂા.અર્પીતકુમાર વિષ્ણુભાઈ પટેલ કાંકરેજ એન્ટરપ્રાઈઝ થરા, ૧૧૦૦૦ રૂા.તરૂણાબેન પરેશકુમાર ઠક્કર શિક્ષક તાણા પે.કેન્દ્ર શાળા, ૧૧૦૦૦ રૂા.વસંતીબેન વીરાભાઈ પટેલ શિક્ષક તાણા પે.કેન્દ્ર શાળા, ૧૧૦૦૦ રૂા. સરતાનભાઈ પીરાભાઈ દેસાઈ આચાર્ય તાણા પે.કેન્દ્ર શાળાને દાન આપ્યું હતું.

## કૈલાસનગર સંઘમાં...

પાના નં .૩ ચાલુ

દીક્ષાર્થીનો જયજયકાર સાથે સંગીતકારોએ યૌવન વયમાં સુખ છોડનારા મહાન અને સંયમ આજે મળ્યું. ગીતની ધૂન મચાવી પછી ચારે મુમુક્ષુઓએ ગુરૂ ગૌતમ અને ચંદન બાલાનો વેષ ધારણ કરી વીર સંન્યાસ વાટિકામાં પ્રવેશ કરતાં હજારો લોકો નાચી બોલ્યા. નૂતન દીક્ષિત અમર રહોના નાદથી મંડપ ગૂંજી ઉઠ્યો. પછી પાત્રાદિ ઉપકરણના ચઢાવા થયા પછી લોચ થયો પછી નૂતન દીક્ષિતના નામકરણની વિધિ થઇ.

રાકેશભાઇ બન્યા મુનિ ચિન્મયરત્નવિ મીતકુમાર બન્યા. મુનિ મોહજિતરત્ન સીમાબહેન બન્યા. સા. ગુણદ્રષ્ટિ રેખાશ્રીજી શૈલીકુમારી બન્યા. સા. તત્વદ્રષ્ટિરેખાશ્રીજી મ.સા.

## અમીરગઢ ખાતેના ...

પાના નં .૮ ચાલુ

બેંકના એ.ટી.એમ. મોટાભાગે બંધ હાલતમાં જ જોવા મળતાં હોય છે. કાંતો રૂપિયા ના હોય મશીનમાં લોકો પોતાના કામથી અહીયા આવે છે પણ એ.ટી.એમ. મશીનો અવાર-નવાર બંધ હાલતમાં જ મળતાં હોવાથી પોતાના રૂપિયા પણ પોતાના કામ માટે વાપરી શકતા નથી અને લોકોના કામો અટવાઇ જાય છે અને આમ પ્રજાને મુશ્કેલી તથા રૂપિયા વગર પોતાના કામ કર્યાં વગર જ પરત ફરવા મજબૂર બને છે. નોંધપાત્ર છે કે એ.ટી.એમ. મશીનો ખુલ્લા હોય પણ મોટાભાગે રૂપિયા ન હોય કાંતો મશીન બંધ જ પડ્યા હોય છે. અમીરગઢ તાલુકાની પ્રજા બેંકના કર્મચારીઓથી ત્રાહીમામ પોકારી ગઇ છે. એ.ટી.એમ. ચાલુ હોય ત્યારે રૂપિયા ના હોય અને રૂપિયા હોય ત્યારે સીસ્ટમ ચાલુ ના હોય પ્રજાના રૂપિયા પ્રજા પોતાના કામ માટે નથી વાપરી શકતી નથી અને નિરાશ થઇ પરત ફરતી હોય છે.

## બનાસકાંઠાના...

પાના નં .૮ ચાલુ

તરીકેના રાષ્ટ્રીય ઍવોર્ડથી સન્માન કરવામાં આવ્યું. હીરાના વ્યવસાયી સુરેશ લાલણનુ સંઘષ 'અને સફળતાની કહાની સૌકોઈ માટે પ્રેરણા આપનારી છે. બનાસકાંઠા જીલ્લાના છેક સરહદી ગામ ભરડવામાં જન્મેલા સુરેશભાઈને માત્ર દસમહીનાની બાળવયે પૉલિયો થયો, બહાર ગામજવું હોય તો ૫ કિ.મી.ચાલીને ગયા પછી બસ મળે એવા સંજોગોમાં આજથી ૪૬ વર્ષ પહેલાં તેમના માતા પિતાએ શરૂ કરેલી મહેનત આજે રંગલાવી છે. ગામમાં માત્ર ૭ ધોરણ સુધીની જ શાળા હોવાથી ઘસડાઇને બસીને ચાલતા દિકરાને બહારગામ ભણવા મોકલવાની કૂનેહ દાખવી તથા શરૂઆતથીજ સારામાં સારી દાકતરી સારવાર કરાવવાની અઢળક મહેનત કરી છેક ૧૯૯૪માં વિસખાપટ્ટનમ ખાતે શ્રીડૉ.આદી નારાયણ રાવ પાસે સર્જરી કરાવી પોતાના બાળકને બેઘોડી અને એક પગ માંકેલિપર રાખીને ચાલતો કર્યો. સમજણા થયા ત્યારથી જ ડૉકટર થવાના અભરખા સેવતા, ભણવામાં અત્યંત તેજસ્વી એવા સુરેશભાઇને માત્ર એજ કારણસર મેડીકલમાં એડમિશન ના મળ્યું કે તે ઉભા થઇ શક્તા ન હતા. પછીની અત્યંત સંઘર્ષ પછીની સફળતાની કહાની બેમિસાલ છે. કાચાહીરાનું એસોર્ટ મેંટ શીખવાથી શરૂ કરી, એક પ્રતિષ્ઠીત ડાયમંડ પેઢીમાં મોટા હોદાપર રહ્યા પછી પોતાની 'સ્પાર્કલડાયમંડ' નામની કંપની સ્થાપનાર સુરેશભાઇ છેલ્લા ઘણા વરસોથી અંદાજે ૧૫૦ લોકોને રોજગારી આપે છે અને એમણે આટલી મોટી સંખ્યામાં રોજગારી આપનાર દુનિયાના એકમાત્ર વિકલાંગ વ્યક્તિ તરીકે નાગીની જવર્લ્ડરેકૉડ 'માટે પોતાની દાવેદારી નોંધાવી છે.પોતે વેપારી હોવા ઉપરાંત એક સારા લેખક અને કવિ પણ છે. સુરેશભાઈએ આ ઍવોર્ડ પોતાના માતા-પિતાને અર્પણ કરવા ઉપરાંત સતત સહયોગ બદલ પોતાના પરિવારજનોનો પણ આભાર વ્યક્ત કર્યો છે.

## દીઓદર મામલતદાર...

પાના નં .૮ ચાલુ

કરેલ. રામપુરા ધુ ગામે બનાસડેરી દ્વારા ખેડુતો માટે લગાવવામાં આવેલ એટીએમ મશીનને પણ અજાણ્યા ઈસમોએ ગેસ વેલ્ડીંગ વડે એટીએમનું પતરૂ તોડી ચોરી કરવાનો પ્રયાસ કરેલ. આ અંગેની જાણ મંડળીના સદસ્યોને થતાં તાત્લીક દીઓદર પોલીસને જાણ કરવામાં આવી હતી.

## થરાદ - ઢીમા ...

પાના નં .૮ ચાલુ

ચાલતા રોડના કામ માટે કપચી ઉતારતી વખતે હેવી વીજ લાઈનમાં શોર્ટસર્કિટ થવાના કારણે આ ડમ્પર આગનો ભોગ બન્યું હતું.જોકે સદભાગ્યે આ ઘટનામાં ડમ્પર ચાલકનો આબાદ બચાવ થયો હતો.બનાવની જાણ થતાં ઘટના સ્થળે લોકોએ ના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. નગરપાલિકાની ફાયરફાઇટર ટીમે પણ ઘટના સ્થળે પહોંચી જઇ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લેતા વધુ નુકશાની અટકી ગઈ હતી.

## ભીલડી રેલવે ...

પાના નં .૮ ચાલુ

કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, આ શખ્સ રાજકીય વગ ધરાવતો હોવાથી તેણે નરસિંહભાઇ દેસાઇ સહિત અન્ય કર્મચારીઓની બદલી કરાવી હતી. ત્યારે નરસિંહભાઇ દેસાઇને પરત ભીલડી રેલવે પોલીસમાં લાવવા ઓબીસી એકતા મંચ તથા ગોપાલ સેના દ્વારા શનિવારે ડીસા રેલવે પોલીસને રજૂઆત કરવામાં આવી હતી અને જો તેમની બદલી રોકવામાં નહીં આવે તો આગામી સમયમાં રેલ રોકો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી હતી તેવું ઓબીસી એકતા મંચના સાગર દેસાઈએ જણાવી એક આઇ.પી.એસ. અધિકારીના ઈશારે બદલી કરાઇ હોવાનો આક્ષેપ પણ કર્યો હતો.

## વાવ તાલુકા ...

પાના નં .૮ ચાલુ

ની ચૂંટણી પૂર્વે વાવ તાલુકા પંચાયત કચેરીના નવિન બિલ્ડીંગ માટેની ફાઇલમાં સહી કરી બાંધકામની મંજૂરી આપવામાં આવે તે જનહીતમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સૂઈગામ-લાખણીને પાછળથી તાલુકા કક્ષાનો દરજ્જો મળ્યા છે છતાં કરોડો રૂપિયાના ખર્ચે સેવા સદન બિલ્ડીંગો બની ગયા છે. જ્યારે વાવ તાલુકા પંચાયત કચેરી જૂના ખંડેર મકાનમાં કાર્યરત છે.




# હોસ્ટેલમાં આગનો સામનો કરતી વીરબાળાઓ કવિતા અને સીમા કંવર

## એનું નામ છે જીવન

નટવર હેડાઉ

**ગતાંકથી ચાલુ**

હાં..હાં.. જોયેલી આશાએ એકદમ કહ્યું.

ક્યાં....ક્યારે ? સીમાએ ઉત્સુકતાથી પુછ્યું.

કાલે તારા જ હાથમાં જોયેલ જયારે તું રૂમ સાફ કરતી હતી ત્યારે...આશાએ તેની મજાક ઉડાવતાં કહ્યું.

શું તુંયે...સીમા શરમાઈ ગઈ..

તું તારી સાવરણી વરંડામાં શોધ આની તો મજાક કરવાની આદત છે..દેવકુમારીએ હસતાં હસતાં કહ્યું અને પોતાના રૂમ તરફ ચાલતી થઈ.

સીમા પોતાની સાવરણી વરંડામાં શોધવા નજર દોડાવવા લાગી.ત્યાં કોઈ સીડીએથી નીચે ઉતરતું હોય એવો અવાજ આવ્યો. નજીક આવતાં તેણે જોયું તો એ કવિતા હતી. એ હજુ કવિતાને પોતાની સાવરણી બાબતમાં પુછવાની જ હતી ત્યાં રસોડામાંથી એક જોરદાર ધડાકાનો અવાજ સંભળાયો અને મોટી મોટી જવાળાઓનો પ્રકાશ દેખાયો. એ સાથે જ બચાવો.. બચાવો.. ના અવાજો સંભળાયા.

આશ્ચર્ય પામેલી સીમા હજુ કંઈ સમજે એ પહેલાં કવિતા સીધી રસોડા તરફ દોડી.તેને જતી જોઈને સીમા પણ તેની પાછળ પાછળ અવાજની દિશામાં દોડી. એમાં બન્યું હતું એવું કે સંગીતા હાથમાં ફાનસ લઈને આગળ હતી અને તેની પાછળ સરસ્વતી અને શશીકલા પણ આવતી હતી. કોઈથી ભુલથી ગેસનો વાલ્વ ખુલ્લો રહી ગયેલો.જ્યાં સુધીમાં આ બહેનપણીઓ કંઈ સમજે તે પહેલાં ભક્ક અવાજ સાથે તેમના હાથમાં રહેલ ફાનસના સંપર્કમાં રાંધણ ગેસ આવતાં ભભૂકયો અને તેના પ્રેશરથી બહારનું બારણું 'ધડાક' દઈને બંધ થઈ ગયું. અચાનક બનેલ આ બનાવથી છોકરીઓ ગભરાઈ ગઈ અને તેમના મોંમાંથી ચીસ નીકળી ગઈ. જે અવાજો સાંભળતાં કવિતાને અને સીમાને લાગ્યું કે કંઈક બન્યું છે. કવિતા જ્યારે દોડતી ત્યાં પહોંચી ત્યારે બારણું બંધ હતું અને તેની અંદરથી છોકરીઓની ચીસો સંભળાતી હતી. તેણે એક પળનોય વિલંબ કર્યા વિના બારણાને એક જોરદાર ધક્કો માર્યો અને એક ઝાટકે અંદર ઘુસી બારણું ખુલતાં જ હવાના દબાણને લીધે આગની જવાળા બારણા તરફ આવી અને તેણે અંદર ઘુસી આવેલી કવિતાને ઘેરી લીધી..

અંદરની આખી ખાલી જગ્યા આગથી ભરેલી હતી. આગમાં ઘેરાયેલ છોકરીઓ ખુબ ચીસાચીસ કરતી હતી. કવિતાએ ઓરડાની અંદર આવી હાલત હશે તેની કલ્પના પણ કરી ન હતી. અચાનક આ રીતે આગમાં કુદી પડવાને કારણે કવિતાના વાળ અને શરીર પરનાં કપડાને આગે પકડી લીધા તો બીજી તરફ આ આગમાં પહેલેથી ફસાયેલ સંગીતા, સરસ્વતી અને શશીકલા બચવા માટે તરફડતી હતી. કવિતાને નજીક ઓલ જોઈ બચવા માટે એ તેની પાસે આવી તેમનાં કપડાં આગમાં સળગતાં હતા. દુ:ખાવા અને બળતરાને કારણે તેમના મોંમાંથી ચીસો નીકળતી હતી.

પાછળ દોડીને આવતી સીમાએ આ દ્રશ્ય જોયું એટલે તે દોડીને ત્યાં મુકેલ ડોલ લઈ દોડી અને તેમાંનું પાણી તેના પર નાખ્યું અને બીજું પાણી લેવા તે બાજુના ઓરડાઓ તરફ દોડી. તેણે આગ બુઝાવવાની કોશીશ કરી પણ એ પોતે જ તેમાં ઘેરાઈ ગઈ. તેમની હૃદય વિદારક ચીસો સાંભળી નંદા, આશા અને દેવકુમારી પણ દોડીને પોતાની રૂમની બહાર આવી અને જ્યારે તેમનાં કપડાંને સળગતાં જોયા તેમજ છોકરીઓને બુમો પાડતી જોઈ તો એ દિગ્મુઢ બની ગઈ. તેમને સમજણ પડતી નહોતી કે શું કરવું ?પણ દેવકુમારી પાછી વળી દોડીને મેડમ નિગ્ગાના રૂમે પહોંચી મેડમ નિગ્ગા પોતે પણ આ અવાજો સાંભળીને બહાર આવતાં જ હતા ત્યાં દેવકુમારીને ગભરાયેલી અને હાંફતી હાંફતી જોઈ તે અડધા પડધા શબ્દોમાં માંડ બોલી, 'મેડમ..મેડમ.. રસોડામાં આગ.. દીકરીઓ.. મેડમ નિગ્ગા હવે તેની વાત સાંભળ્યા વિના જ બેબાકળી થઈ રસોડા તરફ દોડયા. તેણે જોયું કે છોકરીઓની હાલત ગંભીર છે તેમના શરીર પરનાં કપડાં હજુ સળગે છે તે અંદર સુધી દોડી ગઈ અને બુમો પાડવા લાગી. જાવ જલદી ચાદર, કામળા, કપડાં જે હોય તે લઈ આવો. અત્યાર સુધીમાં ઘણી છોકરીઓ ત્યાં ભેગી થઈ ગઈ હતી. તેમાંથી મોટા ભાગની રડતી હતી. મેડમનો અવાજ સાંભળીને અમુક દોડીને નજીકના રૂમમાં ઘુસી ગઈ અને ચાદર, કામળા, ઓશીકા, નહાવાના ટુવાલ જે અફડાતફડીમાં હાથમાં આવ્યું એ લઈ આવી. મેડમે એ છોકરીઓની મદદથી સંગીતા, સરસ્વતી અને સીમાના કપડાની આગ બુઝાવી. તેમના શરીર પરનાં કપડાં ઉતારી તેમને બીજાં કપડાં પહેરાવ્યાં.

આ દરમિયાન ઉપરના માળેથી મોટી છોકરીઓ અને મેડમ પણ નીચે આવી ગયા હતા.હોસ્ટેલમાં ફર્સ્ટ એઈડ બોક્ષમાં રાખેલ દવાઓ તેમના શરીર પર લગાવતાં તેમને જરા શાંતિ મળી.બળવાને કારણે ચીસો પાડતી છોકરીઓને જોઈને અન્ય છોકરીઓ પણ રડતી હતી. બધાની મદદથી ઓટો રીક્ષા મંગાવી ત્યાંથી બાર કી.મી. દુર કોરવાની સરકારી હોસ્પિટલમાં તેમને દાખલ કરાઈ. હોસ્પિટલમાં ઉપલબ્ધ દવાઓથી તેમની તાત્કાલીક સારવાર શરૂ થઈ. શરીરમાં પાણી અને લોહીની કમીને કારણે તેમને બોટલો ચડાવવામાં આવી પરંતુ દર્દીની નાજુક હાલત અને હોસ્પિટલમાં પુરતી સગવડોના અભાવે તેમને વિલાસપુરની મોટી હોસ્પિટલમાં મોકલી દેવામાં આવી. મેડમ નિગ્ગા સમાન તેમની સાથે જ હતાં.

મેડમ મને બચાવો.. હું મરી જઈશ.. દર્દથી તડપતી સંગીતા મેડમ નિગ્ગા તરફ દયામણી નજરે જોતાં પોતાનું રૂદન રોકી ન શકી. આંસુ ભરી આંખે જબરદસ્તી પોતાના આંસુ રોકવાની કોશીશ કરતાં મેડમ નિગ્ગાએ સંગીતાને દિલાસો આપ્યો. 'ના મારી દીકરી તને કંઈ નહીં થાય તને સારૂં થઈ જશે..'

છોકરીઓ અને તેના કુટુંબીજનો તેમજ પોતાના પતિની સાથે મેડમ નિગ્ગા આ પલંગથી પેલા પલંગ સુધી બળતરાથી દર્દથી તડપતી છોકરીઓને ધીરજ આપતી રાત દિવસ તેમની સાથે જ હતી. તેમાં સંગીતાની હાલત વધુ ખરાબ હતી. ત્રીજે દિવસે તેને બચાવવાની કોશીશ કરનાર કવિતાને પ્રદેશના પાટનગર રાયપુરની મોટી હોસ્પિટલમાં લાવવામાં આવી પરંતુ બીજા દિવસે એ ચાલી નીકળી. તેના એક દિવસ પછી કવિતાએ પણ દમ તોડી દીધો તો સાતમા દિવસે વિલાસપુરમાં સારવાર કરાવતાં સરસ્વતીનું પણ મોત થઈ ગયું. એક એક કરીને તે મૃત્યુ પામતી આ આદિવાસી કિશોરીઓને કારણે હાહાકાર મચી ગયો. આ જીવલેણ અગ્નિકાંડની ચર્ચા ઘેર ઘેબર ફેલાઈ ગઈ.ચોવીસમા દિવસે બાકી રહેલી બેમાંથી એક શશીકલાની હાલત પણ બગડવા લાગી. તે બે બોટલ લોહી ચડાવવા છતાં કોઈ સુધારો ન જણાતાં એ બંનેને ભિલાઈ શીફ્ટ કરી પણ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું ત્યાં તપાસ દરમિયાન શશીકલા પણ મૃત્યુ પામી.

ફકત સીમા જ લાંબા ઈલાજ બાદ બચી શકી. આ ભયાનક દુ:ખદ બનાવની નિશાનીઓ આજે પણ તેના શરીર પર રહી ગઈ છે. જેને જોઈને ફફડી ઉઠે છે. ચિત્રપટની જેમ એ બધી યાદો તેની આંખો સામે દેખાયા કરે છે. આ બનાવ પછી તેની સાથેની લગભગ અડધાથી વધુ છોકરીઓએ હોસ્ટેલ છોડી દીધી છે.

હવે સીમા પોતાના ગામ લખનપુરમાં રહે છે તે 'જંગલમાંથી લાકડાં વીણી લાવે છે, બીજાનાં ઘેટાં બકરાં ચરાવે છે અને તેના ગામથી બે કી.મી.દુર ડીલવાડી ગામની શાળામાં નવમા ધોરણમાં ભણે છે. આ દરમિયાન તે દેશના પાટનગર દિલ્હી પણ ગયેલી. જ્યાં વડાપ્રધાન દ્વારા કવિતાને મરણોપરાંત અને તેને સંયુકત રૂપે રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર અપાયો. રાષ્ટ્રપતિ અને અગ્રણી લોકોએ તેના વખાણ કર્યા. આખા દેશે પ્રજાસત્તાક દિવસની પરેડમાં તાળીઓ સાથે તેને અભિનંદન પાઠવ્યા. કારણ કે તેણે બીજાનો જીવ બચાવવા પોતાનો જીવ હોડમાં મુકી અપ્રતિમ સાહસ દાખવ્યું હતું.

**નટવર હેડાઉ**

# નવી ફિલ્મમાં હવે આદિત્ય અને દિશાની જોડી ચમકશે

મોહિત સુરી ફરી એકવાર નવી ફિલ્મ બનાવવા માટે સક્રિય થઇ ગયા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ મોહિત સુરી નવી એક્શન થ્રીલર ફિલ્મ બનાવવા જઇ રહ્યા છે. આ ફિલ્મમાં આદિત્ય રોય કપુર અને દિશા પટણીની જોડી કામ કરનાર છે. દિશા અને આદિત્યની જોડી અગાઉ ક્યારેય સાથે દેખાઇ નથી. પહેલા એવી ચર્ચા ચાલી રહી હતી કે ફિલ્મમાં આદિત્ય રોય કપુરની સાથે કૃતિ સનુનને લેવામાં આવનાર છે. જો કે હવે દિશાને લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. પોતાના સેક્સી અને બોલ્ડ ફોટાઓ વારંવાર સોશિયલ મિડિયા પર મુકીને ચર્ચતામાં રહેનાર દિશા હવે ફરી એકવાર વધુ પ્રોજેક્ટ મેળવી રહી છે. તેની પાસે હાલમાં કેટલાક મોટા પ્રોજેક્ટ રહેલા છે. જેમાં સલમાન ખાનની ભારત ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મ આ વર્ષે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં સલમાન અને કેટરીના કેફની સાથે દિશા પણ કામ કરી રહી છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે મોહિત સુરી પહેલા પણ ૨૦૧૩માં સાથે કામ કરી ચુક્યા છે. વર્ષ ૨૦૧૩માં આદિત્ય રોય કપુર અને શ્રદ્ધા કપુરને લઈને મોહિત સુરીએ આંશિકી-૨ ફિલ્મ બનાવી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી ગઇ હતી.

આ ફિલ્મના ગીતો સુપરહિટ થયા હતા. જો કે આદિત્ય રોય કપુર ત્યારબાદથી સતત ચર્ચામાં રહ્યો નથી. તેની કોઇ અન્ય ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળતા હાંસલ કરી શકી નથી. હવે મોહિત સુરીની મોટી ફિલ્મ મળતા આદિત્ય આશાવાદી છે. તેની કેરિયરમાં તેજી આવી શકે છે. ફિલ્મમાં પહેલા કૃતિ સનુનને લેવાની વાત કરવામાં આવી હતી. જો કે છેલ્લી ઘડીએ દિશાને લેવાનો નિર્ણય કરવામાં આવી ચુક્યો છે. હવે બંનેની ફ્રેશ જોડી ચાહકોને એક સાથે જોવા મળનાર છે. કૃતિ સનુન પણ દિશાની જેમ લોકપ્રિય અને આશાસ્પદ સ્ટાર તરીકે રહી છે.

# કેવા ગ્રહો મોટું કુટુંબ અને ધનવાન બનાવે ?




વ્યક્તિને કયાં તો ધનસુખ હોય છે કયાં તો કુટુંબ સુખ મળે છે અને કયાંક તંદુરસ્ત શરીરનું સુખ મળતું હોય છે. જેને દરેક રીતે સુખ હોય તે પુર્ણ સુખી કહેવાય છે. પછી તે ગૃહસ્થ હોય, સંન્યાસી હોય કે હકીમ વૈદ્ય હોય ભલેને પછી તે વકીલશ્રી જ હોય પણ વ્યક્તિને એકના એક વાતે તકલીફ હોય છે જ.

કેવા ગ્રહો પૂર્ણ સુખ આપનાર બને છે ?

જે જાતકની જન્મકુંડળીમાં બીજા ભાવમાં શુભ ગ્રહ રહ્યો હોય અને બીજા ભાવનો સ્વામી પણ શુભ ગ્રહ હોય તો દરેક રીતે સુખી બને છે.

દ્રષ્ટાંતકુંડળી: અત્રે આપેલ દ્રષ્ટાંત કુંડળીમાં બીજા ભાવમાં શુભગ્રહ ચંદ્ર રહેલ છે. મીન રાશીમાં અને બીજા ભાવનો સ્વામી ગુરૂ પાંચની દ્રષ્ટીથી બીજા ભાવને પોતાના સ્થાનને દેખી રહ્યો છે. ગુરૂ પણ શુભ ગ્રહ છે. વળી ચંદ્ર અને ગુરૂ મિત્ર ગ્રહો પણ છે તે વિશેષમાં આમ આવા જાતક ધનવાન, કુટુંબવાન અને અન્ય રીતે સુખી હોય છે.

નોંધ: ધનભાવમાં જો પાપગ્રહ, નીચનો ગ્રહ રહેતો હોય તો તેના જાપ કરવાથી ઘણો લાભ થતો હોય છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

Website : www.rakhewaldaliy.com E-mail : rakhewal@gmail.com
રવિવાર ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૯
રખેવાળ
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર

## પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

પાટણ

પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાના શિક્ષકો માટે નવ તાલુકા અને જિલ્લા પંચાયતની એક એમ કુલ ૧૦ ટીમો માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં રવિવારે ચાણસ્મા ઈલેવન અને સાંતલપુર ઈલેવન વચ્ચેની મેચમાં સાંતલપુરની ટીમ વિજેતા થઈ અને શિક્ષક અશોકભાઈ મેન ઓફ ધ મેચ થયા બન્યા હતા તથા સમી ઈલેવન સામે પાટણ ઈલેવનની હાર થઈ હતી તથા સમીના શિક્ષક રાજુ સાધુ મેન ઓફ ધ મેચ થયા હતા.

## સીએ થયેલી યુવતીએ સંસાર ત્યાગ કરી સંયમનો માર્ગ અપનાવ્યો

(જી.એન.એસ.) મોડાસા

છેલ્લાં કેટલાક દિવસમાં અનેક લોકોએ સંસારિક જીવન ત્યાગીને સંયમનો માર્ગ અપનાવ્યો છે. ત્યારે મોડાસાની સીએ થયેલી ૨૨ વર્ષીય ધ્વની શાહ નામની યુવતીએ સંસાર ત્યાગ કરી સંયમનો માર્ગ અપનાવ્યો છે. મોડાસાની રહેવાસી અને ચાર્ટડ એકાઉંટ થયેલી ધ્વની સમીરભાઈ શાહ આગામી ૧૦ માર્ચના રોજ સંસાર ત્યાગી સંયમનો માર્ગ અપનાવી સુરત ખાતે દીક્ષા ગ્રહણ કરનાર છે. ત્યારે આ પહેલા મોડાસા ખાતે ધ્વનીની શોભાયાત્રા કાઢવામાં આવી હતી. સીએની પરીક્ષા બહુ જ જટિલ હોય છે. બહુ જ ઓછા વિદ્યાર્થીઓ આ જટિલ પરીક્ષા પાસ કરતા હોય છે. ત્યારે ધ્વની શાહે સીએ થયા બાદ પણ સંસાર ત્યાગ કરી હવે સન્યાસી થવાનો માર્ગ અપનાવી ધર્મનો માર્ગ સ્વીકાર્યો છે. ધ્વનિએ જણાવ્યું કે, સંયમના માર્ગમાં જે સુખ મળવાનું છે તે સુખ કરોડો રૂપિયા હોવા છતાં પણ સંસારમાં મળવાનું નથી. આ જ વિચારથી મેં દીક્ષા ગ્રહણ કરી મુમુક્ષુ બનવાનું નક્કી કર્યું છે અને આ સંયમનો માર્ગ અપનાવ્યો છે. ધ્વનીએ આ માર્ગે જવામાં તેના પરિવારજનો સહિત માતા પિતાનો મોટો સાથ સહકાર હોવાનું પણ જણાવ્યું હતું.

## ખુશખબર...એક વર્ષ પહેલાં ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યૂ થઈ શકશે

ગાંધીનગર

વાહનચાલકોને મોટી રાહત આપતાં એક સમાચાર મળી રહ્યાં છે. રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે કે એક વર્ષ પહેલાં તમે ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યૂઅલની પ્રક્રિયા કરી શકશો.રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા સારથી-૪ સોફ્ટવેર અમલી બનાવાયું છે. જેના ભાગરૂપે, વેબવેઇઝ્ડ ઓનલાઈન પ્રથા શરૂ કરવામાં આવી છે જે અંતર્ગત નાગરિકોના ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યૂઅલ, ડુપ્લિકેટ વગેરે કામગીરી ઓનલાઈન ડોક્યુમેન્ટ સબમિશન અને ઈ-પેમેન્ટ પ્રથા ફરજિયાત બનાવી છે. રાજ્યના નાગરિકો-વાહનચાલકો હવે ડ્રાઈવીંગ લાયસન્સની મુદત પૂર્ણ થયાના ૩૬૫ દિવસ પહેલાં સરળતાથી રીન્યુઅલ પ્રોસેસ કરી શકે છે એમ વાહન વ્યવહાર કમિશનર યાદીમાં જણાવાયું છે.વાહનચાલકો ડ્રાઈવીંગ લાયસન્સ મુદત પૂર્ણ થયાના પાંચ વર્ષ સુધીમાં આ રીતે પોતાનું ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યૂ કરાવવાની સગવડ પુરી પાડવામાં આવી રહી છે. ૫૦ વર્ષ કે તેનાથી વધુ ઉંમર ધરાવતા અરજદારોને ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યુ કરાવવા માટે તબીબી પ્રમાણપત્ર નિયત ફોર્મમાં ભરીને અપલોડ કરવાનું રહેશે. સમયમર્યાદાની અંદર ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યુ કરવાની અરજી કરવામાં આવે તે માટે રૂા.૪૦૦/-ની ફી ઠરાવવામાં આવી છે. મુદત વીતી જાય પછી એટલે કે, ડ્રાઈવિંગ લાયસન્સની સમયમર્યાદા પુર્ણ થયાના એક માસ પછી ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યુ કરવાની અરજી કરવામાં આવે તો પ્રતિ વર્ષ મોડું ડ્રાઈવિંગ લાયસન્સ રીન્યુ કરવાના રૂા.૧૦૦/-ની વધારાની ફી ભરપાઇ કરવાની રહે છે.

## હાઈકોર્ટમાંથી ફાઈલ ચોરી કેસમાં મહિલા આરોપીની ધરપકડ

હાઈકોર્ટમાંથી ફાઈલ ચોરી કેસમાં મહિલા આરોપી ડોલી પટેલની સોલા હાઈકોર્ટ પોલીસે ધરપકડ કરી છે. ડોલી પટેલ વિરુદ્ધ વડોદરા સીઆઈડી ક્રાઈમમાં પણ છેતરપિંડીની ફરિયાદ નોંધાઇ ચૂકી છે. રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ડોલી પટેલ સામે ૧૫૦૦ કરોડની જમીન પચાવી પાડવાનો ગુનો નોંધાયો છે. જે કેસ હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે. આ કેસની મહત્વની ૧૦ અસલ ફાઈલો હાઈકોર્ટના રજીસ્ટ્રાર રેકોર્ડમાંથી ગુમ થઈ હતી.

ગુજરાત હાઈકોર્ટમાંથી દસ ફાઈલો ચોરાયા અંગે સોલા પોલીસ સ્ટેશનમાં તા. ૨-૪-૨૦૧૮ના રોજ જાણવાજોગ' ફરિયાદ અપાતા હાઈકોર્ટના આદેશથી તા. ૧-૮-૨૦૧૬થી ૭-૧૦-૨૦૧૬ દરમિયાન નિર્દિષ્ટ દસ ફાઈલો ડોલીબહેન કાંતિલાલ પટેલ અને મળતિયા ચોરી ગયાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ૧૦ ફાઈલો ગુમ થઈ છે તેમાં વર્ષ ૧૯૯૪થી ૨૦૧૬ દરમિયાનની બે સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન, ૧૧ (લેટર્સ પેટન્ટ અપીલ) અને ૨૪ સિવિલ એપ્લિકેશનની ફસ્ટ કોપી અને ફોટોસ્ટેટ મળી અંદાજે ૨૦૦૦ વધુ પાનાની દસ ફાઈલો ચોરાયાની ફરિયાદ થઈ છે. ફરિયાદની તપાસ અંગે પી.આઈ. ગઢવીએ કંઈપણ કહેવા ઈનકાર કર્યો હતો.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| **ડીસા** | | એરંડા | ૯૬૫-૯૯૯ |
| એરંડા | ૯૮૪-૯૯૪ | તલ | ૧૯૦૦-૧૯૮૬ |
| રાયડો | ૭૧૧-૭૨૪ | ઘઉં | ૪૦૦-૪૫૮ |
| ઘઉં | ૩૯૦-૪૩૦ | બાજરી | ૩૯૨-૪૧૨ |
| બાજરી | ૩૮૫-૩૯૬ | બંટી | ૪૭૦-૫૦૦ |
| મગફળી | ૭૩૫-૮૪૧ | રજકા બાજરી | ૪૯૦-૫૧૧ |
| ગવાર | ૭૯૩-૭૯૯ | અડદ | ૭૫૦-૮૬૦ |
| ર.બાજરી | ૪૮૮ | ગવાર | ૭૭૫-૭૯૫ |
| **થરા** | | કપાસ | ૧૦૦૦-૧૧૦૭ |
| જીરૂ | ૨૮૫૦-૩૦૨૦ | **થરાદ** | |
| એરંડા | ૯૮૭-૯૯૮ | ૨૦ કિલોગ્રામ | |
| ગવાર | ૮૦૫-૮૨૦ | જીરુ-૨૫૦૦/૨૯૬૫ | |
| ઘઉં | ૩૯૭-૪૮૦ | રાયડો-૭૧૮/૭૪૧ | |
| બાજરી | ૩૯૫-૪૧૨ | બાજરી-૩૯૦/૪૦૦ | |
| જુવાર | ૬૮૦-૭૧૫ | રજકાબાજરી-૪૮૫/૪૯૫ | |
| **સિધ્ધપુર** | | એરંડા-૯૯૦/૧૦૦૦ | |
| એરંડા | ૯૭૫-૯૯૬ | ઈસબગુલ-૧૬૬૦/૧૮૨૩ | |
| રાયડો | ૪૯૫-૬૯૫ | મગફળી-૬૬૫/૬૮૦ | |
| ગવાર | ૭૬૬-૮૦૩ | ગવાર-૭૭૦/૭૮૮ | |
| ઘઉં | ૪૦૨-૪૪૬ | ૧ કિલોગ્રામ | |
| બાજરી | ૪૦૨-૪૨૯ | દાડમ-૨૦/૪૦ | |
| કપાસ | ૯૪૩-૧૧૧૬ | **રાહ** | |
| જુવાર | ૮૭૧ | રાયડો-૭૨૦/૭૨૫ | |
| **પાટણ** | | એરંડા-૯૮૦/૯૮૫ | |
| જીરૂ | ૨૦૦૦ | રજકાબાજરી-૪૮૦/૪૯૦ | |
| વરી. | ૧૧૦૦-૧૩૭૧ | બાજરી-૩૮૦/૩૯૧ | |
| રાયડો | ૫૭૬-૭૧૫ | | |

## હારીજ તાલુકાના બૉરતવાડા ગામના ખેડુતો સિંચાઈનાં પાણી માટે રોષે ભરાયા





હારીજ

પાટણના હારીજ તાલુકાના બોરતવાડા ગામ ના ખેડુતો સિંચાઈ પાણી મુદ્દે ભુખ હડતાલ પર ઉતર્યા...પાણી મુદ્દે ખેડુતો કેનાલ પાસેજ અર્ધનગ્ન થઈ ભાજપ સરકાર વિરોધ કર્યા હાય હાય સૂત્રો ચાર કર્યા હતાં... ત્યારબાદ રોષે ભરાઈ ખેડુતો દ્વારા હારીજ પાટણ હાઈવે ચક્કાજામ કરવામાં આવ્યો હતો હાઈવે ચક્કાજામ થતા વાહનો ની લાંબી કતાર જોવા મળી હતી ત્યારબાદ બૉરતવાડા ના ખેડુતો એ જણાવ્યું હતુ કે છેલ્લાં ઘણાં સમય થી પાણી મુદ્દે નર્મદા વિભાગ ને કરવામાં આવેલી છે તેમજ ચાણસ્મા અને કલેક્ટર શ્રી પાટણ પણ આવેદન આપેલ છે છતાં તંત્ર આંખ આડા કાન કરે છે. અનેં સીઝન ના પાકો ને સમયસર પાણી મળતું નથી જેથી કરી દુંસ્કાળ ના કપરા સમય માં સરકારે તાલુકા ને અછત ગ્રસ્ત જાહેર કરવા છતા નર્મદા વિભાગ કોઈ જાતની વાત સાંભળવા તૈયાર નથી. જો સમય સર સિંચાઈ માટે પાણી નહી મલે તો ખેડુતો ને ખૂબ મોટી તકલીફ ભોગવવા નો સમય આવસે તેમ જણાવ્યું હતુ.

## પાટણ પાસે ૫૦ લાખ ઉપરાંતની લૂંટ

પાટણ

પાટણ નજીક બાબીસાણાના વીસવાસણા ગામ પાસે પાટણનો એક સોની વેપારી લુંટાયો હોવાની હકીકતો બહાર આવી છે. સોની વેપારી કનિદૈ લાકિઅ પાટણ-બાલીસાણા રોડ ઉપર પોતાની ગાડી લઈ પસાર થઈ રહયા હતા. ત્યારે એક ઈકો ગાડી તેની ગાડીને ઓવર ટેક કરીને આવી અને પાટણના કોઈ રસ્તાનું સરનામાની કનિદૈ લાકિઅ પુછપરછ અકિલા કરતા સોની વેપારી જવાબ આપવા ગાડીનો કાચ ખોલતા જ તેની આંખોમાં મરચાના પાવડરની ભુકી નાખી દેતા વેપારી રાડમરાડ કરી મુકી હતી તે કનિદૈ લાકિઅ દરમ્યાન ઈકો ગાડીમાંથી એક મહિલા ઉતરી સોનીની ગાડીમાં દાગીના ભરેલ બેગ તેમજ રોકડ અકીલા રૂ. ૧૨ લાખ ઉપરાંતની લુંટ કરી પલાયન થઈ ગયા હતા. સોની કનિદૈ લાકિઅ વેપારીએ પાટણના તેમના સગાસબંધીઓને જાણ કરતા ઘટના સ્થળે વેપારીઓ પહોંચી તેને પોલીસ સ્ટેશને લાવી ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે.

## દિલ્હી સહિત ઉત્તર ભારતના વાતાવરણમાં પલ્ટો : ઘણાં વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદ

ન્યુ દિલ્હી

દિલ્હી, પંજાબ અન હરિયાણાના કેટલાક વિસ્તારોમાં આજે મધ્યમ થી ભારે વરસાદ નોંધાયો છે. નોઈડામાં ગુરુવારે સાંજે કરાં પડ્યા. હવામાન વિભાગ તરફથી જાણવા મળ્યું છે કે, રાત્રીના તાપમાનમાં સતત ત્રીજા દિવસે વધારો નોંધવામાં આવ્યો અને આ સામાન્યથી થોડા ડીગ્રી ઉપર છે. પંજાબમાં મોહાલી, અમૃતસર, લુધિયાણા, પટિયાલા, ગુરુદાસપુર, પઠાનકોટ અને જાલંધરમાં વરસાદ પડ્યો. ચંદીગઢમાં પણ ગુરુવારે સવારે વરસાદ પડ્યો. હવામાન વિભાગના એક અધિકારીએ કહ્યા અનુસાર હરિયાણાના અંબાલા, પંચકુલા અને કરનાલમાં વરસાદ પડ્યો. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે.

મહત્તમ તાપમાનમાં આ ઘટાડો નોંધાયો છે અને કેન્દ્ર શાસિત ચંદીગઢમાં મહત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સીયસ રહ્યું. હવામાન વિભાગે પંજાબ અને હરિયાણાના કેટલાક વિસ્તારોમાં શુક્રવાર સુધી વરસાદનું અનુમાન વ્યક્ત કર્યું છે.

## ભાજપાનું દિલ વિશાળ : આયારામ-ગયારામ તો ચાલતું જ રહે: નારણ પટેલ

ઊંઝા

ઊંઝાનાં ધારાસભ્ય તરીકે જયારથી ડો. આશાબેન પટેલે રાજીનામું આપ્યું છે ત્યારથી સમાચારો આવી રહ્યાં હતાં કે ભાજપનાં પૂર્વ મંત્રી નારણ પટેલ નારાજ છે. નારણભાઈ પટેલે આશા પટેલને ભાજપમાં લેવા સામે વાંધો ઉઠાવ્યાની પણ ચર્ચાઓ થઈ રહી હતી.એટલું જ નહીં, તેવી પણ ચર્ચાઓ હતી કે કમલમમાં મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખને મળી એવી રજૂઆત કરાઈ હતી જો આશા પટેલના અંગત વ્યક્તિને ઉંઝા એપીએમસીનુ ચેરમેનપદ અપાશે તો,બળવો થશે. આ બધાની વચ્ચે શુક્રવારે આશાબહેન પટેલ ભાજપમાં જોડાઈ ગયા.આ આખા વિવાદ વચ્ચે અમારી ટીમે ઊંઝાનાં પૂર્વ ધારાસભ્ય નારણભાઈ પટેલ સાથે વાતચીત થઈ હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'ભારતીય જનતા પાર્ટીનું વિશાળ દિલ છે. આયારામ ગયારામ તો ચાલતું જ રહે, જેમ દરિયામાં બધી નદીઓનાં પાણી આવે છે અને દરિયો બધાને સમાવી લે છે તેમ ભારતીય જનતા પાર્ટી દરિયો છે. દુનિયાની મોટામાં મોટી કેડર પાર્ટી છે, અમારી સાથે જે આવે છે તેમનો અમે દિલથી સ્વીકારીએ છીએ.'જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આશા પટેલનાં ભાજપમાં જોડાવવાથી તમે નારાજ છો તેમને તેવું પૂછતાં તેમણે કહ્યું, 'હું કેમ નારાજ હોવ, મેં આશાબેન પટેલ વિરુદ્ધ કોઈ ફરિયાદ નથી કરી. પાર્ટીમાં ૫૬ વર્ષથી હું છું અને કામ કરૂં છું. પાર્ટીનાં નાનામાં નાના નેતાથી પીએમ સુધી મારા સંબંધો સારા છે.'

## સુરક્ષા દળોને મોટી સફળતા : છત્તીસગઢમાં ૧૦ નક્સલીઓને ઠાર

બીજાપુર

છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાદળોને એક મોટી સફળતા હાથ લાગી છે. બીજાપુરમાં ગુરુવારે ૧૦ નક્સલિઓને ઢેર કરવામાં આવ્યા છે. સ્પેશ્યિસ ટાસ્ક ફોર્સ અને ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાડ્ર્સે મળીને સંયુક્ત ઓપરેશન દ્વારા નક્સલિઓનો ખાત્મો બોલાવ્યો હતો. સુરક્ષાદળોએ નક્સલિઓ પાસેથી ૧૧ હથિયાર પણ જપ્ત કર્યા છે. આ જાણકરી બીજાપુરના એસપી મોહિત ગર્ગે આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગુરુવારે એસટીએફ અને ડીઆરજીએ મળીને ૧૦ નક્સલિઓને ઢેર કર્યા છે. તેમની પાસેથી ૧૧ હથિયાર મળી આપ્યા હતા જેને જપ્ત



કરવામાં આવ્યા છે. અગાઉ સુકમા જિલ્લામાં શનિવારે સુરક્ષાદળો અને નક્સલિઓ વચ્ચે અથડામણ સર્જાઈ હતી. આ અથડામણમાં એક મહિલાનું મોત નિપજ્યું હતું.

સુક્માના પોલિસ કમિશ્નર જિતેન્દ્ર શુક્લાએ જણાવ્યું હતું કે, ગોદેલગુડા ગામની એક મહિલા કંઈ કામથી જંગલમાં ગઈ હતી આ દરમિયાન તે સુરક્ષાદળો અને નક્સલિઓની વચ્ચે ચાલી રહેલી ગોળીબારીની લપેટમાં આવી ગઈ હતી. તેની સાથેની બીજી એક મહિલા ઘાયલ થઈ હતી.

## ચાણસ્મા માર્કેટયાર્ડ ખાતે ખેડૂત સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



પાટણ

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ચાણસ્મા દ્વારા માર્કેટયાર્ડ, ચાણસ્મા ખાતે ખેડૂત સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોર, મુખ્યમહેમાનપદે ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રીશ્રી કે.સી.પટેલ અને ગુજરાત ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘના અધ્યક્ષશ્રી જુગલજી ઠાકોર તેમજ અતિથિવિશેષપદે જિલ્લા રજીસ્ટ્રાર અને માર્કેટયાર્ડ, ચાણસ્માના વહીવટદારશ્રી સુનિલભાઈ ચૌધરી ઉપસ્થિત રહયા હતા. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે, વર્ષોથી બંધ પડેલ ચાણસ્માનું માર્કેટયાર્ડ ચાણસ્મા તાલુકાના ખેડૂતો અને વેપારીઓના સહયોગથી રાજ્ય સરકારના પ્રયાસોથી ચાલુ કરવામાં આવેલ છે. ચાર મહિનામાં ખેડૂતો દ્વારા રૂ. ૪ કરોડનું કપાસનું વેચાણ કરવામાં આવેલ છે. માર્કેટયાર્ડના વિકાસ માટે રાજ્ય સરકાર મદદ કરી રહી છે. રાજ્ય સરકાર દ્વારા માર્કેટયાર્ડમાં શેડ બનાવવા રૂ. ૫૦ લાખની સહાય આપવામાં આવી છે. આગામી સમયમાં આંતરિક રસ્તાઓ બનાવવા માટે રૂ. ૫૦ લાખની સહાય આપવામાં આવશે. માર્કેટયાર્ડમાં ખેડૂતોની સુવિધાઓ વધારવામાં આવશે. આગામી સમયમાં ખેડૂતોની તમામ જણસોનું આ માર્કેટયાર્ડમાં વેચાણ થાય તેવું આયોજન કરવામાં આવશે. આ વિસ્તારના વધુમાં વધુ ખેડૂતો પોતાનો માલ વેચાણ કરી માર્કેટયાર્ડના વિકાસમાં સહભાગી બને તેવો મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. વધુમાં મંત્રી ઠાકોરે જણાવ્યું હતું કે, પાટણ જિલ્લામાં આ વર્ષે ઓછામાં ઓછો વરસાદ ચાણસ્મા તાલુકામાં નોંધાયેલ છે. રાજ્ય સરકારે ઉદાર નીતી અપનાવી પાટણ જિલ્લાને અછતગ્રસ્ત જાહેર કરેલ છે. પાટણ જિલ્લાના ખેડૂતો માટે રૂ. ૧૮૩ કરોડની રકમ ફાળવવામાં આવેલ છે. રાજ્ય સરકારે ઝડપી કાર્યવાહી કરી ચાણસ્મા તાલુકાના ૧૯,૪૬૫ ખેડૂત લાભાર્થીઓ પૈકી ૧૮,૩૨૯ ખેડૂતોને આજદિન સુધીમાં રૂ. ૧,૪૬૮ લાખની ઈનપુટ સહાય ખેડૂતોના ખાતામાં જમા કરાવી છે. બાકીના ખેડૂતોને બે દિવસમાં સહાય ચુકવાઈ જશે. ખેડૂતોનું દેવું ન વધે તે માટે ભારત સરકારે બે હેકટર સુધીના ખેડૂત ખાતેદારને વાર્ષિક રૂ. ૬,૦૦૦ની સહાય આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે. ખેડૂતોને વીજળીનું બીલ ઓછું આવે તે માટે રાજ્ય સરકારે સ્કાય યોજના અમલી બનાવી છે. જિલ્લા ખેતીવાડી અધિકારી શૈલેશભાઈ પટેલે ભારત સરકાર અને રાજ્ય સરકારની ખેડૂતલક્ષી યોજનાઓની સવિસ્તાર માહિતી આપી હતી. જિલ્લા રજીસ્ટ્રાર અને માર્કેટયાર્ડ, ચાણસ્માના વહીવટદાર સુનિલભાઈ ચૌધરીએ વેપારીઓને ખેડૂતોને પાકના સારા ભાવો આપવા અને વધુમાં વધુ ખેડૂતો પાકનું વેચાણ કરી માર્કેટયાર્ડના વિકાસને વેગવંતો બનાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે કિશોર મહેશ્વરી, બાબુભાઈ પટેલ, દેવાંગ ચૌધરી, કનુભાઈ પટેલ, મુકેશભાઈ પટેલ, કૌશિક પટેલ, વેપારીઓ અને આજુબાજુ ગામોના ખેડૂતો ઉપસ્થિત રહયા હતા.

## બરફની ચાદર ઓગળવાથી વિશ્વના વાતાવરણમાં અંધાધૂંધી ફેલાશેઃ અભ્યાસ

**તાજેતરમાં એક અભ્યાસમાં ગ્રીનલેન્ડ અને એન્ટાર્ટિકના બરફની ચાદરોને ખતરા રૂપ ગણાવાઈ**

વેલિંગ્ટન

ગ્રીનલેન્ડ અને એન્ટાર્ટિકમાં મોટાપાયે પથરાયેલી બરફની ચાદર ઓગળવાથી વિશ્વભરના સમુદ્રોમાં તેનું પાણી ઉમેરાશે અને તેનાથી આગામી દાયકાઓમાં સ્થાનિય વાતાવરણમાં અરાજકતા વધશે તેવું સંશોધકોએ એક અભ્યાસ માં જણાવ્યું છે. ગ્રીનલેન્ડ અને એન્ટાર્ટિકમાં અબજો ટન બરફની ચાદર ઓગળવાથી વિશ્વના વાતાવરણમાં અંધાધૂંધી થવાની શક્યતા પણ સંશોધકો નકારતા નથી.

આ હીમ ચાદર ખાસ કરીને ગ્રીનલેન્ડ પર રહેલો બરફ ઓગળવાથી સમુદ્રમાં કરન્ટ નબળો પડશે જે એટલાન્ટિક સમુદ્રના ફ્લોરમાં ઠંડા પાણીને દક્ષિણ તરફ ધકેલે છે તેમજ ઉષ્ણકટીબંધીય પાણીને ઉત્તર બાજુ સપાટી તરફ ધકેલે છે, તેમ નેચર જર્નલે એક રિપોર્ટમાં ટાંક્યું છે. એટલાન્ટિક મેરિડોનિયલ ઓવરટર્નિંગ સર્ક્યુલેશન (AMOC) તરીકે જાણીતા, આ પ્રવાહી પટ્ટો એક કન્વેયર બેલ્ટ સમાન છે જેનું પૃથ્વીની આબોહવા વ્યવસ્થામાં અત્યંત મહત્વની ભૂમિકા છે અને ઉત્તરીય ગોળાર્ધમાં ગરમીને સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થાય છે.

ન્યુઝીલેન્ડની વિક્ટોરિયા યુનિવર્સિટી ઓફ વેલિંગ્ટનના એન્ટાર્ટિકા રિસર્ચ સેન્ટરના સહ પ્રાધ્યાપક તેમજ આ જર્નલના મુખ્ય લેખક નિકોલસ ગોલેજે જણાવ્યું કે, 'અમારા મોડલ્સ મુજબ બરફમાંથી ઓગળતું પાણી સમુદ્રના પ્રવાહને નોંધપાત્ર રીતે નુકસાન પહોંચાડી શકે છે અને તેનાથી વિશ્વમાં ગરમીના પ્રમાણને પ્રભાવિત કરી શકે છે.'

એન્ટાર્ટિકમાં બરફની ચાદરના જથ્થામાં થઈ રહેલો ઘટાડાથી ગ્લેશિયરો ઝડપથી પીગળી રહ્યા છે. પરિણામે ઝડપથી બરફ ઓગળવાની પ્રક્રિયાથી દરિયાઈ સપાટીમાં વધારો થઈ રહ્યો છે. અત્યાર સુધી ઘટ્ટ ચાદરોની નીચે હુંફાળું પાણી સંગ્રહિત થતું હતું.

બરફની ચાદરો વિશે થયેલા મોટાભાગના અભ્યાસ ગ્લોબલ વોર્મિંગને પગલે તે કેટલા ઝડપથી ઓગળી રહ્યા છે તેમજ તેના વિઘટનથી વૈશ્વિત વાતાવરણમાં કેટલો વધારો થશે તેના પર કેન્દ્રિત રહ્યા છે. પરંતુ આ બરફ પીગળવાથી પાણીનો જથ્થો આબોહવા વ્યવસ્થામાં કેટલી અસર કરશે તેના તરફ ભાગ્યે જ કોઈનું ધ્યાન ગયું છે.

## જેલ વિભાગને વર્ષે કરોડોની આવક, કેદીઓને સ્કીલ ડેવલપમેન્ટનું શિક્ષણ

અમદાવાદ

રાજ્યભરની વિવિધ જેલોમાં સજા કાપી રહેલા કેદીઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિના કારણે જેલ વિભાગને વર્ષે કરોડોની આવક થઈ રહી છે. જેલમાં કેદીઓને સ્કીલ ડેવલપમેન્ટ હેઠળ વિવિધ પ્રવૃતિઓ શીખવવામાં આવે છે.

રાજ્યભરની વિવિધ જેલોમાં સજા કાપી રહેલા કેદીઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃતિના કારણે જેલ વિભાગને વર્ષે કરોડોની આવક થઈ રહી છે. જેલમાં કેદીઓને સ્કીલ ડેવલપમેન્ટ હેઠળ વિવિધ પ્રવૃતિઓ શીખવવામાં આવે છે અને તેના આધારે થતા ઉત્પાદનથી વર્ષે કરોડો રૂપિયાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં જેલમાં રહેલા કેદીઓ માટે અન્ય પ્રવૃતિઓ પણ શરૂ કરવામાં આવી રહી છે. જેનાથી જેલ ઉદ્યોગ માલામાલ છે.

ગુનાની સજા કાપી રહેલા કેદીઓ દ્વારા જેલમાં વિવિધ પ્રકારની પ્રવૃતિ કરવામાં આવી રહી છે. જેમાં વણાટકામ, દરજી કામ, સુથારી કામ, કેમિકલ, બેકરી ઉત્પાદન, ભજીયા હાઉસ વગેરે પ્રવૃતિઓ હાલ ચાલુ છે. જેલમાં સજા કાપી રહેલા અનેક કેદીઓ દ્વારા પોતાની સ્કીલ મુજબ કામગીરી કરવામાં આવે છે. જેના વેચાણના કારણે વર્ષે જેલને કરોડોની આવક થયા છે. મહત્વનું છે કે દર વર્ષે આ ઉત્પાદન દ્વારા થતી આવકનો ગ્રાફ ઉંચો જઈ રહ્યો છે અને જેલની આવક સતત વધતી રહી છે.

સાથે સાથે જેલમાં તાલીમ દરમિયાન મળેલા યુનિવર્સીટી ની ડીગ્રીઓ નોકરી મેળવવા માટે પણ ઉપયોગી થાય છે. ઉપરાંત જેલમાંથી સજા કાપી છુટ્યા બાદ ધંધો શરૂ કરવા લોન મેળવવા માટે પણ આ ડીગ્રી અને જેલમાંથી મળેલા પ્રમાણપત્રો ઉપયોગી થયા છે. હાલમાં અમદાવાદની વાત કરીએ તો ૨૭૬ જેટલા બંદીભાઈઓ આ અલગ અલગ કામોમાં જોડાયેલા છે અને તેનાથી અમદાવાદની મધ્યસ્થ જેલને કેટલો નફો થયા છે તે આ પ્રમાણે છે.

| વિભાગ | આવક |
|---|---|
| વણાટ | ૧૩ લાખ ૨૬ હજાર ૦૮૫ રૂપિયા |
| દરજી | ૦૭ લાખ ૭૭ હજાર ૯૯૪ રૂપિયા |
| સુથારી | ૦૩ લાખ ૫૫ હજાર ૪૬૫ રૂપિયા |
| બેકરી | ૦૬ લાખ ૫૨ હજાર ૯૫૯ રૂપિયા |
| ભજીયા | ૦૯ લાખ ૫૭ હજાર ૩૭૬ રૂપિયા |
| બુક બાઈન્ડીંગ | ૦૧ લાખ ૦૮ હજાર ૬૯૭ રૂપિયા |
| ધોબી | ૬૪ હજાર ૮૯૩ રૂપિયા |

# લાખણીમાં મગફળી મુદ્દે ખેડૂતોએ ચક્કાજામ કર્યું





નરસીંહ પ્રજાપતી

## કોંગ્રેસના સમર્થનથી ખેડૂતોનો ઉગ્ર વિરોધ

પ્રતિનિધિ ગેળા

લાખણી ખાતે કાર્યરત ખરીદ કેન્દ્ર પર મગફળી રિજેક્ટ કરવા મુદ્દે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે આજે કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરોએ પણ ખેડૂતોના સમર્થનમાં ચક્કાજામ કરી આ મામલે આકરો વિરોધ નોંધાવ્યો હતો. તાલુકા મથક લાખણી ખાતે ટેકાના ભાવે મગફળીની ખરીદી માટે ખરીદ કેન્દ્ર કાર્યરત છે.જોકે છેલ્લા કેટલાક દિવસથી કાળી ટિપકીના બહાને નાફેડ દ્વારા ખેડૂતોની મગફળી રિજેક્ટ કરાઈ રહી હોઈ વિફરેલા ખેડૂતોએ મામલતદાર કચેરી આગળ મગફળી ભરેલા વાહનોનો ખડકલો કરી મામલતદારને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજૂઆતો કરી હતી.જોકે હજુ આ મામલે કોઇ હકારાત્મક કાર્યવાહી થઈ નથી ત્યારે આજે લાખણી ખાતે પ્રદેશ યુથ કોંગ્રેસ દ્વારા યોજાયેલા ચાલો ગ્રામ પંચાયત કાર્યક્રમ બાદ મગફળી રિજેક્ટ કરવાના મામલે એકાએક કોંગી કાર્યકરોએ ખેડૂતોના સમર્થનમાં રોડ ઉપર ઉતરી ચક્કાજામ કરી ભાજપ વિરોધી નારા લગાવ્યા હતા.કેટલાક કાર્યકરોએ વાહનો ઉપર ચઢી ભાજપ વિરોધી નારા લગાવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

મગફળી મુદ્દે લાખણી ખાતે યુથ કોંગ્રેસ દ્વારા ખેડૂતોના સમર્થનમાં વિરોધ પ્રદર્શન કરાયા બાદ લાખણી તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મહેશભાઇ દવેએ પણ આકરી પ્રતિક્રિયા વ્યક્ત કરી લાખણી પંથકના ખેડૂતોને ન્યાય અપાવવાની માંગણી કરી હતી.

# ચેક રીટર્ન કેસમાં આરોપીને ચાર લાખનો દંડ ફટકારતી ડીસા કોર્ટ

ડીસા

ડીસા કોર્ટે ચેક રીટર્ન કેસમાં આરોપીને રૂા. ચાર લાખનો દંડ ફટકાર્યો હતો. આરોપીને વળતર પેટે રૂા. ત્રણ લાખ પચાસ હજાર ચૂકવવા આદેશ કર્યો હતો. જો આરોપી દંડની રકમ ન ચૂકવે તો ૯૦ દિવસ સાદી કેદની સજા ફટકારી હતી

ડીસાના માલગઢ ગામ ખાતે રહેતાં ભરતકુમાર ગોરધનજી સોલંકીને તેમના ગામમાં જ રહેતાં તારાચંદ પુનમાજી સુંદેશા સાથે મિત્રતાનો સબંધ હતા. તારાચંદ સુંદેશાએ ધંધાના કામ અર્થે ભરતકુમાર સોલંકી પાસેથી તા. ૧૫ જુલાઇ ૨૦૧૬ ના રોજ રૂા. પાંચ લાખ ત્રીસ હજાર એક મહીનામાં પરત આપવાના વાયદા સાથે ઉછીના લીધા હતા. જો કે, બાદમાં વારંવાર પૈસાની ઉઘરાણી કરતાં તેઓએ રૂા. ત્રણ લાખનો અને બીજો રૂા. બે લાખ ત્રીસ હજારનો ચેક આપ્યો હતો. જો કે, એચ.ડી.એફ.સી. બેન્કનો રૂા. ત્રણ લાખ પચાસ હજારનો ચેક બેંકમાં નાખ્યા બાદ પૂરતું ભંડોળ ન હોવાથી પરત આવતાં આ અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.જો કે ,આ અંગેનો કેશ ડીસા કોર્ટમાં એડી.ચીફ જ્યૂડી. મેજિસ્ટ્રેટ એસ.પી.રાહતકરની કોર્ટમાં ચાલી જતાં એડવોકેટ એ.એલ પઢિયારની દલીલોને ગ્રાહ્ય રાખી પુરાવાના આધારે કોર્ટે આરોપી તારાચંદ પુનમાજી સુંદેશાને રૂા. ચાર લાખનો દંડ ફટકાર્યો હતો. દંડની રકમમાંથી રૂા. ત્રણ લાખ પચાસ હજાર ફરિયાદીને વળતર પેટે ચૂકવવા આદેશ કર્યો હતો અને જો દંડની રકમ ન ભરે તો આરોપીને ૯૦ દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કર્યો હતો.

## દીઓદર મામલતદાર કચેરીમાં પાર્ક કરેલ બાઈકની ઉઠાંતરી

તા.પ્રતિનિધી દીઓદર

ચમનપુરાના વેલાભાઈ રેવાભાઈ પોતાનું બાઈક જી.જે.૮ એ.બી.૯૬૬૭ નંબરનું લઈ કામકાજ અર્થે દીઓદર આવેલ દીઓદર મામમલતદાર કચેરીના કમ્પાઉન્ડ વોલમાં બાઈક પાર્ક કરી કામકાજ અર્થે ગયેલ. કામકાજ પતાવી પરત આવતાં બાઈક જોવા મળેલ નહીં આજુબાજુ તપાસ કરતાં બાઈકની ભાળ ન મળતાં અજાણ્યા ઈસમોએ બાઈકનું લોક તોડી બાઈક ભગાડી ગયેલ હોવાનું માલુમ પડતાં દીઓદર પોલીસ મથકે જાણ

અનુસંધાન પાના નં.૬

# અમીરગઢ ખાતેના એ.ટી.એમ. મશીનો શોભાના ગાંઠીયા સમાન



વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ તાલુકાનું વડુ મથક છે અને તાલુકાના વડુ મથક અમીરગઢ ખાતે આજુબાજુના ગામ લોકો અહીયા કોઈના કામ અર્થે આવુ પડે છે અને માલ-સામાન ખરીદી તથા દવાખાને સારવાર અર્થે આવતાં રહે છે અને તે માટે રૂપિયાની જરૂરીયાતો પડતી હોય છે અને લોકો પોતાના રૂપિયા સારવાર માટે પડી કે ચોરાઇ કે ખોવાઇ ના જાય માટે બેંકમાં જમા કરાવતા હોય છે અને જરૂરીયાત પડે એ.ટી.એમ. દ્વારા તેનો ઉપયોગ કરે છે. અમીરગઢમાં ત્રણ બેંક આવેલી છે. યુનિયન બેંક, સ્ટેટ બેંક અને દેના બેંક પણ યુનિયન બેંક અને દેના

અનુસંધાન પાના નં.૬

# ડીસા સહિત જિલ્લામાં કોલ્ડવેવની સ્થિતિ યથાવત



નરસિંહ દેસાઈ

## બે દિવસ બાદ ઠંડી ઘટવાની આગાહી

પ્રતિનિધિ વડાવળ

ડીસા પંથકમાં સતત ઠંડીનું જોર યથાવત રહેતાં પ્રજાજનોની હાલત કફોડી બની જવા પામી છે. ગતરોજ શુક્રવારના સીઝનનું સૌથી નીચું તાપમાન ૬.૪ ડીગ્રી નોંધાતાં સમગ્ર પંથકમાં કોલ્ડવેવની સ્થિતિ જોવા મળી હતી જે શનિવારના દિવસે પણ યથાવત રહેતાં નોંધાયેલ ૬.૬ ડીગ્રી તાપમાન વચ્ચે સમગ્ર વિસ્તારમાં શીત લહેર પ્રસરી જવા પામી છે. હવામાન વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી આગામી બે દિવસ સુધી સમગ્ર જિલ્લામાં ઠંડીનું પ્રમાણ જળવાઈ રહેશે ત્યારબાદ ધીરે ધીરે ઠંડીની વિદાય થવાની શકયતાઓ જોવા મળી રહેશે ત્યારે શિયાળાની અંતિમ ઠંડીને લઈને સમગ્ર પંથકમાં કોલ્ડવેવની સ્થિતિ જોવા મળતાં પ્રજાજનો સહિત પશુ પંખીઓની હાલત દયનીય બની જવા પામી છે. વૃદ્ધો સહિત નાના બાળકો પર ઠંડીનો અતિ પ્રભાવ જોવા મળતા બિમારીઓનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે.

# ભીલડી રેલવે કોન્સ્ટેબલની બદલી મામલે ઉગ્ર આક્રોશ



ભરત સુંદેશા

## બદલી નહી રોકાય તો ગોપાલ સેના અને ઓબીસી એકતા મંચની રેલ રોકો આંદોલનની ચિમકી

ડીસા

ભીલડી રેલવે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતાં કર્મચારીઓએ ઓગષ્ટ માસમાં ભીલડી રેલવે સ્ટેશને એક શખ્સે ગેરવર્તન કરતાં તેની સામે કાર્યવાહી કરી હતી. આ શખ્સ રાજકીય વગ ધરાવતો હોવાથી ત્રણ કર્મચારીઓની બદલી કરાવી હતી. જેમાં એક કર્મચારીને પરત ભીલડી પોલીસ સ્ટેશને લાવવા બુધવારે ઓબીસી એકતા મંચ તથા ગોપાલ સેના દ્વારા ડીસા રેલવેને રજૂઆત કરવામાં આવી હતી.ભીલડી રેલવે પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવતા નરસિંહભાઇ દેસાઇ સહિત અન્ય કર્મચારીઓ ઓગષ્ટ માસમાં રેલવે સ્ટેશન ઉપર ફરજ બજાવી રહ્યા હતા. ત્યારે એક શખસ દ્વારા રેલવે સ્ટેશન ઉપર ગેરવર્તન કરતા તેની સામે કાયદેસરની

અનુસંધાન પાના નં.૬

## આઝાદી વખતનું દાદા આદમવારીનું મકાન જોખમી...

# વાવ તાલુકા પંચાયત કચેરી માટે નવું મકાન બનાવવામાં અખાડા

### નવિન બિલ્ડીંગ માટેની તૈયાર ફાઇલ ગાંધીનગરની કમિશ્નર કચેરીમાં સહીમાં અટવાઇ પડી




વિષ્ણુ પરમાર

તા. પ્રતિનિધિ વાવ

વાવ તાલુકા પંચાયત કચેરીની વિશાળ જગ્યા છે પરંતુ ૧૯૪૮ ની સાલની એટલે કે અંદાજે ૭૦ વર્ષ જૂની દાદા આદમવારીની માત્ર રીનોવેશન અને રીપેરીંગના સહારાથી ચાલી રહી છે. સત્તાવાર સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર અંદાજે બે થી ત્રણ કરોડના ખર્ચે નવિન આકાર પામનાર વાવ તાલુકા પંચાયત કચેરીના બિલ્ડીંગની ફાઈલ ગાંધીનગર વિકાસ કમિશ્નરની કચેરી સુધી પહોંચી ચૂકી છે. માત્ર સહીની મંજૂરી બાકી રહી છે. જો કે, વાવ વિધાનસભા બેઠક ઉપરથી ચૂંટાયેલા શંકરભાઇ ચૌધરી અને પરબતભાઇ પટેલ દિગ્ગજો છે. તો વાવના વિકાસ માટે વાવ તાલુકા પંચાયતના નવિન બિલ્ડીંગ માટે મંજૂરી અપાવે તે જનહીતમાં છે. લોકસભા ૨૦૧૯

અનુસંધાન પાના નં.૬

## થરાદ - ઢીમા હાઈવે ઉપર ડમ્પર આગમાં લપેટાયું



વિષ્ણુ દવે

ડીસા હાઈવે પર શુક્રવારે ઈકો ગાડીમાં આગ લાગ્યા બાદ ગઈકાલે આગ લાગવાની ઉપરાઉપરી બીજી ઘટના બની છે. થરાદથી ઢીમા તરફ જતા રોડ ઉપર હાઈવા ડમ્પરમાં અચાનક આગ લાગતા દોડધામ મચી હતી. હાલ થરાદ-ઢીમા રોડની કામગીરી ચાલી રહી છે ત્યારે કપચી ખાલી કરવા આવેલ ડમ્પર વીજળીના જીવંત વાયરને સ્પર્શી જતા ડમ્પર આગમાં લપેટાઈ ગયું હતું. આ ઘટનાથી અફડા તફડી મચી ગઈ હતી. આ ઘટનામાં ડમ્પરના ટાયર બળીને ખાક થઈ ગયા હતા.વીજ લાઈનની નીચે

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ

# બનાસકાંઠાના યુવાનને રાષ્ટ્રીય સન્માન મળ્યું !




ડીસા

માત્ર દશ મહીનાની બાળવયે બન્ને પગે પૉલિયોનો ભોગ બનેલ વ્યક્તિ જ્યારે આગળ જતાં ૧૫૦ જેટલા વ્યક્તિઓ માટે રોજગારીનું સર્જન કરે તો એ એક ચમત્કાર ગણાય અને આવા જ ચમત્કારના સર્જક એવા સુરેશ લાલણનું તા.૦૩/૧૨/૨૦૧૮ ના રોજ વિજ્ઞાનભવન દિલ્હી ખાતે માનનિય ઉપરાષ્ટ્રપતિ મહોદયના હસ્તે, ત્રણ કેન્દ્રીય મંત્રીઓ અને મહેમાનોની હાજરી વચ્ચે યોજાયેલ એકભવ્ય સમારંભમા સ્વરોજગારી કરતા શ્રેષ્ઠ વિકલાંગ વ્યક્તિ

અનુસંધાન પાના નં.૬


**વેચવાનું છે**

તાત્કાલિક ટેનામેન્ટ વેચવાનુ છે પ્લોટ એરીયા ૧૦૦૦ ચો.ફૂટ બાંધકામ ઉપર - નિચે ૧૭૦૦ ચો.ફૂટ નીચે ફુલ ફર્નિચર સાથે હોલ, કીંચન, બેડરૂમ, સ્ટોર રૂમ, ટોયલેટ, બાથરૂમ ઉપર, ત્રણ રૂમ કિંચન, ડબલ ટોયલેટ પોર્ચ પાર્કિંગ કોમન પ્લોટ ફ્રન્ટ ગોલ્ડન પાર્ક સોસાયટી, મકાન નં.સી/૬૮ એગોલા રોડ, હનુમાન ટેકરી, પાલનપુર

મો.૯૪૨૬૪ ૮૭૬૪૬, ૯૪૨૯૦ ૩૧૧૭૧






વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન

વિશ્વ ઉમિયાધામ-અમદાવાદ

નિર્માણની ઐતિહાસિક ઘડી નવખંડ ધરતીના ભકતજનો ઓનલાઈન નિહાળશે.
આ ઐતિહાસિક પ્રસંગે જગતજનની મા ઉમિયાના મહાપૂજનમાં

માત્ર ૧૧૦૦૦ પાટલા યજમાન નોંધવાના છે.

તા.૨૨-૦૨-૨૦૧૯ સુધીમાં દરેકે વહેલા તે પહેલાના ધોરણે અચૂક રજિસ્ટ્રેશન કરાવી લેવા વિનંતી
રોકડા - ચેક અથવા Online Registration કરી શકાશે.
www.vishvumiyafoundation.org

મા ઉમિયાની મહાપૂજાના પાટલા યજમાન થવાના રૂા.૧૧૦૦૦/-

વધુ રકમના એટલે કે રૂા. ૩૧૦૦૦/- ૫૧૦૦૦/- ૭૧૦૦૦/- ના પાટલાની નોંધ પણ કરાવી શકાશે.
પૂજા માટે માતાજીની મૂર્તિ - પાટલો - સ્થાપન - આસન - તમામ પૂજાપો, બધું જ સંસ્થા તરફથી મળશે.
જે પાટલા યજમાને પોતાના ઘરે લઈ જવાનું છે.

: મા ઉમિયાની મહાપૂજા : સમય - સવારે ૮:૦૦ થી ૧૦:૦૦

: ભૂમિપૂજન : સમય - બપોરે ૧:૦૦ કલાકેથી

જગતજનની મા ઉમિયાની સૌથી વિશાળ પ્રતિમાના દર્શન | સાંસ્કૃતિક કાર્યક્રમો | પ્રદર્શન - પાટીદારોના ઈતિહાસ - રેટ્રોથી મેટ્રો સુધી

જગતજનની મા ઉમિયાની કૃપાથી આ દિવસે "ભકતજનોનો મહાકુંભ" રચાશે
અને ઈતિહાસનો નવો અધ્યાય સુવર્ણ અક્ષરે લખાશે.

રજિસ્ટ્રેશન કાર્યાલય : ''વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન'' ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે, એસ.જી.હાઈવે, સોલા, અમદાવાદ-૬૦. સંપર્ક - ૭૨૦૨૦ ૮૦૩૩૩, ૬૩૫૬૨ ૫૨૩૬૫

નિર્માણ સ્થળ : ''વિશ્વ ઉમિયાધામ'' જાસપુર રોડ, વૈષ્ણોદેવી મંદિર સામે, એસ.જી.હાઈવે, અમદાવાદ

ચાલો ! મનાવીએ મા ઉમિયાનો સૌથી મોટો મહાપૂજાનો ઉત્સવ

ભૂમિપૂજન સમારોહમાં સર્વ જ્ઞાતિબંધુઓ આમંત્રિત છે.